
# કવિજુણાં
# કપારણોં



ઉપાધ્યાય
શ્રી અમરમુનિજી

શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળા-૧૦

# કવિજીનાં કથારત્નો

લેખક
ઉપાધ્યાય શ્રી અમરમુનિજી
(કવિજી મહારાજ)

અનુવાદક
રતિલાલ દીપચંદ દેસાઈ

પ્રાપ્તિસ્થાન
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો અમદાવાદ

**મુંબઈમાં પ્રાપ્તિસ્થાન**

(૧) અશોક કાંતિલાલ કોરા
    ૪૮, ગોવાલિયા ટેંક રોડ,
    મુંબઈ–૨૬

(૨) મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
    ગોડીજી બિલ્ડિંગ, પહેલે માળે,
    ૨૦, પાયધુની, મુંબઈ–૨

○

પહેલી આવૃત્તિ . ઑગસ્ટ, ૧૯૬૮
મહાવીર નિર્વાણ સંવત ૨૪૯૪
વિક્રમ સંવત ૨૦૨૪

○


કિંમત રૂ. [illegible]


⊙

**પ્રકાશક :**
અશોક કાંતિલાલ કોરા
૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ–૨૬

⊙

**મુદ્રક :**
ઠાકોરલાલ ગોવિંદલાલ શાહ
શારદા મુદ્રણાલય
પાનકોર નાકા, જુમ્મા મસ્જિદ સામે
અમદાવાદ





મમતાની મીઠી વીરડી,

સમતાનો ભંડાર,

વાત્સલ્યનું વટવૃક્ષ,


પૂજ્ય સ્વર્ગસ્થ સાધ્વીજી મહારાજ

**શ્રી શીલવતીશ્રીજીની**

**પુણ્યસ્મૃતિને**

**શ્રદ્ધા, ભક્તિ, આદરપૂર્વક**

**સમર્પણ**



## શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળા

**૧. ચાર તીર્થંકર** પંડિત શ્રી સુખલાલજી
ભગવાન ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીના જીવનને લગતા ચિંતનપૂર્ણ લેખોનો સંગ્રહ ૧–૫૦

**૨. ધૂપસુગંધ**
જુદા જુદા લેખકોની ૧૮ વાર્તાઓનો સંગ્રહ ૧–૫૦

**૩. પદ્મપરાગ** રતિલાલ દી. દેસાઈ
ભગવાન મહાવીરના ૨૧ પ્રેરક પ્રસંગો તેમ જ બીજી ધર્મકથાઓનો સંગ્રહ ૧–૫૦

**૪. જૈનધર્મનો પ્રાણ** પંડિત શ્રી સુખલાલજી
જૈનધર્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિનો સરળ ભાષા અને રોચક શૈલીમાં પરિચય કરાવતા લેખોનો સંગ્રહ ૨–૦૦

**૫. શ્રી 'સુશીલ'ની સંસ્કારકથાઓ**
સંસ્કારપોષક ૧૨ વાર્તાઓનો સંગ્રહ ૧–૫૦

**૬. તિલકમણિ** શ્રી જયભિખ્ખુ
સોળ રસપૂર્ણ સુંદર સંસ્કારકથાઓ ૧–૫૦

**૭. જૈનધર્મચિંતન** પં. શ્રી દલસુખભાઈ માલવણિયા
બ્રાહ્મણ અને બૌદ્ધધર્મ સાથે તેમ જ બીજી રીતે પણ જૈનધર્મનું તત્ત્વ સમજાવતા ચિંતનપૂર્ણ લેખોનો સંગ્રહ ૧–૫૦

**૮. જૈન ઇતિહાસની ઝલક** મુનિ શ્રી જિનવિજયજી
જૈન મહાપુરુષો અને ગૌરવપૂર્ણ જૈન ઇતિહાસનું દર્શન કરાવતા અભ્યાસપૂર્ણ લેખોનો સંગ્રહ ૨–૦૦

**૯. મહાયાત્રા** રતિલાલ દી. દેસાઈ
અગિયાર વાર્તાઓનો સંગ્રહ ૧–૬૦

# સંતોષ અને આનંદ

આ પુસ્તકના પ્રકાશન સાથે આ ગ્રંથમાળાને દસ વર્ષ પૂરાં થાય છે ત્યારે, પુસ્તક–પ્રકાશનરૂપે, માતા સરસ્વતીની નમ્રાતિનમ્ર ભક્તિ કરતા એક તબક્કો પૂરો કર્યાનો સંતોષ અને આનંદ અમે અનુભવીએ છીએ

મારા નાના ભાઈ સ્વર્ગસ્થ શ્રી જગમોહનદાસની મધુર સ્મૃતિને દર વર્ષે અમે આવું એકાદ સાહિત્ય-સુમન અર્પણ કરી શકીએ છીએ, એ અમારા જીવનનો એક લહાવો છે અને વિશેષ આહ્લાદ તો અમને એ વાતનો છે કે સ્વર્ગસ્થ ભાઈને સંભારીને આંસુભરી શોકાંજલિ આપવાને બદલે સરસ્વતીની પ્રસાદીરૂપ સંસ્કાર-અંજલિ અર્પણ કરવાની સદ્બુદ્ધિ પરમાત્માએ અમને સુઝાડી

આ દસમા પુસ્તકરૂપે અમે પૂજ્ય ઉપાધ્યાય કવિવર શ્રી અમરમુનિજી મહારાજની આવી સુંદર રચના મેળવી શક્યા છીએ, એ આ ગ્રંથમાળાની વિશેષ ખુશનસીબી છે આવી વાત્સલ્યસભર ઉદારતા માટે અમે એ સંતપુરુષના ખૂબ ખૂબ આભારી છીએ

દર વર્ષની જેમ આ પુસ્તકની પસંદગી, એમાંની વાર્તાઓની પસંદગી, અને બધી વાર્તાઓનો અનુવાદ અમારા મિત્ર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ કરેલ છે.

આ ગ્રંથમાળા સાથે જેઓ શરૂઆતથી જ સંકળાયેલા હતા, તે અમારા સહૃદય મિત્રો અને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના માલિકો શ્રી શંભુભાઈ તથા શ્રી ગોવિંદભાઈ અમારી પુસ્તકમાળાના દસમા વર્ષમાં વિદેહ થયા છે, એ અમારા માટે મોટી ખોટ છે અમે એમને અમારી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ

આ પુસ્તક ટૂંકા સમયમાં શારદા મુદ્રણાલયે છાપી આપ્યું છે, તે માટે એના સંચાલકોને અમે ધન્યવાદ આપીએ છીએ

૪૮, ગોવાલિયા ટૅંકરોડ, મુંબઈ–૨૬ **કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા**

તા ૧૭–૮–૬૮

ક. પ્રે

# વાત્સલ્યમૂર્તિની મધુર પ્રસાદી

શરદપૂર્ણિમાનો નિર્મળ ચંદ્ર શીળી અને સ્વચ્છ ચાંદની વરસાવીને સૌને કેવો આહ્લાદ આપે છે! એવા જ છે, સૌના વહાલસોયા પૂજ્ય ઉપાધ્યાય શ્રી અમરમુનિજી. સૌ પરિચિતો એમને 'કવિજી મહારાજ'ના આદર અને ઊર્મિભર્યા નામથી ઓળખે છે.

સાચે જ, તેઓ કવિ છે માનવતાની, વિશ્વમૈત્રીની અને આત્મશુદ્ધિની કવિતાના તેઓ કસબી છે એમના શબ્દે શબ્દે સંવેદનશીલતા, સહાનુભૂતિ અને સહૃદયતાનો રસ ઝરતો હોય છે

કવિજી મહારાજ વાત્સલ્યના મોટા સોદાગર છે એમનું જીવન જાણે વાત્સલ્યની લબ્ધિ, વાત્સલ્યની લહાણી અને વાત્સલ્યની સાધનાને સમર્પિત થયું છે, અને કલેશ-કંકાસ, રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અસૂયા, છળ-પ્રપંચ કે ખંડન-મંડન એમને ક્યારેય ખપતા નથી! મૈત્રી, મમતા અને મહાનુભાવતાની અખંડ ઉપાસનાને તેઓ વરેલા છે એમની આસપાસ સદાય પ્રેમનું મધુર વાતાવરણ પમરતું હોય છે ખરેખર, તેઓ વાત્સલ્યમૂર્તિ છે ધર્મવાત્સલ્ય, વિશ્વ-વાત્સલ્ય અને આત્મવાત્સલ્યનો સુભગ અને સર્વમંગલકારી ત્રિવેણી-સંગમ એ એમની અખંડ જીવન-સાધનાનું નિર્મળ ધ્યેય છે

શ્રી અમરમુનિજી મહારાજના પરિચયમાં આવનાર કોઈને પણ એમ જ લાગવાનું કે તેઓ મારા છે, મને એમણે પોતાનો બનાવી દીધો છે, અને એમની મમતા મારા ઉપર વરસી રહી છે : આવું ઉમદા, ઉદાર અને ઉદાત્ત છે કવિજી મહારાજનું હૃદય!

કવિજી મહારાજની મધુર અને હૃદયસ્પર્શી વાણી અને એમનો આત્મીયતાભર્યો નિખાલસ વ્યવહાર એમની નિર્મળ વિચારસરણીની સાક્ષી પૂરે છે દંભ તરફ તેઓને નફરત છે, બાહ્ય આડંબરો એમને આકર્ષી શકતા નથી તેઓએ મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં એકરૂપતા સાધીને સાચી સાધુતા મેળવી છે, અને **चित्ते वाचि क्रियायां च महतामेकरूपता** એ ઉક્તિને સાર્થક કરી છે

તેઓ આવી બધી ગુણસંપત્તિની પ્રાપ્તિ કરી શકયા તેનું કારણ છે, તેઓની જ્ઞાન અને ચારિત્રની નિર્મળ સાધના તેઓના જ્ઞાનમાં આચરણનું બળ ભળેલું છે અને તેથી જ તેઓ જીવનસુધારણા અને વિશ્વકલ્યાણની દૃષ્ટિથી જ અધ્યયન–અધ્યાપન અને સાહિત્ય–સર્જનરૂપે જ્ઞાનની ઉપાસના કરતા રહે છે તેઓની ચારિત્રભાવના ઉપર હમેશાં જ્ઞાનનો પ્રકાશ પથરાયેલો રહે છે, તેથી તેઓ શુષ્ક, જડ અને બાહ્ય ક્રિયાકાંડો તરફ ભાગ્યે જ ખેંચાઈ જાય છે બુદ્ધિ, હૃદય અને આત્માને નિર્મળ બનાવે, એ જ સાચું ચારિત્ર—એવી એમની સ્પષ્ટ દૃષ્ટિ છે તેઓ જ્ઞાન-ચારિત્રના હાર્દને સમજનાર અને એની નિષ્ઠાપૂર્વક ઉપાસના કરનાર સાચા શ્રમણ, સાચા સંત છે.

વળી, એમની જ્ઞાનોપાસના જેવી નિષ્ઠાભરી છે, એવી જ વ્યાપક અને ઉદાર છે વિદ્યા-સાધનામાં એમને મારા-તારાપણાનું વળગણ ક્યારેય સતાવી શકતું નથી કોઈ પણ ધર્મ, દેશ, સમાજ, સંસ્કૃતિ કે પ્રજાના સાહિત્યનું તેઓ ગુણગ્રાહક અને સત્યગ્રાહક દૃષ્ટિથી, આદરપૂર્વક વાચન અને ચિંતન કરે છે, અને એમાંથી અધ્યયન યોગ્ય સામગ્રીનું અધ્યયન પણ કરતા રહે છે જૈનધર્મ, દર્શન અને સંસ્કૃતિના સાહિત્યના તો તેઓ અધિકૃત અને મર્મજ્ઞ વિદ્વાન છે જ; પણ સાથે સાથે વૈદિક અને બૌદ્ધ ધર્મના ગ્રંથોનું પણ તેઓએ સારું અધ્યયન–પરિશીલન કર્યું છે અને એટલું જ શા માટે? ખ્રિસ્તીધર્મ કે ઇસ્લામધર્મ જેવા બહારના ધર્મોના સાહિત્યનું વાચન પણ કંઈ એમની વિદ્યા-ઉપાસનાની સીમાની બહાર નથી રહી ગયું આવી વ્યાપક વિદ્યાપ્રીતિને લીધે એમનું જીવન ખૂબ સમૃદ્ધ બની શક્યું છે એમની આવી વિરલ જ્ઞાનસમૃદ્ધિની સુરેખ છાપ એમની વાણીમાં અને એમના સાહિત્યમાં આપણને જોવા મળે છે

આમ તો તેઓ એક ધર્મગુરુ છે, પણ એમનામાં વિકસેલી સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિને કારણે તેઓ એક સાચા લોકગુરુ બની શક્યા છે કોઈ પણ પ્રશ્નનો તેઓ ધાર્મિક, સામાજિક અને

રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચાર કરી શકે છે, અને એ દૃષ્ટિએ જ એનો ઉકેલ શોધવાની પ્રેરણા આપે છે આપણા જે ગણ્યાગાંઠ્યા સાધુ-મુનિરાજો, સત્ય અને અહિંસાની સાધનાના પવિત્ર સગપણે, પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવન, કાર્ય અને સાહિત્યની મહત્તા સમજી શક્યા હતા, તેઓમાં કવિજી મહારાજનું સ્થાન મોખરે છે; એટલું જ નહીં, એમના જીવનઘડતર ઉપર પણ એની કેટલીક છાપ પડેલી દેખાય છે અહિંસાપ્રધાન સંસ્કૃતિના ઉપાસકે તો સદાય સમભાવના ઉપાસક બનીને ગુણગ્રાહક અને સત્યશોધક બનવું ઘટે. કવિજી મહારાજે જીવનમાં પચાવેલ અનેકાંતવાદની ભાવનાનું જ આ સુપરિણામ છે

કવિજી મહારાજ જેમ જન્મે ક્ષત્રિય છે, તેમ કર્મે પણ ક્ષત્રિય છે બીજાને પોતા તરફથી અન્યાય કરવો નહીં, બીજાના અન્યાયની સામે શિર ઝુકાવવું નહીં અને નબળાનું અને ન્યાય-નીતિના પક્ષનું રક્ષણ કરવું, અને છતાં ક્યારેય ક્રોધ કે રાગદ્વેષના આવેશમાં શ્રમણ જીવનના સારરૂપ સમભાવની સાધનામાં ક્ષતિ આવવા દેવી નહીં, એ એમનું જીવનવ્રત છે, અને એ માટે તેઓ સદા જાગ્રત રહે છે

આવું પ્રેમળ, ઉજ્જ્વળ અને નિર્મળ છે એ સંતનું વ્યક્તિત્વ.

*

કવિજી મહારાજની જન્મભૂમિ પંજાબ તો શૌર્ય અને ભક્તિનું સંગમસ્થાન છે એમનું જન્મસ્થાન જૂના પટિયાલા રાજ્યમાંનું નારનૌલ (ગોધા) ગામ જ્ઞાતિ ક્ષત્રિય પિતાનું નામ લાલસિંહ માતાનું નામ ચમેલીદેવી વિ સં. ૧૯૬૨ની શરદ પૂર્ણિમાએ એમનો જન્મ. નામ અમરસિંહ.

અમરસિંહના પિતાજીને જૈન સંતોનો સંગ બહુ ગમતો એ સંતોના તપ, ત્યાગ અને સંયમથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. જૈનધર્મ પ્રત્યેની રુચિના આ સંસ્કાર અમરસિંહમાં પોષાયા અને એક દિવસ અમરસિંહ વીતરાગ તીર્થંકરના ધર્મમાર્ગના પુણ્ય–

પ્રવાસી બની ગયા એમણે સ્થાનકવાસી ફિરકાના પ્રભાવક સત શ્રી મોતીરામજી મહારાજ પાસે, મુજફ્ફરનગર જિલ્લાના ગગેરૂ ગામમા, શ્રી પૃથ્વીચદજી મહારાજના શિષ્ય તરીકે, દીક્ષા અંગીકાર કરી એ પુણ્ય દિવસ તે વિ સં ૧૯૭૬ના મહા સુદિ ૧૦. એ દિવસે યૌવન-ના ઉંબર ઉપર પગ ધરતા પદર વર્ષના અમરસિહ અમરમુનિ બનીને ભોગ-વિલાસનો પંથ તજીને ત્યાગ-વૈરાગ્યના સાધક બની ગયા.

અમરમુનિને તો જાણે મનભાવતા ભોજન મળી ગયા જેવું થયુ. એ તો મન-વચન-કાયાથી જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં લાગી ગયા મનમાં કંઈ કઈ વિદ્યાઓ ભણવાની અને કેવા કેવા ઉપાયો યોજીને સમતાની સાધના કરવાની લાગણીઓ ઊભરાતી હતી! ગુરુ પણ પોતાના શિષ્યના ખમીર, તેજ અને ઉલ્લાસને બરાબર પારખી ગયા; અને એમણે વિદ્યાભ્યાસની પૂરેપૂરી મોકળાશ અને બધી સગવડ કરાવી આપી સુવર્ણમાં સૌરભ ભળી જોતજોતામાં અમરમુનિજી શાસ્ત્રોના પારગામી જ્ઞાતા, વિવિધ વિષયોના મર્મજ્ઞ વિદ્વાન, મનોહર કવિતાના સર્જક, સિદ્ધહસ્ત લેખક, મર્મસ્પર્શી વિચારક, માનવધર્મના પ્રચારક અને હૃદયસ્પર્શી વક્તા બની ગયા.

પછી તો પ્રગતિશીલતા, સસ્કારિતા અને સુધારકતા એમના ધર્મકાર્યના મુખ્ય અંગ બની ગયાં અને એમણે જનસમૂહના વિકાસને રુંધતી સંકુચિતતા સામે જેહાદ જગાવી.

શ્રી અમરમુનિજી જેવા શાસ્ત્રાભ્યાસી છે એવા જ સમયજ્ઞ અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પારખુ છે સમાજે કે સઘે પોતાનું અસ્તિત્વ અને હીર ટકાવી રાખવા માટે ક્યારે શું કરવાની જરૂર છે, તે તેઓ બરાબર સમજે છે તેઓએ તથા પૂજ્ય શ્રી મદનલાલજી મહારાજે સ્થાનકવાસી શ્રમણ સંઘની એકતા માટે ૧૬-૧૭ વર્ષ પહેલાં અપાર પરિશ્રમ ઉઠાવીને સાદડી સમ્મેલનને સફળ બનાવ્યું હતું, એ ઘટના કવિજી મહારાજ તેમ જ સ્થાનકવાસી સંઘના ઇતિહાસમાં સોનેરી અક્ષરોએ અકિત બની રહે એવી છે

કવિજી મહારાજ તો જૈનધર્મના સાચા પ્રતિનિધિ છે કોઈ પણ વ્યક્તિ પ્રત્યે, એના નીચ–ઉચ્ચ કુળના જન્મને કારણે, ન તો તેઓ દ્વેષ ધરાવે છે કે ન રાગ રાખે છે તેઓ તો સંસ્કારિતાના સાચા પ્રચારક અને પ્રેમી છે અને એ રીતે એમણે અનેક વાર હરિજનોને કે બીજા હલકા કહેવાતા વર્ગના માનવીઓને આવકાર્યા છે, અને એમને ત્યાંથી ભિક્ષા સુધ્ધાં લીધી છે. માનવી સાચો માનવી બને અને માનવતાનો પ્રચાર થાય એ એમની તીવ્ર ઝંખના છે

આ મુનિવરના તેમ જ મુનિવર્ય શ્રી મદનલાલજીનાં પહેલવહેલાં દર્શન, સને ૧૯૫૨ માં, એમના પાલનપુરના ચતુર્માસ વખતે, પૂ પંડિત શ્રી બેચરદાસજી સાથે થયાં હતાં જ્યારે કવિજી મહારાજે, વ્યાખ્યાનની પાટેથી, પ શ્રી બેચરદાસજીને પોતાને વિદ્યાઅભ્યાસ કરાવનાર ગુરુ તરીકે બિરદાવ્યા, ત્યારે એ મુનિવરની નમ્રતા, નિખાલસતા અને ઉદારતાએ જાણે મનને વશ કરી લીધુ આજે પણ મન ઉપર એ દૃશ્ય અને એ વાણી જાણે કોતરાઈ ગયાં છે

એમની ઉમર તો અત્યારે ૬૩ વર્ષ જેટલી જ છે; પણ જ્ઞાનસાધના, સયમની આરાધના અને લોકસેવાને કારણે એ પ જાળી પડછંદ કાયાને પણ કઈક ઘસારો લાગી ગયો છે એટલે મોટે ભાગે તેઓને, સ્વાસ્થ્યને ખાતર, આગરામાં રહેવુ પડે છે

સાહિત્યની ઉપાસના અને સાહિત્યનુ સર્જન એ એમનો જીવનરસ છે અને આ પુસ્તક તેઓની જ એક મધુર પ્રસાદી છે

હવે આ પુસ્તક અંગે જ થોડીક વાત કરીએ

કદ સાવ નાનું અને કિંમત ઘણી વધારે, એ રત્નની વિશેષતા આ પુસ્તકમાં સગ્રહેલી કથાઓનુ પણ એવુ જ છે : કથા નાની, પણ એમાંથી મળતો જીવનબોધ બહુ મહત્ત્વનો અને ચોટદાર હોય છે. આ કથાઓ અંગે અહી વિવેચન કરવાની જરૂર નથી; કથાઓ

## પોતે જ પોતાની વાત કહે એ જ ઉચિત છે

કવિજી મહારાજે રચેલ કથાઓ, કવિતાઓ, સામાજિક-ધાર્મિક-રાષ્ટ્રીય નિબધો–લેખો અને જીવનચરિત્રો જોઈને એમ જ લાગે છે કે એમની કલમમાંથી સતત કાવ્યમાધુર્ય ઝરતું રહે છે—ભલે પછી એ ગદ્યરૂપે હોય કે પદ્યરૂપે વળી, એમની રચનાઓ જોઈને એમ પણ થાય છે કે તેઓ કેવળ સાહિત્ય-સર્જનને જ વર્યા હોત તો કેવી કેવી ઉત્તમ અનેકાનેક કૃતિઓ આપી શકત ! પણ જેમને આત્મમંથન દ્વારા સચ્ચિદાનદનું અમૃત મેળવવુ હોય એમને આવો મોહ કેવી રીતે સ્પર્શી શકે ? એમને માટે તો સાહિત્ય-અધ્યયન અને સાહિત્ય-સર્જન બન્ને નિજાનંદનું અને સત્યની શોધનુ માત્ર સાધન જ બની રહે છે. કવિજી મહારાજનું પણ એવું જ છે

આ સગ્રહમા આપેલી કથાઓ કવિજીનાં જુદાં જુદા પુસ્તકોમાંથી તેમ જ “ શ્રી અમર ભારતી ” નામના સન્મતિ જ્ઞાનપીઠના માસિકમાંથી પસંદ કરવામાં આવી છે કઈ કથા ક્યાંથી લેવામા આવી છે, એનો સ્થળનિર્દેશ દરેક કથાને અતે આપવામાં આવ્યો છે. કવિજી મહારાજનુ બધું સાહિત્ય હિદીમાં લખાયેલું છે એમની ભાષા સુમધુર અને શૈલી સરળ અને હૃદયહારી છે આ બધી કથાઓનો અનુવાદ મે કર્યો છે મોટેભાગે તો અનુવાદ શબ્દશઃ જ કર્યો છે, છતા ગુજરાતી ભાષામાં મૂળ કથા સરખી રીતે ઊતરે એ માટે શબ્દોમા ફેરફાર કરવાની તથા ક્યાક વર્ણન ટૂકાવવા પૂરતી છૂટ મે લીધી છે કથાઓનુ નામકરણ પણ મોટે ભાગે મેં જ કર્યું છે

આ કથાઓનુ ઘડતર એને બોધકથાઓ કહી શકીએ એવું છે અને મોટા મોટા સિદ્ધાંતોની ચર્ચા કે લાબો લાંબો ઉપદેશ જે કામ ન કરી શકે એવી સચોટ ચોટ આમાંની કેટલીય કથાઓ ચિત્ત ઉપર કરી જાય છે, અને આપણને આપણી ટેવો–કુટેવો માટે વિચાર કરતા કરી મૂકે છે કેટલીક કથાઓનો અનુવાદ કરતાં મેં પોતે પણ આવી અતર્મુખ લાગણીનો થોડોક અનુભવ કર્યો છે

કવિજી મહારાજના બીજા સાહિત્યની વાત બાજુએ રાખીને, અને કેવળ આ કથાઓની દૃષ્ટિએ પણ વિચાર કરીએ તો તેઓના વિશાળ વાચન, તેઓની ઉદાર દૃષ્ટિ અને માનવતા ઉપરના એમના સાચા પ્રેમ માટે અંતરમાં આદરની લાગણી જન્મ્યા વગર રહેતી હતી. એમાંય જાતઅનુભવની કથાઓ તો એમાં વિશેષ ભાત પાડે એવી છે.

શ્રી અમરમુનિજીનું બધું સાહિત્ય આગરાના સન્મતિ જ્ઞાનપીઠ તરફથી પ્રગટ થયું છે આ સંસ્થાની સ્થાપના સને ૧૯૪૫માં થયેલી છે કવિજી મહારાજની આ કથાઓનો અનુવાદ કરવાની અનુમતિ, તેઓની મારફત, સન્મતિ જ્ઞાનપીઠ પાસે માંગતાં, ભાઈશ્રી શ્રીચંદજી સુરાણાએ, પ્રેમપૂર્વક તરત જ અનુમતિ આપી, જરૂરી પુસ્તકો મોકલ્યાં અને બધો સહકાર આપવા લખી જણાવ્યું. સૌજન્ય-ભરી તેઓની આ ઉદારતા માટે હું એમનો હૃદયપૂર્વક આભાર માનુ છુ પૂજ્ય કવિજી મહારાજ તો અમારા શિરછત્ર જેવા છે, એટલે એમનો આભાર હું શી રીતે માની શકુ ? એમની પાસે તો એમના વાત્સલ્યની જ યાચના કરુ છુ અને એમની આવી મધુર પ્રસાદી રજૂ કરવાનો અવસર મળ્યો, એ માટે આહ્લાદ અનુભવું છે.

આવો આહ્લાદ મળવાનો બધો યશ, આ પુસ્તકમાળાના સ્થાપક અને મારા સહૃદય મિત્ર ભાઈ શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરાને (અમારા સૌના આદરપાત્ર સ્વજન શ્રી કોરાસાહેબને) ઘટે છે તેઓ જે ભાવનાશીલતાથી, એકલે હાથે, આ પુસ્તકમાળાના ખર્ચને બરદાસ્ત કરે છે, એ દાખલારૂપ છે

કવિજી મહારાજનો સંપર્ક સંતસમાગમ અને સદ્‌વાચન એ બન્નેની ગરજ સારે એવો ઉમદા છે. એમના આ કથારત્નો આપણને એમની આત્મલક્ષી જ્ઞાનગરિમાનું દર્શન કરાવીને અંતર્મુખ થવા પ્રેરે, એવી પ્રાર્થના સાથે આ નિવેદન પૂરુ કરું છું

માદલપુર, અમદાવાદ-૬
વિ સં ૨૦૨૮, પર્યુષણનો પ્રથમ દિવસ **રતિલાલ દીપચંદ દેસાઈ**
તા ૨૦-૮ ૬૮

# અનુક્રમ



૧ મહાકરુણા ૧
૨ સાચુ ધન ૭
૩ પહેલો સાથી, પછી સ્વર્ગ ૯
૪ પૈગંબરની દયા ૧૦
૫ દેહ નહી, દેશ ૧૨
૬ સત્યનુ બળ ૧૪
૭ તારામાં પ્રેમ છે ? ૨૨
૮ સત્તા અને જવાબદારી ૨૪
૯ ભૂલ મારી ૨૫
૧૦ સાચું સત્ય રોટી ૨૭
૧૧ ફક્ત રોટી ૨૯
૧૨ દીપ જલતો રહ્યો ૩૧
૧૩ પાદડાનેય દુઃખ થાય ૩૪
૧૪ પાણી તો પાણી છે ૩૫
૧૫ મારે જાતિ નથી પીવી ૩૭
૧૬ ક્રોધ ચડાળ છે ૩૮
૧૭ કોને ખસેડુ ૩૯
૧૮ એની માતા ઝૂરી મરશે ૪૧
૧૯ હુ લોહી નથી પીતો ૪૬
૨૦ વેશ્યાના પૈસાનુ મકાન ૪૮
૨૧ શબ્દ કરતાં ભાવ વધે ૪૯
૨૨ હુ આપને ઓળખુ છુ પર
૨૩ પહેલો નમસ્કાર ૫૪
૨૪ બાળકને ન રોકશો ૫૫
૨૫ ગર્વ ઊતરી ગયો ૫૬
૨૬ આત્માનો વાસ ૫૮
૨૭ હોય તેવો રસ ટપકે ૬૧
૨૮ આત્મ-સૌંદર્યની શોધમાં ૬૧
૨૯ મોક્ષનુ સુખ કેવું ? ૬૫
૩૦ દરજી અને મહત ૭૦
૩૧ કથની નહીં, કરણી ૭૧
૩૨ હાજરજવાબ ૭૩
૩૩ ભક્તાની કસોટી ૭૩
૩૪ સારા કામમાં શરમ કેવી ? ૭૭
૩૫ દેહનું પોષણ ૭૮
૩૬ ઢેકાનો જવાબ ૮૨
૩૭ ગુનો સમાજનો ૮૩
૩૮ ત્રણ મહાન દાક્તરો ૮૪
૩૯ ઉત્તમ વસ્ત્ર ૮૫
૪૦ આસક્તિ-અનાસક્તિ ૮૬
૪૧ માતાનુ હૃદય ૮૯
૪૨ જાત્રાળુના પ્રકાર ૯૦
૪૩ આમ્રપાલીનો જવાબ ૯૧
૪૪ રાજા અને સત ૯૪
૪૫ પત્નીની ટકોર ૯૫
૪૬ હવેલીઓ અને મિત્રો ૯૭
૪૭ ભાગ્યયોગ (બે પ્રસંગ) ૯૭
૪૮ મનનો કાટ ૯૯
૪૯ પ્રભુના પ્યારા ૧૦૧
૫૦ મારી ટેવ બગડી જાય ૧૦૨
૫૧ અખૂટ ભડાર ૧૦૩
૫૨ માનવી ઉપર આસ્થા ૧૦૫

૫૩ સાંકાના કટકા ૧૦૬
૫૪ અમૃતની વર્ષા ૧૦૭
૫૫ કોની ઉદારતા ચડે? ૧૦૮
૫૬ રસ્તો તો ચાલવાથી જ કપાય ૧૧૨
૫૭ નિર્દોષ શૌર્ય ૧૧૩
૫૮ દેશની સાચી મહત્તા ૧૧૪
૫૯ સંતોષી નામદેવ ૧૧૫
૬૦ બેઠા કંઈક હજાર. ૧૧૬
૬૧ તુંબડીનું સ્નાન ૧૧૭
૬૨ ધર્મફળનો અધિકારી ૧૨૧
૬૩ આપ સમાન બળ નહીં ૧૨૨
૬૪ જેવું મન તેવું માન ૧૨૩
૬૫ લગ્નનું વિસ્મરણ ૧૨૫
૬૬ જન-સેવા : મહાવીરની આજ્ઞા ૧૨૭
૬૭ ઝૂકે તે ટકે ૧૨૮
૬૮ જેવી ભાવના તેવી સિદ્ધિ ૧૨૯
૬૯ ગરીબોના બેલી ૧૩૩
૭૦ સહિષ્ણુતાનો જય ૧૩૫
૭૧ હાથની શોભા ૧૩૭
૭૨ અશાંતિનું મૂળ ૧૩૮
૭૩ ભલા રાષ્ટ્રપતિ ૧૩૯
૭૪ પતિ-પત્નીની સાધના ૧૪૦
૭૫ ચોરની ચોરી ૧૪૧
૭૬ બાપુજી ઘરમાં નથી ૧૪૪
૭૭ નેહરુજીની સાદાઈ ૧૪૫
૭૮ મોઢું સીવી લેવાથી શું ૧૪૬
૭૯ નશો ઊતરી ચૂક્યો ૧૪૮
૮૦ સાર તો કાઢી લીધો ૧૪૯
૮૧ દૃષ્ટિ તેવી સૃષ્ટિ ૧૫૦
૮૨ વખતની કિંમત (ચાર પ્રસંગો) ૧૫૧
૮૩ ફરતી સોનામહોર ૧૫૪
૮૪ અમરફળ ૧૫૬
૮૫ ગુલામોનો ગુલામ નહીં બનું ૧૫૭
૮૬ ખેતરને પાણી પાઉં છું ૧૫૮
૮૭ એ મારી માતા હોત તો ૧૫૯
૮૮ અપશુકનની સામે ૧૫૯
૮૯ વહુને શો અધિકાર ૧૬૧
૯૦ પીઠ નહીં બતાવું ૧૬૨
૯૧ પઠાણોનું આતિથ્ય ૧૬૩
૯૨ પોતાની જ ઉપાસના ૧૬૪

---

શ્રી કાવજી મહારાજ વિદ્વાનોને કહે છે. "દર્શનશાસ્ત્રીઓ! ભૂખ, ગરીબી અને અછતના પ્રકરણોથી ભરેલું ભૂખી જનતાનું પુસ્તક પણ વાચજો! ઈશ્વર અને જગતના પ્રશ્નો હલ કરતા પહેલા આ પુસ્તકના કોયડાને સમજવાનો પણ પ્રયત્ન કરજો!"

---



## શ્રદ્ધાંજલિ

**આ** પુસ્તકમાળા પ્રકાશિત કરીને દર વર્ષે જેમને અમે અમારી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ, તે મારા નાના ભાઈ શ્રી જગમોહનદાસને સ્મૃતિશેષ થયા તા ૧૬-૪-૧૯૬૮ ના રોજ દસ વર્ષ પૂરાં થયાં, છતાં હજી તો એમ જ લાગે છે કે ભાઈ જગમોહનદાસ હસતા-ખેલતા અને પોતાની ફરજ બજાવતા અમારી વચ્ચે હતા, એ જાણે ગઈ કાલની જ વાત છે! વખતને વીતતાં ક્યાં વાર લાગે છે!

આ યુગને જેમ યંત્રયુગ કહેવામાં આવે છે, તેમ અકસ્માતોના યુગ તરીકે પણ એની ઓળખાણ આપી શકાય એમ છે

આવો જ એક અકસ્માત અમને સ્પર્શી ગયો જગમોહનદાસ પોતાની કુશળતાને બળે એસોસીએટેડ સ્ટોન ( કોટા ) ઇન્ડસ્ટ્રીઝ લિ કંપનીના મેનેજર અને સેક્રેટરી તરીકેનો એવડો અધિકાર ધરાવતા હતા, અને રામગંજમંડીમાં રહેતા હતા. તા ૧૬–૪–૫૮ના રોજ તેઓ કંપનીના કામે ભોપાલ જતા હતા, ત્યારે એમને જીવલેણ મોટર અકસ્માત થયો; અને, ૩૬ વર્ષની ભરયુવાન વયે, તેઓ સદાને માટે વિદાય થયા !

અમારું મૂળ વતન ખેડા પણ અમારા પૂજ્ય પિતાશ્રી ઇજનેર હતા, અને એમનુ કાર્યક્ષેત્ર મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં ગોંડળ અને જામનગર હતુ ભાઈ જગમોહનદાસનો જન્મ જામનગરમા તા. ૨૪–૧૨–૧૯૨૧ના રોજ થયો હતો એમણે અર્થશાસ્ત્રમાં એમ એ ની તેમ જ બી કોમ ની ડિગ્રી મેળવી હતી અને ૩૨ વર્ષની ઉંમરે તેઓ એસોસીએટેડ સ્ટોન ( કોટા ) ઇન્ડસ્ટ્રીઝ લિ કંપનીમા જોડાયા હતા

આ સ્થાને રહીને એમણે કંપનીના ડાયરેક્ટરોને પૂરો સંતોષ આપ્યો હતો, તેમ જ મજૂરોના હિતનું પણ સારી રીતે જતન કરીને એમનોય ખૂબ ચાહ મેળવ્યો હતો. આ બિના ભાઈ જગમોહનદાસની સારમાણસાઈ, કાર્યકુશળતા અને કર્તવ્યનિષ્ઠાની સાખ પૂરે એવી છે ઉપરાત, રામગંજમંડીની જનતાની સેવા કરવાનુ પણ તેઓ ચૂકતા નહી કંપનીના મજૂરો અને રામગંજમંડીની જનતાએ સ્થાપેલ શ્રી કોરા બાલમંદિર એમની લોકચાહનાનુ સ્મારક બની રહેલ છે

અમે ચાર ભાઈઓ, અને ચાર બહેનો, એમાં ચારે ભાઈઓમાં જગમોહનદાસ ઉંમરે સૌથી નાના, પણ આવડત અને સેવાભાવમાં સૌથી ચડિયાતા હતા અંતર તો વારે વારે એ જ આક્રંદ કર્યા કરે છે કે કેટલી નાની ઉમરે એમને કાળનાં તેડાં આવ્યાં !

પ્રણ એ તેડાને રોકવા એ પામર માનવીના હાથની વાત નથી ! માનવી તો પોતાના સ્વજનની યાદમાં યથાશક્તિ સારું કામ કરી એને શ્રદ્ધાંજલિ આપી શકે સ્વર્ગસ્થ ભાઈનુ સ્મરણ અમને સત્કાર્યનુ પ્રેરક બને, એ જ પ્રાર્થના **—કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા**

# કવિજીનાં કથારત્નો

卐

# मानव - जीवन

अखिल विश्व में सब से ऊँचा—
जीवन, मानव-जीवन है ।

मानवता ही सबसे बढकर,
अजर, अमर अक्षय धन है ।

मानव तन पाकर भी जो नर,
जीवन उच्च बना न सका ।

समझो चिन्तामणि पाकर वह
निज-रंकत्व मिटा न सका ।

सज्जन औ, दुर्जन का अन्तर,
स्पष्ट शास्त्र यह कहता है ।

एक प्रशंसा सुन हर्षित हो,
एक दुःख में बहता है ।

प्राणों की आहुति देकर भी—
दुखियों का दुख दूर करे ।

हानि देखकर पर की सज्जन
अपने मन में झूर मरे ॥

*

शूद्र को मुक्ति नहीं, अफसोस है ! क्या कह रहे ?
वीर की तौहीन है, यह सोच लो, क्या कह रहे ?

૧

# મહાકરુણા

મહાપ્રભુ મહાવીરની આંખો કરુણા વરસાવી રહી : "સંગમ! તું કહે છે કે, તેં મને ઘણાં ઘણાં દુઃખ દીધાં, ઘણી ઘણી પીડા ઉપજાવી?"

'હા, મહાશ્રમણ! સાચે જ, મેં જે કર્યું તેથી હું પોતે જ શરમાઉં છું. આપને ચલાયમાન કરવા મેં શું કરવામાં બાકી રાખી? કષ્ટોનો વાવંટોળ ઊભો કર્યો. આપના શરીરના રોમરોમને વીંધી નાખ્યા. આપનો શિષ્ય બનીને લોકોમાં આપના પ્રત્યે તિરસ્કાર અને ઘૃણાની લાગણી પેદા કરી. અજ્ઞાની માણસોને આપની સામે ઉશ્કેર્યા એ માણસોએ આપના ઉપર પથરા ફેંક્યા, ઢેફાં નાખ્યાં; આપની પાછળ શિકારી કૂતરાઓ દોડાવ્યા; આપને ગાળો દીધી; ઘરોમાંથી હાંકી કાઢ્યા પ્રભુ! આ છ મહિના સુધી લોકોએ આપના તરફ જે ખરાબ વર્તન દાખવ્યું, એનું મૂળ હું છું! આપની આંતરિક સમાધિનો ભંગ કરવા માટે મેં આ બધું જ કર્યું : અપમાન! તિરસ્કાર! મારપીટ!"

"સંગમ! શું સાધક ક્યારેય અપમાનથી ગભરાય ખરો? યાતનાઓથી એ ચલાયમાન થાય ખરો? જ્યા માન-અપમાનની કે મારઝૂડ-તિરસ્કારની લાગણીનો અનુ-

ભવ થાય, ત્યાં સમતાની સાધના શી રીતે ટકી શકે? અને વળી, અપમાન, તિરસ્કાર અને મારપીટ કરવાવાળા તો બાપડા અજ્ઞાની હોય છે: એના ઉપર તો ક્રોધ નહીં પણ કરુણા કરવી ઘટે. એના ઉપર રોષ કરવાનું કોઈ કારણ નથી.” ભગવાનની વાણીમાં અખૂટ ધીરજનો ગંભીર નાદ ગાજતો હતો.

“ક્ષમાશ્રમણ! જ્યારે આપ અપમાન–તિરસ્કારથી ચલાયમાન ન થયા, સુશીલતા આપને આપના માર્ગથી ન ફેરવી શકી, ત્યારે મેં અનુકૂળ ઉપસર્ગો પણ કંઈ ઓછા ઊભા નહોતા કર્યા. એ નવયૌવનભરી સુંદરીઓ જ્યારે સોળે શણગાર સજીને ભોગની સામગ્રી સાથે આપની પાસે ભોગવિલાસની યાચના કરતી હતી, પોતાનાં અર્ધનગ્ન અને નગ્ન શરીરોથી જાતજાતની કામચેષ્ટાઓનું પ્રદર્શન કરતી હતી, ત્યારે પણ, મેં જોયું કે, આપ તો શૂન્ય–જડ પ્રતિમાની જેમ બિલકુલ નિષ્કંપ અને સ્વસ્થ હતા. દુનિયાની મોટામાં મોટી શક્તિઓને પણ ચંચળ અને ચલાયમાન કરી દેનારી સુંદરીઓના હાવભાવ સામે ન આપે પાંપણો ઊંચી કરીને નજર સરખી નાખી, કે ન એથી આપનું રૂંવાડુંય ફરક્યું. પ્રભુ! સાચું કહું છું, એ દિવસે મેં આપને ચલાયમાન કરવા માટે ઘણા દિવસોથી ચાલતા મારા પ્રયાસોની મનોમન હાર માની લીધી! ઊર્ધ્વવીર્ય તપસ્વી! ન શારીરિક કષ્ટો આપને ચલાયમાન કરી શક્યાં; ન સુખ-દુઃખ, માન–અપમાન, તિરસ્કાર અને પૂજા-અર્ચના આપની “ધ્યાન-સમાધિમાં વિક્ષેપ નાખી શક્યાં!” જાણે સંગમના પાષાણ જેવા કઠોર હૃદયના ઊંડાણમાંથી શ્રદ્ધા અને ભક્તિનું નિર્મળ ઝરણું વહેવા લાગ્યું.

મહાશ્રમણના પ્રશાંત મુખ ઉપર મધુર હાસ્યની

રેખાઓ ઊપસી આવી: "સંગમ! હું જાણું છું કે એ કઠોર ઉપદ્રવો, એ મોહક હાવભાવ અને હાસ-વિલાસ—એ બધું તેં જ ઊભુ કર્યું હતું પણ જો એ બધું તેં ઊભું કર્યું ન હોત અને સહજપણે આવી પડયું હોત, તોપણ શું એ બધાં પ્રલોભનોની સામે સાધક હારી જાત? દેહનાં કષ્ટો અને દેહનાં આકર્ષણો તો એને જ હરાવી શકે છે, જેનામાં દેહભાવ હોય. જે સાધક દેહાધ્યાસને—દેહ જ હું છું એવા ભ્રમને—વટાવી ગયો છે, વિદેહદશામાં સ્થિર છે, એને માટે આત્મા સિવાય બીજું બધું મિથ્યા છે, પ્રપંચ છે, છેતરામણ છે."

"ભગવાન! આપનું મનોબળ અજેય છે, આપનું ધૈર્ય અડોલ છે: દેવરાજ ઇન્દ્રે આપની આવી પ્રશંસા કરી હતી. મેં એને પડકાર કર્યો કે દેવની શક્તિની આગળ માનવીની શક્તિની શી વિસાત? અન્નના કીડા જેવા માનવીનું સાહસ અને મનોબળ શું દૈવી બળની સામે ટકી શકે ખરું? પણ મારા આ અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા! આપનું આત્મબળ સૌથી ચડિયાતું છે, એ વાત હું સ્વર્ગલોકના ખૂણે ખૂણે ગાજતી કરી દઈશ. મારા જેવો મોટો ઋદ્ધિશાળી દેવ પણ જ્યારે આપની સાધનાની શક્તિને હરાવી ન શક્યો, તો પછી ભવિષ્યમાં બીજો કોઈ પણ દેવ આપની કસોટી કરવાની હિંમત જ નહીં કરે પ્રભુ! મેં આપને અપાર કષ્ટ આપ્યા, ભયંકર યાતનાઓ આપી—એવી ભયંકર કે એની સામે પથ્થર પણ રોઈ ઊઠે! આ તો આપ હતા તે ટકી રહ્યા, બાકી આપના સિવાય બીજો કોઈ હોત તો એ તો ક્યારનો ન રહેત!" સંગમનું મનોબળ હારી ગયુ હતું, છતાં હજી પણ એનો પોતાની દૈવી શક્તિનો અહંકાર દૂર થયો ન હતો.

ત્યારે મહાશ્રમણની પાંપણો કંઈક ભીની થઈ ગઈ.

ભયંકર સંકટો અને ઉપદ્રવોથી પણ નહીં પીગળનારું વજ્ર જેવું કઠણ હૈયું એકાએક ગદ્ગદ બની ગયું; પ્રભુની આંખો આંસુભીની બની ગઈ.

"પ્રભુ! શું કોઈ કષ્ટ છે? કોઈ ગુપ્ત પીડા છે? છ મહિના સુધી તો આપની આંખો ક્યારેય આંસુભીની નહોતી થઈ, અને આજે એકાએક એ કેમ છલકાઈ ગઈ? હું આ શું જોઈ રહ્યો છું?" સંગમ વિસ્મય અનુભવી રહ્યો

"સંગમ! તારું કહેવું સાચું છે: આજની પીડા અપૂર્વ છે તેં આપેલી પીડાઓ–યાતનાઓ છ મહિના તો શું, છ વર્ષ સુધી ચાલુ રહી હોત તોપણ મારા મનમાં બીજી કશી ખોટી લાગણી ન જાગત; પણ આજની મારી પીડા કંઈક ઊંડી છે, અનોખી છે."

"ભગવાન, જરા કહો તો ખરા, એવી તે કેવી પીડા છે કે જે દૈવી શક્તિથી પણ શાંત ન થઈ શકે? આપને માટે તો હું આકાશ-પાતાળ એક કરવા તૈયાર છું!" સંગમનો અહં ફરી જાગી ઊઠ્યો

"સંગમ! તેં જે કષ્ટો ઊભાં કર્યાં, ઉપદ્રવોની વ્યૂહ-રચના કરી, એનાથી મારા આત્માનું લેશ પણ અહિત ન થઈ શક્યું. સોનું ભઠ્ઠીમાં પડીને ક્યારેક કાળું નથી પડતું; ઊલટું એ તો વધારે ચમકવા લાગે છે. પણ એ વખતના તારા જાતજાતના ખોટા વિચારો, હલકા આચરણો અને ક્ષુદ્ર ભાવોને લીધે તારો આત્મા કેટલો બધો પતિત થઈ ગયો! તારું મન કેટલુ બધું મલિન થઈ ગયુ! એનું નિમિત્ત થયો હું! બસ, આ જ પીડા છે. એ વિચારથી જ મારું હૃદય દ્રવી રહ્યુ છે. જે શ્રમણ દુનિયાને માટે કર્મમુક્તિનું નિમિત્ત બનવા જોઈએ, એ જ શ્રમણને તેં માટે કર્મબંધનનું

નિમિત્ત બનાવી દીધા અને એમના નિમિત્તે તેં તારા આત્માનું પતન નોતર્યું! બીજું કંઈ નહીં, ફક્ત આ જ લાગણીથી મારાં નેત્રો આંસુભીનાં ગઈ ગયાં!" મહાશ્રમણની મહાકરુણાનું ઝરણું ઊભરાઈ ગયું.

સંગમના અહંકારની ગ્રંથીઓ ઉપર જાણે મોટો ફટકો પડ્યો. એ શરમાઈ ગયો, પરાજિત જેવો થઈ ગયો, મહાશ્રમણનાં કરુણાભીનાં નયનોની મૂક ભાષા ઉકેલી રહ્યો: "ધન્ય ક્ષમાશ્રમણ, ધન્ય! દેવતાઓના બળ અને અહંકારનો આજે આપની મહાકરુણાએ પરાજય કર્યો. દેવરાજ ઇંદ્રની લાખ–લાખ પ્રશસ્તિઓ પણ એ કરુણાનું વર્ણન નહી કરી શકે"

અને સંગમ મહાપ્રભુની ચરણરજ લઈને વિદાય થયો.

મહાવીરની એ મહાકરુણા અમર બની ગઈ!

[ 'શ્રી અમર ભારતી,' એપ્રીલ-મે, ૧૯૬૭ ]

## ૨

## સાચું ધન

ભગવાન બુદ્ધ એક વૃક્ષની નીચે ધ્યાનમાં બેઠા હતા. એકાએક જોરજોરથી રડવા–ચીસો પાડવાનો અવાજ કાને પડ્યો ભગવાને આંખો ઉઘાડી જોયું તો એક માણસ પાગલની જેમ બૂમો પાડતો એમની તરફ દોડ્યો આવતો હતો એ પાસે આવ્યો. ભગવાને પૂછ્યું: "ભદ્ર! આટલો બધો બેચેન કેમ છે?"

"ભગવાન! હું તો પાયમાલ થઈ ગયો! જુઓ, ત્યાં પેલા લૂંટારા મારા કુટુંબને લૂંટી રહ્યા છે. લાખોની કિંમતના રત્નો–ઘરેણાં એમણે છીનવી લીધા છે" આવનાર માનવીએ દીન વદને હાથ જોડીને કહ્યું

બુદ્ધ તરત જ લૂંટારાઓ પાસે જઈ પહોંચ્યા. એમણે એમને ઉપદેશ આપ્યો. ડાકુઓના અંતરમા ભગવાન બુદ્ધનો ઉપદેશ વસી ગયો. એમણે લૂંટેલું બધું ધન એ શેઠને પાછું આપી દીધું અને લૂંટના ધંધાનો સદાને માટે ત્યાગ કર્યો.

હવે બુદ્ધે પેલા શેઠને કહ્યું: "આ ધનને માટે તમે કેટલા બધા બેચેન બની ગયા હતા! પણ આ ધન તો આજે છે, અને કાલે નથી. આ ધન એક દિવસ રળી શકાય છે, અને ગુમાવી દીધા પછી પણ એક દિવસ ફરી મેળવી લઈ શકાય છે. પરંતુ તમારું જે અમૂલ્ય સાચું ધન છે, તેમા તો દિવસ ને રાત, પળે પળે લૂટ ચાલી રહી છે; તમને એને માટે તો થોડીય બેચેની નથી થતી!"

"દેવ! મારું એ ધન કયું છે કે જે દિવસ-રાત, પળે પળે લૂંટાઈ રહ્યું હોવા છતા મને એનું ભાન જ નથી"

"વત્સ! એ તારું આત્મધન છે. સત્ય અને અહિંસા વગેરે પોતાના ગુણો જ ખરી રીતે માનવીની સાચી સંપત્તિ છે. એક વાર એ લૂંટાઈ જાય, પછી એ ફરીથી પ્રાપ્ત થવી સહેલી નથી. વિષય-વાસનાઓ તારી એ સંપત્તિમાં પળે પળે લૂંટ ચલાવી રહી છે, પણ તને એનો જરા સરખોય પસ્તાવો થતો નથી!"

શેઠનો આત્મા જાગી ઊઠ્યો. કહે છે, એણે પોતાનું બધું ધન પરોપકારના પવિત્ર માર્ગે, હોશેહોંશે, આપી દીધું.

[જીવને કે ચલચિત્ર, પૃ. ૨૭]

૩

# પહેલો સાથી, પછી સ્વર્ગ

જીવનની છેલ્લી મહાયાત્રાનો સમય હતો ધર્મરાજ યુધિષ્ઠિર હિમાલયમાં ઘૂમી રહ્યા હતા. દ્રૌપદી અને ચારે પાડવો તો હિમાળામા ગળી ગયા હતાં. ધર્મરાજની સાથે એમનો એકમાત્ર સાથી હતો એક કૂતરો; એ ધરતી ઉપરથી એમની સાથે સાથે ચાલતો આવ્યો હતો.

મહારાજા યુધિષ્ઠિર અને કૂતરો બન્ને હિમાલયનાં ગગનચૂંબી શિખરો તરફ આગળ વધી રહ્યા હતા. એકાએક ઈંદ્રે મોકલેલો માતલિ સારથિ રથ લઈને ત્યાં હાજર થયો.

માતલિએ હાથ જોડીને વિનતિ કરી : " મહારાજ ! દેવરાજ ઇન્દ્ર આપને જલદી સ્વર્ગમાં બોલાવે છે કૃપા કરી રથમાં બેસી જાઓ."

" સાથીદાર ! ચાલો સ્વર્ગમાં જઈએ. પહેલા તું રથ ઉપર ચઢ—પહેલો હક્ક તારો છે " યુધિષ્ઠિરે કૂતરાને સંબોધીને કહ્યું

" ધર્મરાજ ! આ શું કરો છો ? કૂતરાને અહીં જ મૂકી દો કૂતરો સ્વર્ગમા ન જઈ શકે " માતલિએ ખુલાસો કરતાં કહ્યુ

" અરે, આ પણ ઈશ્વરનો જ પુત્ર છે. તમને ખબર છે, આશા અને પ્રેમના બંધનથી બંધાઈને એ કેટલે દૂરથી અમારી સાથે સાથે ચાલતો આવ્યો છે ? ભલા, એને અહીં અડધે રસ્તે એકલો કેમ મૂકી શકાય ?"

" ધર્મરાજ ! કૂતરો એ તો છેવટે કૂતરો જ ! એને અહીં મૂકી દો પધારો, રથ ઉપર બેસીને સ્વર્ગમા આપણે પહોચી જઈએ. હું લાચાર છું, કૂતરો સ્વર્ગમા ન આવી શકે."

" તો માતલિ ! મને તમારું સ્વર્ગ ન ખપે ! તમારા પરમદેવ ઇન્દ્રને કહી દેજો કે યુધિષ્ઠિર સ્વર્ગના દરવાજે આવેલા કૂતરાને મૂકીને એકલા અહીં નથી આવ્યા, કારણ કે કૂતરાનુ અપમાન કરવામા આવ્યું છે જો સ્વર્ગમાં પણ આવો અન્યાય હોય, તો પછી મારી ધરતી જ શું ખોટી છે ? યુધિષ્ઠિર પોતાના સાથીને મૂકીને સ્વર્ગમાં જવાનું પસંદ નથી કરતા—ભલે ને પછી એ સાથી એક કૂતરો જ કેમ ન હોય ! સાથી સાથે હશે તો મારે માટે નરક પણ સ્વર્ગ બની રહેશે, અને સાથી વગર સ્વર્ગ પણ નરક !"

[ જીવન કે ચલચિત્ર, પૃ ૧૫ ]

## ૪

## પૈગંબરની દયા

એક વાર પૈગંબર સાહેબ ખુદાના ધ્યાનમા મસ્ત હતા એમને જોઈને પાસે જ કામ કરતો એક શ્રદ્ધાળુ ખેડૂત એમનાં દર્શન માટે ત્યા આવ્યો એણે પૈગંબર સાહેબની બંદગી કરી અને પોતાની ભેટરૂપે એમના ચરણે બે ઇંડા મૂકયા. ઈંડાને જોઈને પૈગંબર સાહેબને બહુ દુઃખ થયું.

એમણે પેલા ખેડૂતને પૂછ્યું " તું આ ઇંડા કયાથી લાવ્યો ?"

"સાહેબ, એક ઝાડના માળામાંથી."

"ત્યાં આની મા ન હતી?"

"હતી સાહેબ! નર અને માદા બન્ને ત્યાં હતાં."

"જ્યારે તેં ઈંડાં ઊઠાવી લીધાં ત્યારે એમણે શું કર્યું?"

"ચીં–ચીં કરી રોવા લાગ્યાં, અને ચોમેર ફરાફર કરવા લાગ્યા"

"તારે કેટલા છોકરા છે?"

"જી સાહેબ, મારે ત્રણ દીકરા છે."

"એમને તારી પાસેથી કોઈ ઉઠાવી જાય તો તને કેવું લાગે?"

"મને દુઃખ થાય સાહેબ! દુઃખ અને શોકને લીધે હું ગભરાઈ જાઉં"

"કોઈ આવીને એમને આરામથી તારા ઘરે પાછા મૂકી જાય તો?"

"તો હું બહુ જ રાજી થાઉં અને ઈશ્વરનો પાડ માનું."

"જો તું આ ઈંડાં પાછા મૂકી આવે તો શું થશે?"

"પંખીઓ રાજી રાજી થઈ જશે. તેઓ આનંદથી નાચી ઊઠશે, અને ઈશ્વરના ગુણ ગાશે"

આટલું કહીને એ ખેડૂત પૈગંબર સાહેબને સલામ કરીને ત્યાંથી ચાલતો થયો, અને જ્યાથી ઈંડાં લાવ્યો હતો ત્યા સાચવીને મૂકી આવ્યો

[ જીવન કે ચલચિત્ર, પૃ ૩૧ ]

૫

# દેહ નહીં, દેશ

દસમી સદીની આ વાત છે. ટિબેટના રાજાનું નામ હતું જશીહોંગ એ જેવા મહાન અને તેજસ્વી હતા, એવા જ દેશભક્ત અને સંસ્કૃતિપ્રેમી હતા.

રાજાને પોતાના પછાત દેશનો ઉદ્ધાર કરવાની ભારે તાલાવેલી લાગી હતી. એ માટે માનવતાના મોટા કલાકાર આચાર્ય દીપંકર વિજ્ઞાનને ભારતના વિક્રમશીલા વિદ્યાપીઠમાં-થી તેઓ પોતાના દેશમાં બોલાવવા ઇચ્છતા હતા.

એમણે પ્રતિજ્ઞા કરી હતી કે આચાર્ય દીપંકરને બોલાવીને એમને હાથે ટિબેટનો ઉદ્ધાર કરાવીશ—એને માટે મારે ભલે ને ગમે તેટલાં કષ્ટો વેઠવાં પડે !

આવી પ્રતિજ્ઞા કર્યા પછી રાજાજીએ આચાર્યજીને તેડી લાવવા માટે વિદ્વાનોનું એક મંડળ ભારત મોકલ્યું, અને પોતે સોનાની શોધમાં નીકળી પડયો. કારણ કે આચાર્ય દીપંકરના સ્વાગતમાં તથા એમની મારફત કરવાના શિક્ષણના પ્રચારમાં ટિબેટના રાજખજાનામાં જેટલું સોનું હતું એથી વધારે સોનાની જરૂર પડશે એવી એમની ગણતરી હતી.

એ અમયમાં નેપાળની નજીક રાજા ગારલંગનું રાજ્ય હતું, અને એ રાજ્યમા સોનાની ખાણ નીકળી હતી. ટિબેટના રાજા જશીહોગ નેપાલ તરફ રવાના થયા પણ ગારલંગ બૌદ્ધધર્મનો કટ્ટર દુશ્મન હતો અને વધારામાં ટિબેટના રાજા ઉપર એને ભારે રોષ હતો. એટલે એણે દગો કરીને

ટિબેટના રાજાને કેદ કરીને જાહેર કર્યું કે, જો મને જશીહોંગના વજન જેટલું સોનું મળશે તો જ હું એને છૂટો કરીશ, નહીં તો એને દેહાતદંડની સજા કરીશ."

આ સમાચાર મળતા ટિબેટના રાજાના દીકરા અને ભત્રીજા જીવ ઉપર આવીને સોનું ભેગું કરવા લાગ્યા; પણ ટિબેટના રાજાને એ ન ગમ્યું

રાજા જશીહોંગે પોતાના દીકરા અને ભત્રીજાને આમ કરતાં અટકાવ્યા અને કહ્યું · "મને છોડાવવા માટે તમે જે સોનું ભેગું કરી રહ્યા છો, એને આચાર્ય દીપંકરના સ્વાગતને માટે સાચવી રાખજો! મને છોડાવવાનો તમે પ્રયત્ન ન કરશો; નહીં તો મને દુ.ખ થશે આપણા ગરીબ દેશનું સોનું મારા આ તુચ્છ દેહની મુક્તિ માટે નહીં પણ આપણા આખા દેશની અજ્ઞાનતા દૂર કરવા માટે વપરાવું જોઈએ."

મૃત્યુના થોડા વખત પહેલાં જ ટિબેટના રાજાએ પોતાના ભત્રીજાને કહ્યું હતું . "વત્સ! તું રોકકળ ન કરીશ. આ ભારે ખુશનસીબી અને હર્ષની વાત છે કે આજે ધર્મ અને દેશને માટે મારી જાતનું બલિદાન દેવાનો અવસર મને મળ્યો છે! આવો સંજોગ કોઈક ભાગ્યશાળીને જ મળે છે. પણ મારી છેલ્લી ઇચ્છા એ છે કે તમે આચાર્ય દીપંકરને આપણા દેશમા જરૂર તેડી લાવજો! તેઓના પધારવાથી ટિબેટમાં નવી ચેતના પ્રગટશે. આશા છે કે તમે મારી આ ઇચ્છા જરૂર પૂરી કરશો."

સાઠ વર્ષની વૃદ્ધ ઉંમરે પણ છેવટે આચાર્ય દીપંકરને ટિબેટમાં તેડી લાવવામા આવ્યા . રાજા જશીહોંગની ઈચ્છા પૂરી થઈ.

ટિબેટના રાજાની બલિદાનકથા સાંભળીને આચાર્ય દીપંકરનું હૈયું ગદ્ગદ થઈ ગયું.

[જીવન કે ચલચિત્ર, પૃ ૩૨]

૬

## સત્યનું બળ

એક વાર ભગવાન મહાવીર રાજગૃહી નગરીમાં સમોસર્યા. પર્ષદામાં જેમ મોટા મોટા આત્મત્યાગી અને વૈરાગી મહાપુરુષો બેઠા હતા, તેમ સામાન્ય લોકો પણ બેઠા હતા. ભગવાન ધર્મદેશના આપી રહ્યા હતા બધાંય ઉત્સુકતાથી ભગવાનની વાણીને અંતરમાં ઝીલી રહ્યાં હતાં.

ત્યાં એક ચોર પણ પહોંચ્યો હતો અને એક ખૂણે બેઠો બેઠો ભગવાનના ઉપદેશરૂપી અમૃતનું પાન કરતો હતો. ધર્મદેશના વખતસર પૂરી થઈ અને લોકો પોતપોતાના ઘરે રવાના થયા, છતા પેલો ચોર તો ત્યાં બેઠો જ રહ્યો.

એક સંતે ચોરને પૂછ્યું : “ તું હજી સુધી કેમ અહીં બેસી રહ્યો છો ? ”

ચોરે કહ્યું : “ મેં આજ પહેલી જ વાર આવા મહાન સંતની વાણી સાંભળી.”

સંતે કહ્યુ : “ સાંભળી તો ખરી, પણ એમાંથી કંઈક પણ ગ્રહણ કર્યું કે નહીં ? જીવનને થોડુંય સુધાર્યું કે નહીં ? રત્નોના મેઘ તો વરસ્યા, પણ તમારા હાથમાં એકાદે રત્ન આવ્યું કે નહીં ? જો ન આવ્યું હોય તો એ મેઘ વરસ્યા

તેથી તમને શો લાભ થયો? ઓછામાં ઓછું એકાદ રત્ન તો લઈ જ લ્યો!"

ચોર વિચારમાં પડી ગયો : હું શું લઈ શકું?

તરત જ એની અંદર રહેલા સત્ય-દેવતા સ્પષ્ટ રૂપે બોલી ઊઠ્યા: "આપની વાણી તો અમૃતભરી છે. એ રાક્ષસને પણ દેવ બનાવી દે એવી છે પણ એને ગ્રહણ કરવાની મારી શક્તિ નથી હું ચોર છું, અને ચોરી કરવી, એ મારો ધંધો છે મારા જીવન સાથે ભગવાનની વાણીને શો મેળ? ચોરી કરવી છોડી દઉં તો મારું કુટુંબ શું ખાય? અને ચોરી ન છોડી શકું તો મેં શું મેળવ્યું ગણાય?"

એ સંત માનવીને પારખનારા હતા. એમણે કહ્યું: "ચોરી કરવાનું ભલે ન છોડી શકે, પણ બીજી કોઈ ચીજ તો છોડી શકે છે ને?"

ચોરે ઉત્સાહથી કહ્યું : "હા, બીજી ચીજ છોડી શકુ છું"

સંત: "સારું, તો બીજી ચીજ છોડ. ચોરી છોડવાનો જ અમારો આગ્રહ નથી, એને ન છોડી શકે તો કંઈ નહીં. જો, તેં ખૂબ સચાઈ અને પ્રામાણિકતાથી જીવનનો ચોપડો અને જેમા ચોરીની નોંધ થાય છે એ જીવનનું પાનું ખુલ્લા રાખ્યાં છે. હું ઇચ્છું છું કે તું એ જ નિયમનો સ્વીકાર કર જોજે, હવેથી સાચું બોલજે, ક્યારેય જૂઠું બોલતો નહીં."

ચોર એ સંતપુરુષની વાણીથી એટલો બધો પ્રભાવિત થયો હતો કે એણે તરત જ કહ્યું: "સારું, હું સાચું બોલવાનો નિયમ લઈશ; આપ મને એ નિયમ આપો"

સંતે એને નિયમ કરાવ્યો અને કહ્યું: "સાભળ, તું નિયમ તો લઈ રહ્યો છે, નિયમ લેવો સહેલો છે, પણ પાળવો

મુશ્કેલ છે નિયમ પાળવા માટે પણ મનમાં સચાઈ જોઈએ. ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાની પાછળ સત્યનું બળ હોય તો જ એ ટકી શકે છે; જો સત્ય ન હોય તો કોઈ પણ પ્રતિજ્ઞા ટકી શકતી નથી."

ચોરે કહ્યું: "મહારાજ! હું સાચું બોલવાની પ્રતિજ્ઞા કરું છુ; અને પ્રાણની જેમ એનું જતન કરીશ."

આ પ્રમાણે પ્રતિજ્ઞા લઈને ચોર પોતાને ઘેર ગયો. એ ગયો તો ખરો, પણ પ્રભુના ચરણે બેસીને એણે જે વાણી સાભળી હતી, એને લીધે એના અંતરમા એક ભાવના જાગી ઊઠી. ઘરે જઈને એણે જોયું કે હજી ઘરમા સાધન છે, તો પછી શા માટે ચોરી કરું? કોઈને દુ:ખ શા માટે આપુ? જ્યાં સુધી સાધન હશે ત્યા સુધી ખાધા કરીશ; નહીં હોય ત્યારે ચોરીનો વિચાર કરીશ.

આમ વિચારીને એ તો ઘરમાં રહેલ સામગ્રીથી ગુજારો કરતો રહ્યો. એક દિવસ બધું ખલાસ થઈ ગયું, ત્યારે એણે વિચાર્યું: હવે ચોરી માટે નીકળવું જોઈએ જ્યારે એણે ચોરી માટે કયા જવું એનો વિચાર કર્યો, તો એના મનમા મંથન શરૂ થયુ

એને થયું: મેં અહિંસાના દેવતાની વાણી સાંભળી છે. ચોરી કરવા જતા હિંસા થયા વગર ન રહે; પણ શું એવું ન થઈ શકે કે મારુ કામ પણ સરે અને હિંસા પણ ઓછામા ઓછી થાય?—આમ એની ચોરીની વૃત્તિ પણ જાણે અહિંસાની વાત સંભળાવવા લાગી.

એણે વિચાર્યું: કોઈ સાધારણ માણસના ઘરમાં ચોરી કરીશ તો એ મુસીબતમા મુકાઈ જશે. ન માલૂમ, બિચારો કયા સુધી રોયા કરશે અને પોતાના કુટુંબનો ગુજારો કેવી

રીતે કરશે! એટલે, જો ચોરી કરવી જ હોય તો, એવા ઘરમાં કરવી જોઈએ કે જ્યાં સારી રીતે હાથ મારવા છતાં ઘર-ધણી રોવા ન બેસે. તો હવે કોના ઘરમાં જાઉં ?

—હા! રાજા છે. એને ત્યાં રાત–દિવસ પારકું ધન આવ્યા કરે છે. રાજાના ખજાનામાંથી કંઈ ઉઠાવી લઈએ તોય એને શી ખોટ પડવાની છે? હાથીના ખોરાકમાંથી કીડી બે-પાંચ દાણા ઉઠાવી જાય તો તેથી હાથીને કશુંય નુકસાન નથી થતું અને કીડીનું કામ થઈ જાય છે. તેથી રાજાને ત્યાં જ ચોરી કરવી જોઈએ

એક દિવસે એ ખજાના તરફ ઊપડ્યો, અને તાળાંની બરાબર તપાસ કરી આવ્યો એની કૂંચીઓ બનાવરાવી લીધી પછી એક દિવસ મધરાતે, શેઠનો વેશ પહેરીને, કૂંચીઓનો ઝૂડો લઈને, એ ખજાનામા ચોરી કરવા નીકળી પડ્યો!

એ રાતે રાજા અને પ્રધાન વેષ-બદલો કરીને રાજમહેલથી નીકળ્યા હતા. એક તરફથી તેઓ જઈ રહ્યા હતા, સામેથી શેઠ બનેલો ચોર આવી રહ્યો હતો. અચાનક એમનો ભેટો થઈ ગયો.

રાજાએ પૂછ્યું : “કોણ ?”

ચોરને માટે સત્યનું પાલન કરવાનો સવાલ ઊભો થયો —એણે સાચું બોલવાનો નિયમ કર્યો હતો, અને પહેલા જ પગલે એની કસોટીનો અવસર આવી પડ્યો! ચોર ક્ષણ-ભર તો ખમચાયો, પણ પછી તરત જ એ સ્વસ્થ થઈ ગયો. એણે નક્કી કર્યું : ભલે ગમે તે થાય, સાચું જ બોલવાનો !

ફરીથી રાજાએ એને પૂછ્યું. “કોણ ?”

એણે કહ્યું. “ચોર!” અને એ ચાલતો થયો.

ચોરનો જવાબ સાંભળી રાજા અને પ્રધાન હસતા હસતા ચાલતા થયા.

રાજાએ મંત્રીને કહ્યું: "આ તો કોઈ ભલો માણસ લાગે છે આપણે એક રસ્તે ચાલતા માણસને નકામો ટોકયો!"

મંત્રીએ કહ્યું · "એમ જ છે, નહીં તો આવો જવાબ આપે ખરો? ચોર કયારેય પોતાને મુખે પોતાની જાતને ચોર ન કહે, એ તો શાહુકાર કહીને જ પોતાની જાતને ઓળખાવે ચોરમાં પોતાની જાતને ચોર કહેવાની હિંમત જ નથી હોતી."

રાજા અને પ્રધાન વાતો કરતાં કરતાં આગળ વધી ગયા, અને શેઠ બનેલો ચોર ખજાનાના દરવાજે પહોંચી ગયો.

ત્યા પહેરો લાગ્યો હતો પહેરેગીરે પૂછયું: "કોણ છે?"

ચોરે જરાય ખમચાયા વગર કહ્યું: "ચોર!"

પહેરેગીરે એ સાંભળ્યું તો એ પણ એને રાજયનો અધિકારી સમજીને આઘો ખસી ગયો. ચોરે ખજાનાનું તાળું ઉઘાડયુ; અંદર જઈને આમતેમ જોયું · રાજાજીના ખજાનામા તો અઢળક ધન ભર્યું હતું! એમાં ચોરે બહુ કીમતી ઘરેણાના ચાર ડાબડા જોયા. એ એને ગમી ગયા. એમાના બે ડબ્બા એણે બગલમાં માર્યા અને ખજાનાનું તાળું વાસીને એ ચાલતો થયો. એણે વિચાર્યું . આ બે ડાબડાથી તો ઘણા દિવસ નીકળી જશે.

ચોર પાછો જતો હતો કે ભાગ્યયોગે ફરી પાછા રાજા અને પ્રધાન સામા મળ્યા.

રાજાએ પ્રધાનને કહ્યું: "જરા પૂછીએ તો ખરા કે કોણ છે?"

પ્રધાને કહ્યું : " પૂછીને શું કરીશું ? આ તો પહેલાં જે મળ્યો હતો એ જ શેઠ છે, જેણે પોતાની જાતને ચોર તરીકે ઓળખાવી હતી."

પણ જ્યારે એ સામે જ આવી ગયો ત્યારે રાજાએ કુતૂહલથી એને પૂછ્યું · " કોણ ? "

ચોર : " એક વાર તો હું કહી ચૂક્યો છું કે હું ચોર છું; હવે શું જણાવવું બાકી રહી ગયું ? "

રાજા : " ક્યા ગયો હતો ? "

ચોર : " ચોરી કરવા."

રાજા : " કોને ત્યાં ? "

ચોર . " બીજે ક્યા ? રાજાને ત્યાં જ તો ! સાધારણ માણસના ઘરમાં ચોરી કરવાથી કેટલી ભૂખ મટે ? "

રાજા : " શું ઉપાડી લાવ્યો ? "

ચોર . " ઝવેરાતના બે ડાબડા "

રાજાને થયું · આ પણ ખરો છે ! કેવી મશ્કરી કરે છે !

રાજા ને પ્રધાન મહેલે પહોંચ્યા

ચોર પોતાને ઘેર પહોંચ્યો

સવારે ખજાનચીએ ખજાનો ઉઘાડયો; જોયું તો ઝવેરાતના બે ડાબડા ગુમ ! એને થયું ચોરી તો થઈ જ ગઈ છે, તો એનો લાભ હું પણ કેમ ન ઉઠાવું ? અને એણે બાકીના બે ડાબડા પોતાને ઘેર પહોંચાડી દીધા. પછી રાજાની પાસે જઈ એણે ફરિયાદ કરી " મહારાજ ! ખજાનામાથી ચોરી થઈ છે અને ઝવેરાતના ચાર ડાબડા ચોરાઈ ગયા છે ! "

રાજાએ પહેરેગીરને બોલાવી પૂછ્યું " ચોરી કેવી રીતે થઈ ? "

પહેરેગીરે કહ્યું: "અન્નદાતા! રાતે એક માણસ આવ્યો હતો ખરો. પણ મેં પૂછ્યું તો એણે પોતાની જાતને ચોર કહીને ઓળખાવી. એણે જ્યારે પોતાની જાતને ચોર કહી, તો હું સમજ્યો કે એ ચોર નથી, પણ આપે મોકલેલ કોઈ અધિકારી છે. ચોર પોતાની જાતને થોડો જ ચોર કહી શકે?"

રાજાએ કહ્યું · "આ તો ભારે તાલંબાજ નીકળ્યો! ખરી રીતે એ ચોર જ હતો, શેઠ નહીં. પણ સાધારણ ચોરમા ન આવી હિંમત હોઈ શકે, ન આટલું બળ. એમ લાગે છે કે, એની પાસે સત્યનું બળ હશે. એને કોઈ મહાપુરુષના ચરણનુ શરણ મળી ગયું લાગે છે. એ છે તો ચોર, પણ એને સુધારવાને માટે એના ઉપર સત્યનો જાદુ કરવામાં આવ્યો લાગે છે! એણે એકએક જવાબ સાચો જ આપ્યો હતો ને!"

મંત્રીએ કહ્યું. "ગમે તેમ હોય, પણ ચોરનો પત્તો તો મેળવવો જ જોઈએ; નહી તો ખજાના ઉપર માખીઓનાં ટોળા ઊતરી પડશે"

તરત જ રાજ તરફથી ઢંઢેરો પીટવામાં આવ્યો · "જેણે રાતે ખજાનામાંથી ચોરી કરી હોય, એ રાજાના દરબારમાં હાજર થાય."

ઢંઢેરો સાંભળી લોકો હાસી કરવા લાગ્યા. "રાજાજીનું ભેજું ખસી તો નથી ગયું ને? આ રીતે તે વળી ક્યારેય ચોર પકડાય ખરો? ચોર પોતે રાજદરબારમા જઈને કેવી રીતે કહેશે કે ખજાનામાંથી મેં ચોરી કરી છે? રાજાની બુદ્ધિ પણ કમાલ છે!"

છતા ઢંઢેરો તો પિટાતો જ રહ્યો અને પિટાતો પિટાતો

ચોરના દરવાજે સંભળાયો. એ સાંભળી ચોરને થયું : સાચું બોલવાની મારી પ્રતિજ્ઞાને આ વળી એક વધુ પડકાર થયો ! સત્યની અજેય અને અમોઘ શક્તિ હું જોઈ ચૂક્યો છું. હવે એનાથી પાછા ફરવાનું હોય જ નહીં. મેં રાત્રે જે વેષ પહેર્યો હતો એ જ પહેરીને દરબારમા જઈશ અને સત્યને માટે મારો જાન કુરબાન કરીશ”

સત્યથી ઉત્સાહિત થઈને ચોરે સિપાહીઓને કહ્યુ : “ચોરી મેં કરી છે”

સિપાહીઓ એને રાજાજી પાસે લઈ ગયા.

રાજાએ પ્રધાનને કહ્યું · “આ જ રાતનો ચોર છે.”

પછી રાજાએ એને પૂછ્યું “શું, તેં ચોરી કરી છે ?”

ચોર : “જી હા, એ વાત તો હું પહેલાં જ આપને કહી ચૂક્યો છું.”

રાજા : “ભલા, તેં શું શું ચોર્યું છે ?”

ચોર : “આ સવાલનો જવાબ પણ મેં રાતે જ આપ્યો હતો : મેં ખજાનામાથી ઝવેરાતના બે ડાબડા ચોર્યા છે.”

રાજા : “પણ અમારા ખજાનામાથી તો ચાર ડાબડા ગુમ થયા છે !”

ચોર · “હું તો બે જ લઈ ગયો છું બાકીના બેનું શું થયુ એ હુ શું જાણુ ? મોતના મોંમાં જઈને પણ હું સાચું જ બોલ્યો છુ ; મારે જૂઠું બોલવું નથી. જો જૂઠું બોલવું હોત તો હું મારી મરજીથી અહીં આવત જ શા માટે ? સાંભળો મહારાજ, ભગવાન મહાવીરના સમવસરણમાં જઈને મેં એમની દેશના સાભળી. મને ચોરીનો ત્યાગ

કરવાનું કહેવામાં આવ્યું, પણ કુટુંબના નિર્વાહનું બીજું કોઈ સાધન ન હોવાથી હું એ ન કરી શક્યો. ત્યારે મને કહેવામાં આવ્યું કે ચોરી કરવાનું ન છોડી શકે તો છેવટે સાચું બોલવાનો તો નિયમ કર! મેં સાચું બોલવાની પ્રતિજ્ઞા કરી. સત્યે જ મને શક્તિ આપી છે, અને એના બળે જ હું આપની સામે હાજર થઈ શક્યો છું."

રાજાજી ચોરના કહેવા ઉપર અવિશ્વાસ ન કરી શક્યા. એ સમજી ગયા અને એની સચ્ચાઈથી પ્રભાવિત થઈને એમણે એને રાજ્યનો ખજાનચી બનાવી દીધો.

ચોરનું જીવન સુધરી ગયું.

[સત્ય-દર્શન, પૃ ૧૭]

૭

## તારામાં પ્રેમ છે?

આચાર્ય રામાનુજ પાસે એક ભક્ત આવ્યો; બોલ્યો: "મને આપનો શિષ્ય બનાવો હું પરમાત્મા સાથે પ્રેમ કરવા ઇચ્છું છુ."

રામનુજાચાર્યે કહ્યું. "શિષ્ય બનવું અને પરમાત્મા સાથે પ્રેમ કરવો એ તો સારી વાત છે પણ એ તો કહે કે તારા ઘરમા કોઈના ઉપર તને પ્રેમ છે ખરો? માતા-પિતા, ભાઈ-બહેન વગેરે ઉપર તું હેત રાખે છે ખરો?"

આવનારે તરત કહ્યું: "મહારાજ! આખી દુનિયા સ્વાર્થી છે, એક માયાજાળ છે, મને કોઈના ઉપર હેત નથી.

મેં કોઈની સાથે પ્રીતિ બાંધી નથી. મારું મન સંસાર ઉપરથી ઊઠી ગયું છે એટલા માટે તો આપના ચરણોનું શરણ લેવા ઇચ્છું છું."

આચાર્યે કહ્યું : "તો તો તારો અને અમારો મેળ નહીં બેસે! તારે જે મેળવવું છે તે હું તને નહીં આપી શકું!"

પેલા માણસે નવાઈ પામીને પૂછ્યું : "કેમ નહીં આપી શકો, મહારાજ?"

આચાર્યે કહ્યુ : "હું તને નવી શીખામણ શું આપી શકવાનો હતો? તારામા કોઈ અપૂર્વ વસ્તુ પેદા કરવાની મારામા એવી તે કઈ તાકાત છે? તને તારા કુટુંબ ઉપર પ્રેમ હોત, જિંદગીમાં તેં બીજા કોઈ સાથે મીઠો સ્નેહ-સંબંધ કેળવ્યો હોત, તો હું એને વિશાળ અને વિરાટ-રૂપ આપી શકત સાંકડા પ્રેમભાવને વિશાળ બનાવવાની અને એને પરમાત્માના ચરણો સુધી પહોચાડવાની શક્તિ મારામાં છે મૂળમા કોઈ ચીજ હોય, તો એને સમૃદ્ધ બનાવી શકાય નાના સરખા બીજમાંથી વિશાળ ઘેઘૂર વડલો બની શકે. પણ મૂળ બીજ હોવું જોઈએ. પણ જે પથ્થરની જેમ શુષ્ક અને નીરસ હોય એમાંથી પ્રેમનું ઝરણું કેવી રીતે વહાવી શકાય? જો બીજ જ ન હોય તો પછી મોટું વૃક્ષ કેવી રીતે ઊગે? તેં અત્યાર સુધીમાં કોઈના ઉપર પ્રેમ જ નથી રાખ્યો, તો પછી આચાર્યની પાસે એવો કોઈ કીમિયો નથી કે એ તારામા કોઈ અપૂર્વ ચીજ પ્રગટાવી શકે અને પરમાત્માના પ્રેમની ગંગા વહાવી શકે."

આવનારનું માથું શરમથી ઝૂકી ગયું; જેવો આવ્યો હતો એવો જ એ ચાલતો થયો!

[ જીવન-દર્શન, પૃ ૨૧૭; સત્ય-દર્શન, ૧૨૭ ]

૮

## સત્તા અને જવાબદારી

મહાન સિકંદર દરબાર ભરીને બેઠો હતો. એક ડોશી એના દરબારમાં જઈ પહોંચી. દેશના કોઈ દૂરના ખૂણામાંથી એ ફરિયાદ કરવા આવી હતી. એની રોકકળ અને એના પોકારનો સાદ દરબારમાં ગાજી રહ્યો.

એણે કહ્યું : "મારા દીકરા ઉપર તારા દેશના અને મારી આસપાસના લોકો સિતમ ગુજારી રહ્યા છે. ત્યાં કોઈ બંદોબસ્ત નથી, અને મારા દીકરાની જિંદગી બરબાદ થઈ રહી છે. મેં ત્યાંના અમલદારો સામે પોકાર પાડ્યો, પણ ત્યાં કોઈએ મારી વાત કાને ધરી નહીં. આમ કોઈએ મારી ધા તરફ ધ્યાન ન આપ્યું ત્યારે, લાચાર થઈને, લથડતી-આખડતી માંડ માંડ ચાલીને તારા દરબારમાં પહોંચી છું."

સિકંદરે જવાબ આપ્યો : "તમારું કહેવું સાચું છે. પણ માજી, એટલો તો વિચાર કરો કે મારું સામ્રાજ્ય કેટલું મોટું છે! કેટલું લાંબું-પહોળું છે! તમે કહો છો એવી અવ્યવસ્થા સામ્રાજ્યના એક ખૂણે થઈ રહી છે એ સાચું છું. પણ બધે બંદોબસ્ત સાચવવા હું તે ક્યાં ક્યાં દોડું? ગમે તેટલું ધ્યાન રાખીએ તોય ક્યાંક ને ક્યાંક તો અવ્યવસ્થા થઈ જ જાય છે"

સિકંદરનો જવાબ સાંભળી ડોશીનું માથું ફરી ગયું, એની આંખો આગ વરસાવવા લાગી. એણે જુસ્સાપૂર્વક કહ્યું : "જો તારાથી આટલે દૂર બંદોબસ્ત સાચવી શકાતો ન હોય તો આવડા મોટા સામ્રાજ્યનો અધિપતિ શા માટે બની

બેઠો છું ? અમારા દેશની જમીનના ટુકડાને તારા સામ્રાજ્ય-માં શા માટે ભેળવી દીધો છે? તું કહે છે કે હું કયા કયાં દોડું, તો આનો અર્થ એ થયો કે બંદોબસ્ત સાચવવાની તાકાત તારામાં નથી! જો બંદોબસ્ત સાચવી ન શકાતો હોય તો સલ્તનતની સાથે તારું નામ શા માટે જોડયું ? આવી જવાબદારી શા માટે વહોરી લીધી? તારે સત્તા ભોગવવી છે, પણ જવાબદારી અદા નથી કરવી, ખરું ને?"

ડોશીમાનો કડવો છતા સાચો ઠપકો સાંભળીને સિકંદરની આંખો ઊઘડી ગઈ એણે ડોશીમાને ચરણે પડીને કહ્યું: "મા, તું સાચુ કહે છે. જો મારાથી બંદોબસ્ત સાચવી શકાય એમ ન હોય તો સલ્તનતની સાથે મારું નામ જોડવાનો કે દૂર દૂરની ભૂમિને મારા સામ્રાજ્યમાં ભેળવતા રહેવાનો પણ મને કોઈ અધિકાર નથી!"

[ સત્ય-દર્શન, પૃ ૧૬૪ ]

૯

## ભૂલ મારી

એક દિવસની વાત છે. દેશભક્ત ગોખલેજી પોતાના ઓરડા-માં બેઠા બેઠા કંઈક લખતા હતા એમની પાસે જ એમનો નાનો દીકરો બેઠો બેઠો ભણતો હતો.

ગોખલેજીએ એને કહ્યું. "બેટા, ખડિયો લઈ આવ તો."

દીકરાએ ખડિયો લાવી દીધો ગોખલેજી લખવામાં મગ્ન થઈ ગયા. લખી રહ્યા એટલે એમણે ખડિયો પાછો

આપવા હાથ લંબાવ્યો. એ જોઈને એમનો દીકરો ત્યાં આવ્યો

એ વખતે ગોખલેજીનું બધું ધ્યાન અને મન પોતાના લેખના વિચારમાં ડુબ્યું હતું. એમણે શૂન્ય મને હાથ લાંબો કર્યો, પણ પરિણામ ઊલટું આવ્યું. દીકરો ખડિયો લેવા માટે સરખી રીતે હાથ લંબાવે એ પહેલાં જ ગોખલેજીએ પોતાના હાથમાથી ખડિયો છોડી દીધો! ખડિયો ગાલીચા ઉપર પડીને ફૂટી ગયો અને ગાલીચો શ્યાહીથી રંગાઈ ગયો.

બાળકે આ જોયુ અને એ ડરી ગયો અને ડરનો માર્યો કાપવા લાગ્યો. જાણે એ તો પથ્થરની મૂર્તિની જેમ સ્તબ્ધ થઈ ગયો

ગોખલેજીએ પૂછ્યું. "બેટા, ખડિયો કેવી રીતે પડી ગયો?"

છોકરાએ કહ્યુ "હું એને બરાબર પકડી શકયો નહોતો તેથી"

ગોખલેજીએ એને ટપલી મારીને કહ્યું: "એમ ન કહે; એમ કહે કે આપે મને ખડિયો બરાબર ઝલાવ્યો નહોતો તેથી"

બાળકે ફરી કહ્યું: "ના પિતાજી, ના, એવી વાત નથી. ખરી રીતે મેં જ સરખી રીતે નહોતો પકડયો"

ત્યારે મહાનુભાવ ગોખલેજીએ ફરી કહ્યું "ના, ના. મારું મન આ લેખમા રોકાયેલું હતું અને બેધ્યાનમાં ને બેધ્યાનમા મે તને ખડિયો પકડાવી દીધો ખડિયો પકડાવવા માટે મારે મારું ચિત્ત પણ એ તરફ રાખવું જોઈતું હતું. પણ મે મારી ફરજનું સરખી રીતે પાલન ન કર્યું. આ ભૂલ તારી નહીં પણ મારી છે!"

[ સત્ય-દર્શન, પૃ ૧૫ ]

૧૦

# સાચું સત્ય રોટી

રામચંદ્રજી લંકાથી પાછા ફર્યા અને ચૌદ વર્ષનો વનવાસ પૂરો કરીને અયોધ્યા તરફ ચાલ્યા. જનતા એમના સ્વાગત માટે સામે ગઈ. એમના સ્વાગતમાં લાખો પ્રતિષ્ઠિત નાગરીકો હાજર હતા. સૌનાં વંદન ઝીલતાં ઝીલતાં મર્યાદા-પુરુષોત્તમે મોટા અને નાના બધા માણસોને સૌથી પહેલો એ જ સવાલ કર્યો: "અન્નની વ્યવસ્થા તો સારી છે ને? ખાવાને રોટી તો સારી રીતે મળે છે ખરી ને?"

રામનો આ સવાલ સાંભળી લોકો હસવા લાગ્યા. એમને થયું: મહારાજ વનવાસથી ભૂખ્યા આવ્યા લાગે છે! વનફળ ખાતાં ખાતાં પાછા ફર્યા છે અને રોટી નહીં મળી હોય તેથી માને છે કે અહીં પણ એ નહીં મળતી હોય! નહીં તો, રત્નભંડાર ભર્યા છે કે નહીં, એમ ન પૂછત?

લોકોએ કહ્યું: "મહારાજ! અહીં અન્નનો કોઈ તોટો નથી. આપ જોશો તો આપને પણ ખબર પડશે કે અહીં રોટીની કોઈ તંગી નથી."

રામચંદ્રજીને લોકોનો ભ્રમ સમજતાં વાર ન લાગી એમણે વિચાર્યું: જેમનાં પેટ ભર્યા છે એમનો ડોળો અન્નના બદલે બીજી વસ્તુ ઉપર લાગેલો છે! તેથી એ બધા મારા સવાલનું મહત્ત્વ નથી સમજી શકતા અને ઊલટા મારી હાંસી કરે છે.

સ્વાગત-સમારંભ પૂરો થયો, અને રામ અયોધ્યામાં આવી ગયા. એક દિવસ આખા રાજ્યમાં એવો ઢંઢેરો

પિટાવ્યો કે, મહારાજા રામચંદ્રજી વનવાસની અવધિ પૂરી કરીને ક્ષેમકુશળ પાછા આવી ગયા છે; એની ખુશાલીમાં તેઓ નગરજનોને પ્રીતિભોજન આપવા ઇચ્છે છે.

આખી પ્રજાને નિમંત્રણ આપવામાં આવ્યું. સમય પણ જણાવી દેવામા આવ્યો. એ મુજબ બધા નગરજનો આવી પહોચ્યા અને પંગતમા ગોઠવાઈ ગયા

રામે કહ્યું : “ભાઈઓ! આજે તો અમે અમારા હાથે પીરસીશું ”

તરત જ હીરા-મોતીથી ભરેલા થાળ હાજર થયા. રામે એક એક મુઠ્ઠી બધાના થાળમાં પીરસી દીધા.

લોકોએ વિચાર્યું · હીરા-મોતી તો પહેલવહેલાં ભેટ રૂપે પીરસવામાં આવ્યા લાગે છે; ખાવાની સામગ્રી તો હજી હવે આવશે. પણ રામચંદ્રજીએ તો હાથ જોડીને બધાને વિનતિ કરી. “જમવાનું શરૂ કરો!”

લોકો તો વિચારમા પડી ગયા : આમાં ખાવું શું ? ખાઈ શકાય એવી ચીજ તો કોઈ પીરસવામાં આવી નથી!

રામચંદ્રજીએ કહ્યું “કેમ, શું થયું ? એક એક હીરો લાખ-લાખનો છે, અને કેટલાંક રત્નનું તો મૂલ્ય જ થઈ શકે એમ નથી આમ સૌ શા વિચારમા પડી ગયા છો ? જમવાનું શરૂ કરો ને!”

પ્રજાજનોએ કહ્યું “મહારાજ, અમૂલ્ય તો જરૂર છે એનાથી ખિસ્સું જરૂર ભરી શકાય, પણ પેટ ન ભરી શકાય! પેટ તો પેટની રીતે જ ભરી શકાય! આ કંઈ ખાવાની ચીજ થોડી છે ?”

રામે હસીને કહ્યુ “તમને કંઈ ખિસ્સા ભરવા માટે અહીં નથી આમંત્ર્યા; અહીં તો જમવાની વાત છે”

લોકો નવાઈ પામ્યા, બોલ્યા "પણ મહારાજ ! આને ખાવા કેવી રીતે ?"

રામચંદ્રજીએ સમજાવ્યું. "હું વનવાસ ગયો ત્યારે તમને લોકોને રોટી ખાતા મૂકી ગયો હતો અને એમ જ સમજતો હતો કે તમે લોકો અન્ન ખાતા હશો ચૌદ વર્ષે પાછા ફરીને તમારી મનોદશા જોઈ તો મને લાગ્યું કે અયોધ્યાના લોકો હવે અન્નના બદલે હીરા-મોતી અને ઝવેરાત ખાવા લાગ્યા હશે : જ્યારે મેં તમને રોટીની વાત પૂછી તો તમે લોકો હસવા લાગ્યા. તેથી મેં માન્યું કે તમને હવે રોટીની જરૂર નહીં રહી હોય !"

લોકો રામની વાત સાભળીને અવાક બની ગયા.

રામે એમને સમજાવ્યું. "આ હીરા અને ઝવેરાત તો શરીરનાં ઘરેણાં છે; બાકી, સાચુ સત્ય તો રોટી જ છે !"

[ જીવન-દર્શન, પૃ ૮૧; અહિંસા-દર્શન, પૃ ૩૫૬ ]

## ૧૧

## ફક્ત રોટી

એક હતો બ્રાહ્મણ. એ સાવ દરિદ્ર હતો અને ધન વગર હમેશા બેચેન રહેતો હતો ધન મેળવવા માટે એણે ઘણાં ફાંફાં માર્યાં, ન કરવાના કામો પણ કર્યાં, પણ એમાં કંઈ વળ્યું નહીં !

ધનની શોધમાં બાપડો વર્ષો સુધી પહાડો, નદીઓ અને જંગલોમા રખડતો રહ્યો, પણ એના ભાગ્યનું દ્વાર ન ખૂલ્યું તે ન જ ખૂલ્યું !

એક દિવસ એ હતાશ–નિરાશ થઈને, લમણે હાથ દઈને એક ઝાડની નીચે એક પથ્થર પર બેઠો હતો. એનો ચહેરો સાવ ઉદાસ હતો. એટલામાં એ જ વનમાં સાધના કરતા એક યોગી અને સિદ્ધનાં એને અચાનક દર્શન થયાં.

એણે એ યોગી–સિદ્ધપુરુષને કહ્યું : "ઘણાં વર્ષની કામના આજે સફળ થઈ. મને ખાતરી છે કે આપના જેવા સિદ્ધપુરુષનાં દર્શન ક્યારેય એળે નહીં જાય. આજે હું કૃતકૃત્ય બની ગયો અને મારું જીવન ધન્ય બની ગયું"

યોગિરાજે દરિદ્ર બ્રાહ્મણની દુર્દશા જોઈને કરુણાભાવે પૂછયું : "છેવટે તારે જોઈએ છે શું ?"

દરિદ્ર બ્રાહ્મણે કહ્યું "મંત્ર, ફક્ત ધનપ્રાપ્તિનો મંત્ર! બીજું કંઈ નહીં"

યોગીએ દયાળુ ભાવે ધનના અભિલાષી દરિદ્ર બ્રાહ્મણને કહ્યું · "લે, આ ઇંદ્રનો મંત્ર છે. ઇંદ્ર દેવતાઓનો રાજા છે આ મંત્રથી એ પ્રસન્ન થશે અને તું જે માગીશ એ તને આપશે પણ સાંભળ, આ મંત્રનો જાપ હિમાલયની કોઈ એકાંત ગુફામાં જઈને કરવાનો છે."

બ્રાહ્મણ તો હરખાતો હરખાતો તરત જ હિમાલય તરફ ચાલતો થયો. ત્યા પહોચીને એણે પોતાની સાધના શરૂ કરી દીધી

સાધના કરતાં કરતાં બાર વર્ષ વીતી ગયાં. એક દિવસ ઇંદ્રે પ્રગટ થઈને એને પૂછયું : "સૌમ્ય! તારે શું જોઈએ છે? શું મેળવવા માટે તેં મારી ઉપાસના કરી છે?"

બહુ લાંબા વખતની સાધનાને લીધે બ્રાહ્મણ સાવ કમજોર અને શક્તિહીન થઈ ગયો હતો. ઇંદ્ર મહારાજ આવ્યા ત્યારે એણે બેઠા થવાનો પ્રયત્ન કર્યો, પણ શરીરની અશ-

ક્તિને કારણે ન તો એ ઊભો થઈ શકયો કે ન તો કંઈ બોલી શકયો.

ઇન્દ્રે ફરી શાંત અને હેતાળ સ્વરે પૂછયું: "કહે ભાઈ! તારે શું જોઈએ?"

ઘણા દિવસો સુધી ભૂખ્યા રહેવાને કારણે બ્રાહ્મણના મનમાં તો રોટીનું જ રટન ચાલી રહ્યું હતું. બેબાકળા થઈને એણે કહ્યું: "મારે બીજું કશું નથી જોઈતું; દેવરાજ! બસ, રોટી મળી જાય એટલે પત્યું!"

બ્રાહ્મણની વાત સાંભળીને ઇંદ્રને હસવું આવ્યું. એણે કહ્યું: "બસ, ફક્ત આટલી જ વાતને માટે તારે મને બોલાવવો પડ્યો? અરે, રોટીના એક ટુકડા માટે તેં મને સંભાર્યો? જ્યારે તારામાં આટલી બધી શક્તિ છે કે તું મને છેક સ્વર્ગમાંથી અહીં બોલાવી શકે છે, તો શું તારામાં એટલી શક્તિ નથી કે તું તારી ભૂખને શાંત કરવા માટે, તારી રોટીનો પ્રશ્ન તારી પોતાની મેળે જ હલ કરી શકે?"

["શ્રી અમર ભારતી", ઓગસ્ટ-સપ્ટેમ્બર, ૧૯૬૬]

૧૨

## દીપ જલતો રહ્યો

વૈશાલીમા એક ચંદ્રાવતંસ નામે પરાક્રમી રાજા થઈ ગયો. એ જેવો કર્મવીર હતો એવો જ ધર્મવીર હતો. એ રાજ્યનાં બધાં કામ સારી રીતે સંભાળતો, અને છતાં આઠમ-ચૌદશ જેવી પર્વતિથિએ ઉપવાસ અને પૌષધ કરવાનું ચૂકતો નહીં.

કાઉસગ્ગ કરતાં કરતાં ધ્યાન-સાધનામાં એ ખડ્ગની જેમ લાંબો વખત અડગ ઊભો રહેતો. એનું જીવન જળકમળ જેવું હતું : સંસારમાં રહેવા છતાં એ સાવ નિર્લેપ અને નિર્વિકાર હતો.

એક દિવસની વાત છે. અમાસની અંધકારઘેરી રાતમાં રાજા ચંદ્રાવતંસ રાજમહેલના એકાંત ખૂણામા ધ્યાન-મુદ્રામા ખડા હતા. અંધારામાં રાજાજીની સાધનામાં કોઈ ઉપદ્રવ ન થાય એટલા માટે દાસી આવીને દીપક પ્રગટાવી ગઈ. ચોતરફ પ્રકાશ ફેલાઈ ગયો

રાજાની નજર દીપકની જ્યોત પર સ્થિર થઈ ગઈ. આમ બહાર ભૌતિક દીપકનાં કિરણો ઝગમગી રહ્યાં હતાં, તો અંતરમા ધ્યાનદીપના આત્માને અજવાળનારાં કિરણો પ્રકાશી રહ્યાં હતા ભાવનાનો પ્રવાહ આગળ ને આગળ વધી રહ્યો હતો

રાજાએ મનમા અભિગ્રહ કર્યો : જ્યા લગી આ દીપક જલતો રહેશે ત્યા લગી હું મારું ધ્યાન ચાલુ રાખીશ.

બે ઘડી વીતી, ચાર ઘડી વીતી; દીપક ઝાખો થવા લાગ્યો, ઓલવાઈ જવાની તૈયારીમા હતો. સ્વામીભક્ત દાસીએ એ જોયું એણે વિચાર્યું : દીપક ઓલવાઈ જવો ન જોઈએ—મહારાજા ધ્યાન લગાવીને ઊભા છે તે આવી અને દીવામા તેલ પૂરી ગઈ જ્યોત ફરી પ્રકાશી ઊઠી મહારાજાના અંતરમા પણ ધ્યાનની જ્યોત તેજસ્વી બની ગઈ. બહારના દીપકની સાથે સાથે રાજાના હૃદયનો દીપક પણ જળહળવા લાગ્યો; પ્રકાશ વધુ ને વધુ તેજસ્વી બનતો ગયો.

એક પ્રહર જેટલી રાત વીતી ગઈ. દાસીએ વિચાર્યું : આજે મહારાજનું ધ્યાન બહુ લાબો વખત ચાલી રહ્યું છે,

માટે ક્યાંક અંધારું ન છવાઈ જાય. અને એણે દીપકનું તેલ ખલાસ થાય તે પહેલાં જ ફરી એમાં તેલ પૂરી દીધું

રાજાનું ધ્યાન લંબાતું ગયું. રાજાજી દાસીની સ્વામીભક્તિ ઉપર ખુશ હતા કે 'એ આજે સાચી ભક્તિ કરી રહી છે, મારી ધ્યાનજ્યોતને બુઝાઈ જવા દેવા નથી ચાહતી. ધન્ય છે એની સ્વામીભક્તિને !

રાત વીતતી ગઈ, દીપક પ્રકાશતો રહ્યો. દીપક જરાક ઝાંખો થવા લાગતો કે દાસી હાથમા તેલપાત્ર સાથે તૈયાર જ રહેતી, અને દીપકમાં તેલ પૂરી દેતી આ રીતે આખી રાત તેલ ઉમેરાતું રહ્યું અને દીપક જલતો રહ્યો.

રાજાજીની આતર ચેતના જાગી ઊઠી. આત્મભાવનો અખંડ મંગલદીપ જળહળતો રહ્યો. રાજા ધ્યાનમાં વધુ લીન બનીને ઉચ્ચતર ભાવશ્રેણીએ ચઢતા ગયા જ્ઞાનચેતનાનો દિવ્ય પ્રકાશ એમના અંતરમાં ઝગમગી ઊઠ્યો.

જાણે બેય તરફ સંકલ્પની સ્પર્ધા મંડાઈ હતી. દાસીએ બગાસા ખાતાં ખાતા પણ બહારના દીપકને ઓલવાવા ન દીધો રાજાજીનું સુકોમળ શરીર ઊભા ઊભા અક્કડ થઈ ગયું હતું, રોમ રોમમાં વેદના થતી હતી, છતાં એમના ધ્યાનનો એકતારો અતૂટ રહ્યો એકવાર અંતરમાં દીપક પ્રગટ્યો, એ પછી ઓલવાયો જ નહીં !

સવાર થયું. સૂર્યનાં સોનલવર્ણાં કિરણો ધરતીને અજવાળી રહ્યા. હવે દાસીએ તો દીપકને ઓલવી નાખ્યો, પણ રાજાના અંતરમાં જે દીપક એકવાર પ્રકાશી ઊઠ્યો હતો એ કેવી રીતે ઓલવાઈ જાય ? એ તો પ્રકાશતો જ રહ્યો

ઊભા ઊભા પગ સૂજીને થાંભલો થઈ ગયા; લોહીનું અભિસરણ ક્ષીણ થવાથી શરીર જડ બની ગયું અને આખરે ધ્યાનમાં તલ્લીન રાજાજીનો દેહ મૂર્ચ્છિત થઈને ધરતી ઉપર ઢળી પડ્યો! મરણની અંતિમ પળની મૂર્ચ્છામાં પણ એમનો આંતર દીપક ન ઓલવાયો તે ન જ ઓલવાયો! શરીર છૂટી ગયું, પણ એ અખંડ જ્યોત પ્રકાશતી જ રહી.

એ દીપક, જે એક વાર પ્રકાશ્યો હતો, તે પ્રકાશતો જ રહ્યો.

[ મરણસમાધિપ્રકીર્ણક; આખ્યાનકમણિકોશ, ૪૧, ૧૨૬ ]

[ જૈન ઇતિહાસકી પ્રેરક કથાએ, પૃ. ૪૦ ]

૧૩

## પાંદડાનેય દુઃખ થાય છે

એકવાર ગાંધીજી યરોડાની જેલમાં હતા રોજ તેઓ રૂ પીંજ્યા કરતા હતા. રૂ પીંજતા પીંજતાં પીંજણી ઢીલી પડી ગઈ એને મજબૂત કરવા માટે ગાંધીજીએ વિચાર્યું : લીંબડાના પાદડાંથી આને ઠીક કરી લેવી જોઈએ.

એમણે જેલના માણસને લીંબડાના થોડાક પાંદડાં લઈ આવવા કહ્યું. એ માણસ ટોપલી ભરીને પાંદડાં લઈ આવ્યો.

એ વખતે શ્રી ચોઈથારામ ગિડવાની ગાંધીજી પાસે બેઠા હતા. એમણે એક લેખમાં લખ્યું છે: "ટોપલી ભરેલા પાંદડા જોઈને મહાત્માજીના આત્મામાં વેદના અને દયાની લાગણી ઊભરાઈ આવી. એમણે એ માણસને કહ્યું:

'તેં મારા તરફ પ્રેમ દાખવ્યો, અને એટલા માટે આખા ઝાડનાં પાદડાં ખંખેરી લાવ્યો. પણ, તને એ ખ્યાલ હોવો જોઈએ કે, જેવું દુ ખ તને થાય છે, એવું જ દુઃખ વનસ્પતિને પણ થાય છે માણસને પોતાની જરૂરિયાત પૂરી કરવા કામ કરવું પડે છે, પણ કામ વગર એક પાંદડાની પણ હત્યા ન થવી જોઈએ. હવે પછી તું આવી ભૂલ ન કરતો : એ જ મારી સૌથી મોટી સેવા છે."

[ સત્ય-દર્શન, પૃ. ૨૩૧ ]

૧૪

## પાણી તો પાણી છે

મારા એક બ્રાહ્મણ ભક્ત છે તેઓ મિલમાલિક પણ છે. તેઓ જૈનધર્મના કટ્ટર વિરોધી ગણાતા હતા, પણ જ્યારથી મારા પરિચયમાં આવ્યા ત્યારથી એમનો એ વિરોધ ટળી ગયો છે મારા કાર્યક્રમ પ્રમાણે હું જયા હોઉં ત્યાં, મોટે ભાગે, તેઓ મળવા આવતા રહે છે

એકવાર તેઓને બિહાર પ્રાંતમાં જવાનું થયું. પાછા આવીને એમણે મને કહ્યું · "મહારાજ, ધર્મનો તો નાશ થઈ ગયો ! હવે તો ધર્મનું કોઈ નામ-નિશાન નથી રહ્યું !"

મેં પૂછ્યું : "એવું તે શું થયું ?"

એમણે કહ્યું : "અરે, જવા દ્યો ને એ વાત ! સ્ટેશન ઉપર મેં પાણી માગ્યું તો પાણીવાળાએ કહ્યું . લ્યો. મેં પૂછ્યું · કેવુ પાણી છે ? તો એણે કહ્યું : પીવાનું ચોખ્ખું

પાણી છે. મેં ફરી પૂછયું અરે ભાઈ, ચોખ્ખું તો છે, પણ છે કેવું? ત્યારે એણે કહ્યું : ઠંડું છે, સાહેબ! લાચાર થઈને મારે પૂછવું જ પડયું : કોનું પાણી છે? એણે હળવેથી જવાબ આપ્યો : કૂવાનું છે અને તાજું છે. પછી તો મારે સાફ શબ્દોમાં કહેવું પડયું કે પાણી કૂવાનું છે કે તળાવનું, એ મેં નથી પૂછયું. હું પૂછુ છું કે પાણી હિંદુનું છે કે મુસલમાનનું? ત્યારે એણે કહ્યું પાણી તે વળી, કોઈનું હોતું હશે, સાહેબ? પાણી ન તો હિંદુ હોય છે કે ન મુસલમાન! પાણી તો પાણી છે! એટલે આપ એમ પૂછી શકો કે પાણી નળનું છે, તળાવનું છે કે કૂવાનું? ઠંડુ છે કે ગરમ? ચોખ્ખું છે કે ગંદુ? પણ પાણી ન તો હિંદુ છે કે ન મુસલમાન! મહારાજ, જ્યારે એણે આમ કહ્યુ એટલે મેં તો પાણી લીધું જ નહીં બે-ચાર સ્ટેશન સુધી તો હું તરસ્યો જ રહ્યો. પણ છેવટે કેટલો વખત તરસ્યા રહી શકાય? જ્યારે રહેવાયું નથી ત્યારે આખરે એ પાણી પીવું જ પડયું!"

મેં એ સજ્જનને પૂછયું : "હવે શુ કરશો?"

એમણે કહ્યુ : "ગંગાજીએ જઈશું અને એમાં સ્નાન કરીને શુદ્ધ થઈ જઈશું"

મેં કહ્યુ : "ગંગાજીએ જવાથી શુ થશે? એ પાણી તો શરીરમાં દાખલ પણ થઈ ગયું અને પેશાબ વાટે બહાર પણ નીકળી ગયું! અને, તમારી માન્યતા પ્રમાણે, સંસ્કાર તો ચોટી જ રહ્યો છે, તો તેનું હવે તમે શું કરશો? અને મહાનુભાવ, આ ધરતી ઉપર ચાલવાનું ક્યારે બંધ કરશો? કેમકે શૂદ્ર પણ એના ઉપર જ ચાલે છે. જે જમીન ઉપર શૂદ્રો ચાલતા હોય એના ઉપર ચાલવાથી પણ ખરાબ સંસ્કાર ચોટી જાય ને?"

એ વિચારમાં પડી ગયા અને ગંભીર થઈને બોલ્યા : "તો શું, એ જૂની પરંપરાઓ ખોટી હતી ?"

મેં કહ્યું : "હા, આવી પરંપરાઓ નિઃસંદેહ ખોટી અને આધાર વગરની જ છે."

[ અહિંસા-દર્શન, પૃ. ૨૦૭ ]

૧૫

## મારે જાતિ નથી પીવી

ભગવાન બુદ્ધના શિષ્ય આનંદ કોઈ ગામમા જઈ પહોંચ્યા. એમને તરસ લાગી હતી. એમણે જોયું કે એક છોકરી કૂવામાંથી પાણી સીંચી રહી છે તેઓ એમની પાસે ગયા અને બોલ્યા "બહેન, મને પાણી પા."

છોકરીએ કહ્યું : "હું ચંડાળની દીકરી છું."

આનંદે સહજ ભાવે કહ્યું : "બહેન, તારી પાસે મેં જાત નથી માગી; મેં તો ફક્ત પાણી માગ્યું છે. મારે તારી જાત નથી પીવી, પાણી પીવું છે."

એ બાલિકાનો સંકોચ દૂર થઈ ગયો. એણે ભિક્ષુ આનંદને પાણી પાયું

[ અહિંસા-દર્શન, પૃ ૨૧૦ ]

૧૬

# ક્રોધ ચંડાળ છે

એક મોટા પંડિત હતા; દર્શનશાસ્ત્રના જબરા વિદ્વાન. એ ભણ્યા તો ઘણું હતા, અનેક શાસ્ત્રોને ઘોળીને મોઢે કરી લીધાં હતાં, પણ એ ભણતર એમના જીવનમા ઊતર્યું ન હતું.

એક દિવસની વાત છે. તેઓ નાહી-ધોઈ ને, ટીલાં-ટપકાં કરીને, બની-ઠનીને ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં એમને એક ચંડાળ મળ્યો. એ રસ્તા ઉપર ઝાડુ ફેરવતો હતો. એને જોઈને પંડિતજી રાતા–પીળા થઈ ને તાડૂકી ઊઠ્યા: "અલ્યા ચંડાળ, દૂર હટી જા! રસ્તો રોકીને કેમ ખડો છે?"

ચંડાળે કહ્યું: "પંડિતજી, આપ આમ ગુસ્સો શા માટે કરો છો? હું તો મારી મેળે જ દૂર હટી રહ્યો છું"

પંડિતજી: "તું તારી મેળે દૂર ખસી ગયો હોત તો મારે કહેવાની જરૂર ક્યા હતી?"

અને પછી તો ક્રોધને વશ બનીને પંડિતજી એના ઉપર ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યા પેલા ચંડાળે ઝટ દઈને પંડિતજીનો હાથ પકડી લીધો!

બસ, પછી તો પૂછવું જ શું હતું? પંડિતજીની આંખો લાલ લાલ થઈ ગઈ એમનાં ભવાં ચડી ગયા એ જોર જોર-થી બૂમો પાડવા લાગ્યા· "કેવો નીચ છે આ દુષ્ટ! એણે મારા ધર્મને ભ્રષ્ટ કરી નાખ્યો!"

બૂમો સાંભળીને ઘણા લોકો ત્યાં ભેગા થઈ ગયા, અને ચંડાળને પૂછવા લાગ્યા: "અલ્યા! આ બધું શું છે? તેં પંડિતજીનો હાથ કેમ ઝાલી રાખ્યો છે?"

ચંડાળે હસતા હસતા કહ્યું: "આ તો મારા ભાઈ છે હું એમને કેવી રીતે જવા દઉં?"

લોકો કહેવા લાગ્યા· "આ પંડિત છે, તું ચંડાળ છે આ ભાઈચારો કેવો?"

એ ચંડાળ પણ ક્યારેય વિદ્વાનોની સભામાં ગયો હતો એણે ક્યાંક સાભળ્યું હતું કે ક્રોધ ચંડાળ છે. એણે કહ્યું· "હા, આપનું કહેવું સાચું છે. પણ આ પંડિતજી તો શરીરથી જ બ્રાહ્મણ છે, હૃદય તો એમનું ચંડાળનું જ છે આપ જ કહો, ક્રોધ ચંડાળ કહેવાય છે કે નહી?"

લોકોએ કહ્યું. "હા, તારું કહેવું સાચું છે."

પંડિતજી ખસિયાણા પડી ગયા, અને એ ચંડાળ ભાઈની માફી માગીને, કેડો છોડાવીને ચાલતા થયા.

[ જીવન-દર્શન, પૃ ૨૧૪ ]

૧૭

## કોને ખસેડુ ?

શ્રીમદ્ શંકરાચાર્ય એક વાર કાશી ગયા હતા. એક દિવસ ગંગામાં સ્નાન કરીને તેઓ પાછા ફરી રહ્યા હતા. રસ્તામાં એક ચંડાળ મળી ગયો એની સાથે એના કૂતરા હતા.

રસ્તો સાંકડો હતો, અને ચંડાળ એ રસ્તેથી જ સામેથી ચાલ્યો આવતો હતો. શંકરાચાર્ય પવિત્રતાના ચકરાવામાં અટવાઈ ગયા. એમને થયું : ક્યાંક આ ચંડાળનો પડછાયો મારા ઉપર ન પડી જાય. અને તેઓ ઊભા રહી ગયા. આચાર્યના મનને જાણે પારખી ગયો હોય, એમ એ ચંડાળ પણ ઊભો રહી ગયો.

આચાર્યે કેટલીક વાર તો રાહ જોઈ, પણ જ્યારે પેલો ચંડાળ રસ્તામાંથી આઘો ન ખસ્યો ત્યારે નાછૂટકે આચાર્યે એને કહ્યું : "અરે, જરા આઘો ખસ, રસ્તો મૂકી દે! તને દેખાતું નથી કે હું સ્નાન કરીને, પવિત્ર થઈને આવ્યો છું, અને તું રસ્તો રોકીને ઊભો રહી ગયો?"

ચંડાળે કહ્યું : "મહારાજ, એક વાત પૂછવા ઇચ્છું છું : આપ ખસી જવા કહો છો, પણ હું ખસું કેવી રીતે? મારી પાસે બે પદાર્થ છે. એક આત્મા અને બીજું શરીર. આત્મા ચેતન છે અને શરીર જડ છે તો આ બેમાથી આપ કોને ખસેડવાનું કહો છો? જો આત્માને ખસેડવાનું કહેતા હો તો આપનો આત્મા અને મારો આત્મા–બન્ને એકસરખા છે. પરબ્રહ્મરૂપે જે આત્મજ્યોત આપનામાં બિરાજે છે, એ જ મારી અંદર પણ વિદ્યમાન છે તો પછી હું આત્માને ક્યાંથી ખસેડું અને ક્યા લઈ જાઉં? આત્મા તો વ્યાપક છે, અને સમગ્ર વિશ્વમા સમાનરૂપે ફેલાયેલો છે. આપ એને ખસેડવાનું કહો તો છો, પણ એને ખસેડવાની વાત મારે ગળે નથી ઊતરતી."

શંકરાચાર્ય સાંભળી રહ્યા. ચંડાળે આગળ ચલાવ્યુ : "જો આપ શરીરને ખસેડવાનું કહેતા હો, તો શરીર પંચભૂતનું બનેલું છે. અને એ જેવું મારું છે એવું જ આપનું પણ છે. એવું તો નથી કે મારું માંસ કાળું હોય અને

આપનું ધોળું ! જે લોહી આપના શરીરમાં વહી રહ્યું છે, એ જ મારામાં પણ વહી રહ્યું છે. એટલે જો આપ શરીરને આઘું કરવાનું કહેતા હો તો, મને એ નથી સમજાતું કે, એની કેવી રીતે આઘું કરવું અને શા માટે આઘું કરવું ?"

ચંડાળની વાત સાંભળીને આચાર્ય અચંબામાં પડી ગયા. એમણે કાનની બૂટ પકડીને કહ્યું : "અત્યાર સુધી તો વેદાંતની કેવળ મોટી મોટી વાતો જ કર્યા કરી, પણ મારા મનનો કાંટો આજ લગી કાઢી શક્યો ન હતો; મનનો વિષવિકાર હજી દૂર થયો ન હતો. એને આજે તમે કાઢી નાખ્યો. તમે જ મારા સાચા ગુરુ છો. તમે મારાં નેત્રો ઉઘાડી દીધાં !"

[ અહિંસા દર્શન, પૃ. ૨૭૯ ]

૧૮

## એની માતા ઝૂરી મરશે !

એક ક્ષત્રિય કુલપુત્રના ભાઈનું ખૂન કરીને ખૂની ભાગી ગયો. ભાઈના ખૂનથી કુલપુત્રનું કાળજું કોરાઈ ગયું; આંખોમાંથી જાણે શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યો. લમણે હાથ મૂકીને શોકમગ્ન ચહેરે એ, પાગલની જેમ, શૂન્ય આકાશ તરફ તાકી રહ્યો.

ત્યારે વીર ક્ષત્રિયાણીનું સૂતેલું ક્ષત્રિયપણું જાગી ઊઠ્યું. એની વૃદ્ધ માતાએ શોકાકુલ પુત્રને હાકલ કરી : "માથું પછાડવું, આંસુ પાડવાં અને શોકમાં ડૂબી, જવું એ તો

બાળકો અનાથ બની જશે, રોઈ રોઈને મરી જશે. કુલપુત્ર, ક્ષમા કરો, મને પ્રાણોની ભિક્ષા આપો !"

કુલપુત્રનું હૃદય ક્રોધમાં અંધ બન્યું હતું. એ ખૂનીની આવી દીન દશાને કેવળ નાટક જ સમજતો હતો. કરગરતા દુશ્મનને એક ઠોકર મારીને એણે કહ્યું: "દુષ્ટ, હવે મા અને બાળકોની ફિકર થાય છે !"

કુલપુત્રની માતા સામે ઊભી ઊભી આ જોઈ રહી હતી. એનું માતૃત્વ જાગી ઊઠ્યું. એણે લાગણીભીના સ્વરે કહ્યું: "મારા પુત્રને માટે જેમ હું ઝૂરું છું, એવી જ રીતે આની ઘરડી મા પણ પોતાના પુત્રના વિયોગમાં ઝૂરશે. આના પુત્રો વળી પાછા પોતાના પિતાનું ખૂન કરનાર દુશ્મનથી બદલો લેવા માટે મારા પુત્રની જેમ નીકળી પડશે, અને એકબીજાના પ્રાણ લેવા તલસતા રહેશે. વેર–પ્રતિવેરની આ પરંપરા કેટલી પેઢીઓ સુધી ચાલુ રહેશે ! કેટલી માતાઓના ખોળા ખાલી થતા રહેશે ! કેટલી સૌભાગ્યવતીઓનાં સૌભાગ્ય લૂંટાતાં રહેશે ! વેરનો બદલો વેર ન હોઈ શકે. 'ખૂનનો બદલો ખૂન' એ પરંપરાનો ક્યારેય અંત નહીં આવે ! વેરનો સાચો ઉકેલ તો ક્ષમા જ હોઈ શકે"

માતૃત્વના જાગી ઊઠેલા સંસ્કારોએ ક્ષત્રિયાણીના હૃદયને જીતી લીધું. એણે હાથ ઊંચો કરીને કહ્યું: "બેટા, થોભી જા ! તલવારને મ્યાન કર ! ઘરને આંગણે આવેલો દુશ્મન અવધ્ય બની જાય છે. તેમાંય વળી આ તો શરણ માગી રહ્યો છે, પ્રાણોની ભીખ માગી રહ્યો છે. શરણાગતની હત્યા કરવી એ ક્ષત્રિયનો ધર્મ નથી. એને છોડી દે !"

માતાની વાત સાંભળીને કુલપુત્ર એકદમ ચમકી ગયો. "માતા, તું આ શું કહી રહી છો ? જે ખૂનીને પકડવા

માટે હું બાર–બાર વર્ષ સુધી જંગલોની ધૂળ છાનતો રહ્યો, એ કેટકેટલી મુસીબતને અંતે હાથ આવ્યો છે! આજે ભાઈના ખૂનનો બદલો લેવાતી તક મળી છે, ત્યારે તું કહે છે કે 'એને છોડી દે!' ના માતા, ના! એમ ન થઈ શકે, હરગિજ નહીં થઈ શકે. જ્યા સુધી હું આનું રુધિર નહીં પીવું ત્યાં સુધી મારા હૈયાની આગ શાત નહીં થાય! માતા, મને ન રોક!"

"બેટા, ક્રોધ ક્યારેય ક્રોધથી શાંત થયો છે ખરો? ખૂનના ડાઘ ક્યારેય ખૂનથી ધોવાયા છે ખરા? ક્રોધને સફળ થવાદેવો એ વીરતા નથી; વીરતા તો દુશ્મનને ક્ષમા કરવામાં, ક્રોધને પી જવામાં છે!"

કુલપુત્રની તલવાર નીચે ઝૂકી ગઈ. એ વિચારમગ્ન થઈ ગયો: માનું કહેવું સાચું છે. ક્રોધ તો રાક્ષસ છે. એ સફળ થયો તો સર્વનાશ વેરવા સિવાય બીજું શું કરવાનો? બહારના નમાલા દુશ્મનને મારવાથી શું? આ અંદરના રાક્ષસને જ મારવો જોઈએ

કુલપુત્રનો વિવેક જાગી ઊઠ્યો. જે તલવાર ખૂનીનું લોહી પીવા તલસી રહી હતી, એ તલવારથી જ એણે એનાં બંધન કાપીને એને મુક્ત કરી દીધો!

ખૂની કુલપુત્રના ચરણોમાં નમી પડ્યો. કુલપુત્રે ભાઈની જેમ એને હેતથી ઊભો કર્યો અને સ્નેહપૂર્વક ખવરાવી–પિવરાવીને વિદાય કર્યો.

[ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન ૧, કમલસંયમી ટીકા]

[જૈન ઈતિહાસકી પ્રેરક કથાએં, પૃ. ૩૪]

કાયરોનું કામ છે! ક્ષત્રિય તો એ કહેવાય, જે પોતાના દુશ્મનથી વેરનો બદલો લે! બેટા, તેં મારું ધાવણ પીધું છે, તારી નસોમાં ક્ષત્રિયનું લોહી વહે છે. ઊઠ, હાથમાં તલવાર પકડ અને તારા ભાઈના ખૂનીના ખૂનથી તારી તલવારની તરસ શાંત કર!

કુલપુત્રની શોકનાં આંસુ સારતી આંખો ક્રોધથી લાલ અંગારાની જેમ સળગી ઊઠી. શૂરાતનના આવેગમા એની ભુજાઓ ફરકવા લાગી. તલવારને મ્યાનમાથી ખેંચીને એને એ હવામાં વીંઝવા લાગ્યો.

ક્ષત્રિયાણી માતાએ એના પુરુષાતનને વધારે પ્રદીપ્ત કરતાં કહ્યું : "બેટા! સાચો ક્ષત્રિય તો એ છે, જે શત્રુમા સામે થવાની હિંમતને જ જાગવા ન દે, અને એ ઘા કરે એ પહેલા જ એના ઉપર, સિંહની જેમ, તૂટી પડે. અને જે સામે થવા છતાંય શત્રુનો સામનો ન કરી શકે, એને પડકાર કરીને દંડ ન આપી શકે, એને ક્ષત્રિય નહીં પણ કાયર સમજવો!"

જાતનો ક્ષત્રિય અને એમાં કાયરપણાનું કલંક! એનું લોહી તપી ગયુ. એની અંદરનું સૂતેલું ક્ષત્રિયત્વ ગર્જના કરવા લાગ્યું. માતાના ચરણને સ્પર્શ કરીને એણે પ્રતિજ્ઞા કરી : "મા, હવે તો મારા ભાઈના ખૂનીને પકડીને જ જંપીશ. જ્યારે એને તારી પાસે હાજર કરીને આ તલવારથી જ એનું માથું ઉડાવી દઉં, ત્યારે જ સમજજે કે મેં ક્ષત્રિયાણી માતાનું દૂધ પીધું હતું!"

માતાએ પુત્રનો વાંસો થાબડ્યો.

કુલપુત્ર ભાઈના ખૂનીની શોધમાં નીકળી પડ્યો!

હાથમાં ઉઘાડી તલવાર ચમકાવતો કુલપુત્ર ગામ, નગર, જંગલ અને પહાડોમાં ઘૂમવા લાગ્યો. એનું રૌદ્ર રૂપ જોઈને વિકરાળ સિંહ પણ શેહ ખાઈ ગયા, મોટા મોટા વીરોના કાળજાંય થંભી ગયાં. એ ધરતીના ખૂણે ખૂણે ફરી વળ્યો, પણ એ ખૂની ન મળ્યો તે ન જ મળ્યો.

આ રખડપટ્ટીમાં બાર–બાર વર્ષના વહાણા વાઈ ગયાં, તોય કુલપુત્રના ક્રોધનો કેફ ન ઊતર્યો એને તો ન ખાવાનું ભાન છે, ન પીવાનુ ! જ્યા સુધી ભાઈનો ખૂની ન પકડાય ત્યાં સુધી નિરાંત કેવી ?

પણ છેવટે એક દિવસ દુશ્મન એની નજરે ચઢી જ ગયો ! જેવી રીતે બાજ ચકલી ઉપર ઝડપ મારે, બિલાડી ઉંદરને ઝડપી લે, એ રીતે કુલપુત્ર પૂરી તાકાતથી ખૂની ઉપર તૂટી પડ્યો, અને એને પકડીને એણે દોરડાથી બાંધી લીધો પછી દુશ્મનને કેદ કરીને માતાની સામે પછાડતાં એણે કહ્યું : “ માતા, લ્યો આ તલવાર અને તમારા હાથે જ તમારા પુત્રનો બદલો લ્યો ! ”

કુલપુત્રે તલવાર માતાની સામે ધરી.

માતાએ ગૌરવભરી આંખોથી પુત્રની સામે જોયું અને કહ્યું : “ બેટા ! તારા ભાઈનો બદલો તું જ લે ! ”

કુલપુત્રની તલવાર ચમકી ઊઠી

ખૂની બલિદાનના બકરાની જેમ થર થર કંપી રહ્યો હતો. એ કુલપુત્રના પગમાં પડીને ઘેટાની જેમ બેં બેં કરતો હતો. એની આંખોમાંથી આસુની ધારા વહી રહી હતી. એ કરગરીને પ્રાણની ભીખ માગતો હતો . “ મને જીવતો છોડી દ્યો, હું જીવનભર તમારો દાસ બનીને રહીશ. મારા વગર મારી ઘરડી મા, જુવાન પત્ની અને નાનાં–નાનાં

## ૧૯

# હું લોહી નથી પીતો

રાયચંદભાઈ ( શ્રીમદ્ રાજચંદ્રજી ) પહેલાં મુંબઈમાં ઝવેરાતનો વેપાર કરતા હતા. એમણે એક વેપારી સાથે એક વાર સોદો કર્યો કે આટલું ઝવેરાત, અમુક ભાવથી, અમુક તિથિએ તમારે મને આપવું આ માટે બાનાની જે રકમ આપવી જોઈએ એ પણ એમણે એ વેપારીને આપી દીધી.

પણ, ગમે તે કારણે, ઝવેરાતના ભાવ વધવા લાગ્યા, અને વધતા વધતા એવા વધી ગયા કે બજારમાં ઊથલપાથલ થઈ ગઈ. પેલા વેપારી પાસેથી, નક્કી કરેલી તિથિએ, નક્કી કર્યા મુજબ ઝવેરાત લેવામાં આવે તો એનું ઘર સુધ્ધાં હરરાજ થઈ જાય! બીજી ચીજોમા તેજી–મંદી ઓછી થાય છે, પણ ઝવેરાતમા તો જાણે એ લાબી લાબી ફાળ ભરતી હોય છે. બજારની આવી સ્થિતિ જોઈને પેલો વેપારી તો બાવરો બની ગયો, અને બિચારાના હોશકોશ ઊડી ગયા!

જ્યારે બજારના ચડતા ભાવોની રાયચંદભાઈને ખબર પડી, અને પેલા વેપારીની દશાનું ચિત્ર એમની સામે આવ્યું, તો તેઓ સામે ચાલીને એની દુકાને પહોંચ્યા. એમને આવતા જોઈને વેપારીનું હૈયું થંભી ગયું. એને થયું · આ ઝવેરાત લેવા આવી પહોંચ્યા!”

એણે રાયચંદભાઈને કહ્યું : “ હું તમારા પૈસાની ગોઠવણ કરી રહ્યો છું. મને પોતાને જ એની ચિંતા છે. ભલે જે થવાનું હોય તે થાય, તમારા રૂપિયા હું જરૂર ચૂકવી દઈશ. ભલે ને મારું સર્વસ્વ ચાલ્યું જાય, પણ

તમારા રૂપિયા હું હજમ નહીં કરી જાઉં. તમે એની જરાય ચિંતા ન કરશો."

રાયચંદભાઈએ કહ્યું : "મને ચિંતા કેમ ન થાય ? મને તમારા કરતાં વધારે ચિંતા વળગી છે. તમારી અને મારી ચિંતાનું કારણ તો આ લખાણ જ છે ને ? આના લીધે તો મારે તમારી પાસે ચાલીસ-પચાસ હજાર રૂપિયા લેણા થાય છે. તો પછી એ લખાણનો જ નાશ કરીને આવી બધી નકામી ચિંતામાંથી શા માટે ન ઊગરી જવું ?"

વેપારી દયામણું મોં કરીને બોલ્યો : "પણ આપ એવું શા માટે કરો ? હું બે-ત્રણ દિવસમાં મારી જવાબ-દારી જરૂર અદા કરી દઈશ"

વેપારીએ આટલું કહ્યું, એટલામાં તો રાયચંદભાઈએ એ કરારના કાગળના ટુકડેટુકડા કરી નાખ્યા !

પછી એમણે ઉદાર ભાવે દૃઢતાથી કહ્યું : "રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહીં ! હું બરાબર જાણું છું, તમે વાયદાથી બંધાઈ ગયા છો. પણ અત્યારે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે, અને મારે તમારી પાસે ચાલીસ-પચાસ હજાર રૂપિયા લેણા પડ્યા છે. પણ જો હું એ રકમ વસૂલ કરું તો ભવિષ્યમાં તમારી સ્થિતિ શું થાય ? હું તમારી અત્યા-રની સ્થિતિથી અજાણ્યો નથી. હવે મારાથી એક પાઈ પણ ન લઈ શકાય"

આમ કરીને રાયચંદભાઈએ જ્યારે એ કરારના છેલ્લા કાગળને પણ ફાડી નાખ્યો, ત્યારે પેલો વેપારી એમના ચરણોમાં ઝૂકી પડ્યો એની આંખો આંસુભીની બની ગઈ. એણે ગદ્‌ગદ સ્વરે કહ્યું: "તમે માનવ નહીં પણ માનવ-તાની સાક્ષાત્ મૂર્તિ છો ! મનુષ્ય નહીં પણ દેવ છો !"

[ અહિંસા-દર્શન, પૃ. ૩૦૯ ]

## ૨૦
## વેશ્યાના પૈસાનું મકાન

એકવાર હું વિહાર કરતો હતો. ગરમી સખત પડતી હતી અને તડકો બહુ આકરો હતો. મનમાં થતું કે ક્યાંય વિસામો કરવા મળે તો સારું.

ચાલતાં ચાલતાં રસ્તામાં એક મકાન આવ્યું આસપાસ લીલાં ઘટાદાર ઝાડ પણ હતાં. અમે વિસામો લેવા ત્યાં બેસવા લાગ્યા તો કેટલાક લોકોએ કહ્યું : " મહારાજ ! આપને છાંયામાં બેસવું હોય તો આગળ જઈને બેસજો, અહીં ન બેસશો."

મેં પૂછ્યું: " અરે ભાઈ, અહીં એવું તે શું છે ? "

એ લોકો આપસઆપસમાં ઘુસપુસ કરવા લાગ્યા. પછી એમાંના એક ભાઈએ કહ્યું : " આ મકાન તો એક વેશ્યાએ બનાવ્યું છે અને આ ઝાડ પણ એણે જ રોપાવ્યાં છે. આ કૂવો પણ વેશ્યાના પૈસાથી જ બન્યો છે. માટે અહીં બેસવું પાપ છે ! "

મેં પૂછ્યું: " એ વેશ્યાનું જીવન કેવું છે ? "

એ ભાઈએ જવાબ આપ્યો. " પહેલા તો એનું જીવન પાપમય હતું. પણ પછીથી એને એમ થયું લાગે છે કે મેં ઘણા ગુના કર્યા છે, જિંદગીને બરબાદ કરી દીધી છે, હવે તો કંઈક સુધારો કરું ! અને એણે પોતાનો વેશ્યાનો ધંધો છોડી દીધો અને એ પ્રભુભજનમાં મગ્ન થઈ ગઈ. એણે પોતાના પૈસા ખરચીને આ કામ કર્યું છે."

એ ભાઈની વાત સાંભળીને મેં કહ્યું : "જો એનું જીવન બદલાઈ ગયું, એના વિચારો બદલાઈ ગયા અને પોતાના પહેલાંના ગુના બદલ એના અંતરમાં પશ્ચાત્તાપનો ભાવ પેદા થયો અને તેથી એણે પ્રાયશ્ચિત્ત પણ કર્યું, તો પછી તમારે એનાથી વધારે બીજું શું જોઈએ ? શું તમે એમ ઇચ્છો છો કે એ ધર્મ જ ન કરે ?"

થોડી વાર પછી મેં ફરી કહ્યું: "વાત એવી છે ભાઈ, કે પૈસો ગમે તે રીતે આવ્યો હોય, પણ જો કોઈએ એનો આ રીતે શુદ્ધ બુદ્ધિથી ઉપયોગ કર્યો હોય, તો બીજા કોઈ આ સ્થાનમાં બેસે કે ન બેસે, હું તો બેસવાનો જ !"

[ અસ્તેય-દર્શન, પૃ ૧૨૪, અહિંસા-દર્શન, ૨૫૯ ]

## ૨૧

## શબ્દ કરતાં ભાવ વધે

એક આચાર્યને ઘણા શિષ્યો હતા. એમાં બધી જાતના શિષ્યો હતા. કેટલાક જ્ઞાની હતા તો કેટલાક તપસ્વી; એક શિષ્ય તો સાવ ઠોઠ હતો. એની ઉંમર મોટી હતી. ગુરુ એને ભણાવવાની બહુ બહુ મહેનત કરતા, પણ એને કશી વિદ્યા ન ચડતી. પોતાની બુદ્ધિની જડતા ઉપર એને બહુ દુ:ખ થતું અને એ માટે એ બહુ ઉદાસ રહેતો.

એક દિવસ એને દુ:ખી અને ઉદાસ જોઈને ગુરુએ પૂછ્યું: "તું આટલો બધો દુ:ખી અને ઉદાસ કેમ રહે છે ? તું ઘરસંસારની માયા–મમતા છોડીને સાધના કરવા આવ્યો

છે. અહીં તો તારે પૂરેપૂરા સ્વસ્થ અને પ્રસન્ન રહેવું જોઈએ. વત્સ ! સાધકના જીવન સાથે ખેદ અને ઉદાસીનતાનો મેળ નથી બેસતો."

શિષ્યે કહ્યું "ગુરુદેવ, આપનું કહેવું સાચું છે મારે દુઃખી અને ઉદાસીન ન રહેવું જોઈએ આપના ચરણોમાં મને કોઈ જાતની ખામી નથી. આપની અપાર કૃપા એ જ મારા જીવનની સૌથી મોટી મૂડી છે. પણ હું શું કરું ? મારી બુદ્ધિની જડતા જોઈને મને ખૂબ દુઃખ થાય છે. શાસ્ત્રોનો વધારે અભ્યાસ કરવાની મારી શક્તિ નથી; મને તો થોડામા જ ઘણું આવડી જાય એવી આપની કૃપા જોઈએ."

ગુરુએ કહ્યું "ચિંતા ન કરીશ. તને એવું જ એક નાનું સરખું સૂત્ર સમજાવી દઉં છું. તું એના ઉપર ચિંતન –મનન કરતો રહેજે, જરૂર એથી તારું કલ્યાણ થશે સમગ્ર ધર્મ અને દર્શનની ચર્ચાનો સાર એ સૂત્રમાં સમાઈ જાય છે."

ગુરુએ પોતાના એ ઠોઠ શિષ્યને આ સૂત્ર આપ્યું : "मा रुप, मा तुष." એનો અર્થ છે ' ન કોઈના ઉપર દ્વેષ કરીશ, ન કોઈના ઉપર રાગ અર્થાત્ સાધનાનો સાર સંકલ્પ –વિકલ્પ વગરનો સમભાવ છે.

ગુરુએ કૃપા કરીને બહુ જ નાનું છતાં ગંભીર અર્થવાળું સૂત્ર શિષ્યને આપ્યું તો ખરું, પણ શિષ્ય એટલો બધો ઠોઠ હતો કે એને એ નાનું સરખું સૂત્ર પણ યાદ ન રહ્યુ. એ સૂત્રના બદલે એ તો "मापतुप" "मापतुप" એવું સૂત્ર ગોખવા લાગ્યો ! એ સૂત્રનો અર્થ થાય છે— ' અડદનુ ફોતરું '

આ સૂત્રને જ ગુરુએ આપેલું સૂત્ર સમજીને એ એનું રટન અને એનો જાપ કરતો રહ્યો અને એનું રટન કરતા

કરતાં એની ભાવના વધારે ને વધારે શુદ્ધ થતી ગઈ. અભ્યાસમાં ઘણી શક્તિ રહેલી છે. અખંડ અભ્યાસ અને અખંડ સાધનાથી બધું સાધી શકાય છે. ભલે એ શિષ્ય ગુરુએ આપેલા સૂત્રના શબ્દોને અક્ષરેઅક્ષર યાદ ન રાખી શક્યો, પણ ગુરુએ સમજાવેલા ભાવને એ વળગી રહ્યો. શક્તિ શબ્દમાં નહીં પણ એના ભાવમાં અને અર્થમાં રહે છે. શબ્દ તો જડ છે, કારણ કે એ ભાષારૂપે હોય છે, પણ જ્યારે એ શબ્દમાં ભાવનો રસ રેડવામાં આવે છે, શ્રદ્ધા અને આસ્થાનો રસ પૂરવામાં આવે છે, ત્યારે એમાં અનંત શક્તિ પ્રગટ થાય છે

ગુરુએ પોતાના મંદબુદ્ધિ શિષ્યને જે સૂત્ર આપ્યું હતું એનો ભાવ એ હતો કે કોઈના ઉપર દ્વેષ ન કર અને કોઈના ઉપર રાગ ન કર. રાગ અને દ્વેષ એ જ સૌથી મોટાં બંધન છે. રાગ અને દ્વેષના વિકલ્પો જ્યા સુધી દૂર નહીં થાય, ત્યા સુધી અધ્યાત્મસાધના સફળ નહીં થઈ શકે. રાગ અને દ્વેષના વિકારને દૂર કરવા માટે જ સાધના કરવામાં આવે છે.

શિષ્યને પોતાના ગુરુનાં વચનો ઉપર અટલ આસ્થા હતી એટલા માટે એ સૂત્રને શબ્દશ. ન સમજવા છતાં એ એને રટતો રહ્યો, જપતો રહ્યો કથાકાર કહે છે કે એ જડબુદ્ધિ શિષ્યે "माषतुष" શબ્દના અર્થ ઉપર જ ચિંતન —મનન કરવા માંડ્યું. એણે વિચાર્યું : જેવી રીતે અડદ અને એનું ફોતરું જુદાં હોય છે, એ જ રીતે હું અને મારું શરીર જુદાં છીએ જેવી રીતે કાળું ફોતરું દૂર થતાં અંદરથી સફેદ અડદ નીકળે છે, એ જ રીતે કાળા વિકારોના દૂર થવાથી અંદરથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. આ રીતે શબ્દથી ખોટા પણ અર્થથી સાચા એવા

એ સૂત્રનું ભાવાત્મક ધ્યાન કરતાં કરતાં એ જડબુદ્ધિ શિષ્યને કેવળજ્ઞાનની અમર જ્યોતની પ્રાપ્તિ થઈ.

[ અધ્યાત્મ-પ્રવચન, પૃ ૪૮ ]

## ૨૨

## હું આપને ઓળખું છું

એક વખતની વાત છે. હું રાજસ્થાનથી ગુજરાત તરફ વિહાર કરતો હતો રસ્તામાં આબૂ આવતું હતું. કોઈ પણ ઇતિહાસ-પ્રસિદ્ધ સ્થાનને જોવાની ભાવના મારા મનમાં હમેશાં જાગતી રહે છે.

જોકે આબૂ જવા-આવવામાં ઘણું ચક્કર લગાવવું પડે એમ હતું, છતા આબૂ જોવાનો સંકલ્પ કરી જ લીધો. મારી તબિયત એ વખતે બરાબર ન હતી, અને પહાડ ચઢવાનો હતો, તેથી મારી સાથેના સંતોએ આબૂ ઉપર જવાના મારા સંકલ્પને ટેકો ન આપ્યો છતા મેં મારા સંકલ્પને ઢીલો થવા ન દીધો અને આબૂનો વિહાર શરૂ થયો.

જ્યારે અમે આબૂનું ચઢાણ ચડી રહ્યા હતા ત્યારે માર્ગમાં એક વૈષ્ણુવ સંત મળ્યા ખૂબ વૃદ્ધ અને ખૂબ દૂબળા-પાતળા! એમની લાંબી દાઢી અને લાંબી જટા એમના સૌમ્યભાવને પ્રગટ કરતી હતી. જટાના વાળ ચાંદીના તાર જેવા, દાઢીના વાળ પણ ધોળા અને રૂંવાડાં પણ સફેદ! આ બધું છતાં એમના શરીરમાં સ્ફૂર્તિ હતી અને પગમાં બળ હતું તેઓ ઝડપથી આગળ વધી રહ્યા હતા.

કેટલાક સંતો મારાથી આગળ ચાલતા હતા. એમને જોઈને એ વૈષ્ણવ સંતે કહ્યું : “ નમસ્કાર, નમસ્કાર. આપ મને ઓળખો છો ? ”

એક સંતે ના કહી, તો બીજાને પૂછ્યું. બીજાએ ના કહી તો ત્રીજાને પૂછ્યું. આ પ્રમાણે બધા સંતોને એણે એકનો એક જ સવાલ પૂછ્યો · “ આપ મને ઓળખો છો ?”

પણ બધાય સંતોએ ઇનકાર કરી દીધો કે “ અમે આપને નથી ઓળખતા ! ”

સંતોના આ ઇનકાર ઉપર એ વૃદ્ધ વૈષ્ણવ સંત ખડખડાટ હસી પડ્યા અને એક મધુર હાસ્ય કરીને બોલ્યા . “ કેવી નવાઈની વાત છે કે મારા જેવા ચિરપરિચિતને પણ આપ નથી ઓળખતા ! ”

એટલામાં હું પણ એ બધાની નજીક પહોંચી ગયો હતો. મેં આગળ વધીને એ વૈષ્ણવ સંતને કહ્યું : “ આ લોકો આપને ન પિછાનતા હોય તો ભલે ન પિછાને, પણ હું તો આપને પિછાનું છું ! ”

એ વૃદ્ધ સંત બોલ્યા . “ કેવી રીતે પિછાનો છો ? ”

મેં કહ્યું: “ આમાં પિછાનવાની શી વાત છે ? હું પણ આત્મા છું અને આપ પણ આત્મા છો આત્મા આત્માને ન પિછાને એ બની જ કેવી રીતે શકે ? ”

એ વૃદ્ધ સંત ગદ્ગદ થઈ ગયા અને મને ભેટી પડ્યા.

ખુશ ખુશ થઈને એમણે કહ્યું : “ તારી અને મારી ઓળખાણ સાચી છે. આ બધામાં તું જ સાચો સાધક છે. અને જે સાચો સાધક હોય છે, એ જ આત્માને ઓળખે છે. જે કેવળ શરીરમાં જ અટવાઈ જાય છે, એ આ અજર-

એમર આત્માને કેવી રીતે ઓળખી શકે?"

[ સમાજ ઔર સંસ્કૃતિ, પૃ. ૧૧૮ ]

## ૨૩

## પહેલો નમસ્કાર

એક સેનાપતિ હતા. એમનો એવો સ્વભાવ હતો કે રસ્તામાં કોઈ સૈનિક કે બીજું કોઈ એમને મળી જાય તો સૌથી પહેલા તેઓ જ હાથ જોડીને નમસ્કાર કરતા. એમનો એક મિત્ર પણ સેનામાં કામ કરતો હતો, પણ એનો હોદ્દો એ સેનાપતિ કરતાં ઊતરતો હતો.

એક વાર એ બન્ને જણા દર્શન કરવા આવ્યા. વાતચીત દરમ્યાન નાના સેનાપતિએ પોતાના મોટા સેનાપતિ સંબંધમાં મને કહ્યું. "મહારાજ! અમારા મોટા સેનાપતિ બહુ સારા માણસ છે. તેઓ ખૂબ વિનમ્ર અને મિલનસાર છે. અમારા સેનાપતિની સૌથી મોટી વિશેષતા એ છે કે, તેઓ સૌથી મોટા છે, છતા નમસ્કાર સૌથી પહેલા કરે છે."

આ સાંભળી મેં અંદરનો ભાવ જાણવાની દૃષ્ટિથી એમને પૂછ્યું: "આપ આમ કેમ કરો છો? પોતાથી મોટી વ્યક્તિને નમસ્કાર કરવો એ તો બરાબર છે, પણ પોતાથી નાની વ્યક્તિને અને તેમાંય પહેલા નમસ્કાર કરવામાં આપનો હેતુ શો છે?"

એમણે ખૂબ નમ્રતાપૂર્વક કહ્યું: "આપ કહો છો તે

સાચું છે; મારા સાથીઓમાંથી પણ ઘણા સાથી મને એમ જ કહે છે કે આપે પહેલાં નમસ્કાર ન કરવા જોઈએ; બીજા લોકો પહેલાં આપને નમસ્કાર કરે, ત્યાર પછી જ આપે બદલામાં નમસ્કાર કરવા જોઈએ."

એમણે પોતાની વાતને જરાક વધુ આગળ વધારતાં કહ્યું : "મહારાજશ્રી! આપ જ કહો કે નમસ્કાર કરવા એ સારું કામ છે કે ખરાબ કામ? જો એ સારું કામ હોય, તો સૈનિકની એ ફરજ છે કે સારાં કામોમા એ પોતાની જાતને સૌથી આગળ રાખે. જો આ સત્કાર્ય છે, તો હું એમાં મારો પહેલો નંબર કેમ ન નોંધાવું, પાછલો નંબર શા માટે લઉં? આપણને જે શુભ અવસર મળે એનો પહેલો લાભ આપણે જ કેમ ન ઉઠાવીએ?"

[ અધ્યાત્મ-સાધના, પૃ. ૫૦ ]

## ૨૪

## બાળકને ન રોકશો

તથાગત બુદ્ધ એક દિવસ ભિક્ષા માટે નગરના રાજમાર્ગ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. મોટા મોટા શેઠ-શાહુકારો હાથ જોડીને ખડા હતા. એવામાં એક નાના બાળકે માટી લઈને એમની તરફ હાથ લંબાવ્યો. લોકો એને રોકવા લાગ્યા, તો બુદ્ધે પોતાનુ પાત્ર એની સામે ધરી દીધું!

તથાગતે લોકોને સમજાવ્યું કે "આ બાળકને રોકશો નહીં. એના મનમાં કંઈક આપવાની જે પ્રેરણા જાગી છે, એક

શુભ ભાવના પ્રગટી છે, એને જો રોકી દેવામાં આવે કે ઉતારી પાડવામાં આવે, તો બાળકનું હૃદય હમેશને માટે ભયભીત બની જશે. અને ફક્ત એનો હાથ જ પાછો પડશે એમ નહીં, એનું મન પણ પાછું પડી જશે. અને પછી એના હૃદયમાં ક્યારેય આપવાની લાગણી નહીં પ્રગટે.”

[ ‘ શ્રી અમર ભારતી ’, ઓગસ્ટ, ૧૯૬૭ ]

## ૨૫

## ગર્વ ઊતરી ગયો

આખા ભરતખંડ ઉપર દિગ્વિજય કરતા કરતાં ચક્રવર્તી ભરત વૃષભાચલ ( ઋષભકૂટ ) પર્વત ઉપર જઈ પહોંચ્યા સ્ફટિક જેવા ચમકદાર શ્વેત પથ્થરોના ઊંચા ઊંચાં ગગનચુંબી શિખરો અને એના ઉપર પડતા સૂર્યનાં કિરણોનાં પ્રતિબિંબ એની રંગબેરંગી ચમક અને મોહક કાંતિને લીધે, એવા લાગતાં હતા, જાણે ગંધર્વો અને કિન્નરોની સુંદરીઓ શણગાર સજીને એમા પોતાનું મોં જોવા આવી ન હોય !

ચક્રવર્તી ભરત ચોમેર ઘૂમીને એ દૂધ જેવા સફેદ પર્વતની મનમોહક કાંતિને અને ઉજ્જવળ શિલાઓની હારમાળાને નીરખવા લાગ્યા. છ ખંડના દિગ્વિજય અને ચક્રવર્તીપણાના ગર્વથી ચમકતી ભરતની આંખો, વૃષભાચલની સ્ફટિક સમી કાંતિમા, પોતાના નિર્મળ યશનું જળહળતું પ્રતિબિંબ નીરખી રહી.

ચક્રવર્તી પર્વતના સફેદ શિલાખંડ ઉપર પોતાનું નામ કોતરાવવા ઇચ્છતા હતા. આ માટે તેઓ કાકિણીરત્ન લઈને

જેવા તૈયાર થયા કે એમણે શિલાખંડો ઉપર ઠેર ઠેર હજારો ચક્રવર્તી રાજાઓનાં નામ કોતરેલાં જોયાં.

ચક્રવર્તી ચકિત થઈ ગયા : શું આ પૃથ્વી ઉપર મારા જેવા બીજા પણ અસંખ્ય ચક્રવર્તીઓ થઈ ગયા છે ? આ પર્વતનો પથ્થરેપથ્થર એમની પ્રશસ્તિઓથી ભરાઈ ગયો છે ! અહીં તો એકાદ નામ લખવા જેટલીય જગ્યા ખાલી નથી !

—અને ચક્રવર્તી ભરતનો અહંકાર ગળી ગયો. એ અજાયબ થઈને જોઈ જ રહ્યા પોતાનું નામ કોતરાવવા માટે એમને એક લીંટી જેટલીય જગા ખાલી ન મળી !

બહુ બહુ વિચાર કર્યા પછી ચક્રવર્તીએ, પોતાના વજ્ર જેવા હાથવતી, કોઈ એક ચક્રવર્તીનું નામ ભૂંસી કાઢ્યું, અને ત્યા પોતાની પ્રશસ્તિ લખી કે—" હું ઇક્ષ્વાકુ વંશ-રૂપી ગગનમંડલમાં ચંદ્ર સમાન, ચારે દિશાઓની પૃથ્વીનો સ્વામી, મારી માતાના એક સો પુત્રોમાં સૌથી મોટો, ભગવાન ઋષભદેવનો મોટો પુત્ર, પ્રથમ ચક્રવર્તી ભરત છું. મેં બધા વિદ્યાધરો, દેવો અને રાજાઓને નમાવી દીધા છે અને પૃથ્વી મંડલની પ્રદક્ષિણા કરીને દિગ્વિજય મેળવ્યો છે."

ભરતે પોતાની કીર્તિની પ્રશસ્તિ કોતરાવીને જેવી એના તરફ ફરી નજર નાખી તો એમના મનમાં ફરી પાછો એક પ્રશ્ન ઊભો થયો : " મેં આજે એક ચક્રવર્તીનું નામ ભૂંસી નાખીને ત્યાં મારું નામ લખાવ્યું, તો શું ભવિષ્યમાં બીજો કોઈ ચક્રવર્તી, આ રીતે જ, મારું નામ ભૂંસીને પોતાનું નામ નહીં લખાવે ? મહાકાળના આ પ્રવાહમાં ભલા કોણ અજર, અમર, અવિનાશી રહી શક્યું છે ? આ જગત તો ક્ષણભંગુર છે, ચલાયમાન છે !"

[ આદિપુરાણ, પર્વ ૩૨ ]

[ જૈન ઈતિહાસ કી પ્રાચીન કથાએં, પૃ ૭ ]

એમાં એક સાથી સમજણો હતો. તે આગળ આવ્યો, બોલ્યો: "તમે બધા નાહીને તૈયાર થઈને આવો, એટલામાં હું રસોઈ તૈયાર કરી દઉં છું."

એણે અરણીના લાકડાનો એક કટકો લીધો અને પેલા સાથીને બતાવીને કહ્યું · "જુઓ, અગ્નિ આમાં છે ખરો, પણ એના ટુકડા કરી નાખવાથી એ નથી મળી શકતો. આમાંથી અગ્નિ પ્રગટાવવો એ પણ આવડનો સવાલ છે."

અને એણે અરણીના કટકા લઈને ખૂબ જોરથી ઘસ્યા તરત જ એ ઘર્ષણમાંથી તણખા નીકળવા લાગ્યા અને અગ્નિ સળગી ઊઠ્યો

પેલા સાથીએ પોતાનું અજ્ઞાન પ્રગટ કરતાં કહ્યું:- "વારુ, આ રીત છે? મને શી ખબર કે અરણીને ઘસવાથી એમાંથી અગ્નિ પ્રગટ થાય છે. મેં તો એના ટુકડેટુકડા કરી નાખ્યા, પણ અગ્નિ ક્યાંય ન દેખાયો!"

આ દૃષ્ટાંતનો ભાવ સમજાવતાં ભગવાને કહ્યું · "જે પ્રમાણે અરણીમા અગ્નિ છે, એ સત્ય છે, છતા એના કટકેકટકા કરવાથી એ એમાં ક્યાંય નથી દેખાતો, અગ્નિ પ્રગટાવવા માટે એને ઘસવા પડે છે, એ જ રીતે શરીરમા આત્મા છે એ એક પરમ સત્ય છે. પણ એ આત્માના દર્શન કરવા શરીરના અંગેઅંગને છૂટા કરવાની મૂર્ખતા કરવાની જરૂર નથી. એનાં દર્શનને માટે ઘર્ષણની–ચિંતનની જરૂર છે"

[ રાજપ્રશ્નીયસૂત્ર ]

[ ભગવાન મહાવીર કી બોધકથાએં, પૃ ૧૦ ]

૨૭

## હોય તેવો રસ ટપકે

મહાત્મા ઈસુને એક માણસ કડવા વેણ સંભળાવી રહ્યો હતો. અને ઈસુ ખ્રિસ્ત એની સાથે નમ્રતા અને મીઠાશથી વાત કરતા હતા.

એક બીજા માણસે આ જોઈને ઈસુને કહ્યુ : "આપ આ દુષ્ટ સાથે આવું નરમ વર્તન કેમ કરી રહ્યા છો?"

ઈસુએ હસતાં હસતાં કહ્યું · "વસ્તુમાં જેવો રસ હોય એવો ટપકે, એમાં હરખ–શોક કેવો?"

[જીવન કે ચલચિત્ર, પૃ ૧૮]

૨૮

## આત્મ-સૌંદર્યની શોધમાં

વાસવદત્તા એક વેશ્યા હતી. એનું સૌંદર્ય પૂર્ણિમાના ચંદ્રનેય પાછો પાડે એવું હતું. એની કાયા કમળ કરતાંય વધુ સુકોમળ હતી એની વાણી જાણે વીણાનો તિરસ્કાર કરતી હતી. સ્વર્ગની અપ્સરાઓનુ તેજ એની આગળ ઝાંખું પડી જતું હતું.

એક બૌદ્ધ શ્રમણ ભિક્ષાને માટે એની વિશાળ હવેલી-ના દ્વાર પર આવીને ઊભો રહ્યો વાસવદત્તાની દૃષ્ટિ એ યુવાન ભિક્ષુ ઉપર જડાઈ ગઈ: એણે એને એક વાર નીરખ્યો,

## ૨૬

# આત્માનો વાસ

કેટલાક કઠિયારા જંગલમાં લાકડા કાપવા ગયા. ઘેરા વનમાં આઘે સુધી ગયા. પછી બધા એક ઠેકાણે રોકાયા. પોતાના એક સાથીને ત્યા મૂકીને જતા એમણે કહ્યું : "તું અહીં રહે. અમે અમારા માટે અને તારા માટે પણ લાકડાં કાપીને લાવીએ છીએ. ત્યાં સુધીમા તું બધાને માટે રસોઈ તૈયાર કરી રાખજે. અમે પાછા આવીશું એટલે આપણે બધા સાથે બેસીને જમીશું આપણા ગામથી આપણી સાથે સળગતો અગ્નિ લેતા આવ્યા છીએ, એનાથી તુ જલદી રસોઈ કરી શકીશ વળી, એક વાત ધ્યાનમાં રાખજે કે, કદાચ આ અગ્નિ ઓલવાઈ જાય, તો જો, આ પાસે જ અરણીનું ઝાડ છે, એમાથી અગ્નિ મેળવી લેજે" આમ કહીને એ બધા જંગલમાં ચાલ્યા ગયા.

પેલો માણસ ભારે આળસુ હતો. એણે વિચાર્યું : હમણાં ઊઠીને રસોઈ કરી લઉં છું; રાધતાં તે વળી કેટલી વાર! મારા સાથીઓ હજી હમણાં જ ગયા છે, અને સાંજે પાછા આવવાના છે. ત્યા સુધીમા હું જરા નિરાંતે ઊંઘી લઉં! બસ, આ રીતે વિચારીને એ તો ઝાડની ઘટાદાર છાયામાં ઘસઘસાટ ઊંઘી ગયો!

ઘણા વખત પછી એ જાગ્યો, ત્યારે એણે જોયુ કે આ તો સૂરજ આથમવા આવ્યો! હવે રસોઈ તૈયાર કરવી જોઈએ. એ બેઠો થયો, અને અગ્નિ લેવા ગયો. પણ અગ્નિ તો ક્યારનો ઠરીને રાખ થઈ ગયો હતો! એણે અરણીના લાકડાનો એક

ટુકડો લીધો; એને ફેરવી ફેરવીને જોયો. એને થયું : અરે, આમાં અગ્નિ ક્યાં છે? કદાચ એની અંદર અગ્નિ બેઠો હશે. અને એ તો અરણીના લાકડાના ટુકડા ઉપર ટુકડા કરવા લાગ્યો, પણ અગ્નિ ન મળ્યો તે ન જ મળ્યો!

એ લમણે હાથ દઈને બેઠો. એના હાથ-પગ ઢીલા થઈ ગયા એને થયું : મારા સાથીઓએ મને દગો દીધો! આ તો મારી મશ્કરી કરવાની વાત છે. આમાં અગ્નિ ક્યા છે? લાકડામાં તે વળી ક્યાંય અગ્નિ રહેતો હશે ખરો? એના આગળી આગળી જેવડા કટકા કરવા છતા એમા અગ્નિ ક્યાય નજરે ન પડ્યો. એ બિચારો દુઃખી, ઉદાસ ને ગુસ્સે થઈને આમ તેમ આંટા મારવા લાગ્યો.

સાજ પડી એટલે બધા સાથીઓ લાકડા કાપીને આવી ગયા. બધાને હતું : બસ, પહોંચીશું કે રસોઈ તૈયાર મળશે! કકડીને ભૂખ લાગી હતી દિવસ આખો મજૂરી કરવાથી ખૂબ ભૂખ લાગે એમા શી નવાઈ? પણ ત્યા પહોંચીને એમણે જોયું કે અહીં તો હજી અગ્નિ પણ નથી પેટાવ્યો; વાસણ બધા એમ ને એમ જ ખાલી પડયા છે!

સાથીઓને આવેલા જોઈને પેલો સાથી બબડવા લાગ્યો : "તમે લોકો ધુતારા છો! કહી ગયા કે અરણીમાથી અગ્નિ મેળવી લેજે! આમાં તે અગ્નિ શું તમારા બાપ-દાદા મૂકી ગયા છે? એનો એક એક ટુકડો કરીને જોયું, પણ અગ્નિ ક્યાંય ન મળ્યો! આમાં અગ્નિ છે જ નહીં, પછી ક્યાથી મળે? અને જરા કહો તો ખરા, અગ્નિ જ ન હોય તો પછી રસોઈ બનાવવી કેમ કરી?"

એનો આવો જવાબ સાંભળીને બધા ગાળાગાળી કરીને ઝઘડવા લાગ્યા.

બે-પાંચ-સો વાર નીરખ્યો, બસ, એ તો એને નિરંતર નીરખતી જ રહી !

ભિક્ષુ ઉપગુપ્ત દુનિયાની નજરે એક ભિખારી હતો, પણ હૃદયની દુનિયામા, આધ્યાત્મિક સંપત્તિની દૃષ્ટિએ, એ એક રાજરાજેશ્વર હતો. મનના સામ્રાજ્ય કરતાં મોટુ અને શ્રેષ્ઠ સામ્રાજ્ય કોઈ નથી. ઉપગુપ્તે પોતાના એ જ મન ઉપર વિજય મેળવ્યો હતો એ પોતે રાજરાજેશ્વર હતો અને બધી ઇંદ્રિયો એની પ્રજા હતી. એનાં નેત્રો શાંત અને સ્વસ્થ હતાં. એના પ્રશાંત મુખમંડલ ઉપર સ્વર્ગના દિવ્ય તેજની કાંતિ પ્રકાશતી હતી.

વાસવદત્તાએ પોતાની વાણીમાં સ્નેહનું અમૃત ઘોળતાં કહ્યું: "ભિક્ષુ, આપનું ભિક્ષાપાત્ર આગળ ધરો હું આપને ભિક્ષામાં મારા હૃદયનું દાન કરવા ઇચ્છું છું."

ઉપગુપ્તે પૂછ્યું: "એનો અર્થ શું સમજવો ?"

વાસવદત્તાએ જવાબમાં કહ્યું: "એનો અર્થ એ છે કે આપની આ સુકોમળ કાયા ભિક્ષાવૃત્તિને માટે નથી; આ અનુપમ સૌંદર્ય-કુસુમ સંસાર-સુખના સ્પર્શથી સર્વથા દૂર પડ્યું પડ્યું, સંયમની યંત્રણાના વનવગડામાં કરમાઈને ખરી પડવા માટે નથી સર્જાયું ! પધારો, ભિક્ષુ ! પધારો, મારા સ્વર્ગ-સદનમાં આપના પગલાં કરો ! વિશ્વસ્વામિની હું આજે આપની દાસી બનીશ !"

વાસનાના પ્રભાવથી મુક્ત બનેલા ઉપગુપ્તના મુખમંડળ ઉપર હાસ્યની એક આછી પ્રસન્ન રેખા ઊપસી આવી. થોડીક વાર મૌન સેવીને એણે કહ્યું: "અત્યારે તો વખત નથી હો, પછી કોઈક દિવસ, યોગ્ય સમયે, આવી પહોંચીશ".

અને ઉપગુપ્ત ઉતાવળે પગલે સંઘારામ તરફ ચાલતો થયો.

*

કોઈ ધનવાન પ્રેમીનું ખૂન કરવાનો ગુનો વાસવદત્તાથી થઈ ગયો. એ ગુના માટે દેહાંત દંડની સજા તો ન થઈ, પણ એને કુરૂપ બનાવી દેવાની આકરી સજા મળી. એના મુખ-ચંદ્રમાંથી આંખો કાઢી લેવામાં આવી, એનાં નાક-કાન કાપી લેવામાં આવ્યા, એની કમળતંતુ જેવી સુકોમળ બાહુ-ઓને છેદી નાખવામાં આવી. એની બધી સંપત્તિ પડાવી લેવામાં આવી.

રાજાની આજ્ઞાથી જલ્લાદે વાસવદત્તાને આ રીતે કુરૂપ અને ઘૃણા ઊપજે એવી બનાવી દઈને રાજમાર્ગ ઉપર રઝળતી મૂકી દીધી. એની સાથે એક રાજસેવક હતો એ ફૂટેલો ઢોલ વગાડીને, ઊંચે સાદે, સમસ્ત પ્રજાજનોને વાસવદત્તાની પાપકથા કહી સંભળાવતો હતો

કેટલું ભયાનક અને ઘૃણાજનક હતું એ દૃશ્ય! વાસવ-દત્તાના ઘામાથી લોહી અને પરૂ વહી રહ્યું હતું; એના ઉપર માખીઓ બણબણતી હતી પણ હાથ નહીં હોવાથી એ કમનસીબ નારી એ માખીઓને ઉડાડી પણ નહોતી શકતી! એના સૌંદર્યના ગ્રાહકો આજે એના ઉપર ઘૃણા વરસાવતા હતા; એને જોઈને દૂરથી નાસી જતા હતા! બધા લોકો એના તરફ થૂ–થૂ કરતા હતા રસ્તે ચાલ્યો જતો એક લૂલો–લંગડો, કાઢિયો ભિક્ષુક પણ એના સ્પર્શથી બચવાનો પ્રયત્ન કરી રહ્યો હતો!

વાસવદત્તા મૂર્છિત થઈને એક ઠેકાણે ઢળી પડી!

એ જ વખતે કોઈએ એના માથા ઉપર કરુણાની

લાગણીનો અભિષેક કરતો હાથ મૂકો—ચંદનના જેવો શીતળ!

મૂર્છા વળતાં વાસવદત્તાએ પૂછયું : "કોણ છે આ?"

જવાબ મળ્યો. "એ તો હું ઉપગુપ્ત છું."

વાસવદત્તાએ ઊંડો નિસાસો મૂકીને કહ્યું : "પાછા ચાલ્યા જાઓ, ભિક્ષુ, પાછા વળી જાઓ! અત્યારે તમે શા માટે આવ્યા છો? તમને આપવા જેવું અત્યારે મારી પાસે કશું જ નથી. શું તમે મારી હાંસી કરવા આવ્યા છો?"

ઉપગુપ્તે કરુણાભીના સ્વરે કહ્યું : "બહેન! શાંતિ રાખ, ધીરજ ધારણ કર મેં તને કહ્યું હતું કે 'અત્યારે તો વખત નથી, પછી કોઈક દિવસ આવી પહોંચીશ.' એટલા માટે તો હું અત્યારે બરાબર વખતસર આવી પહોંચ્યો છું. જો બહેન, સંસારનું આ બધુંય—રૂપ, ધન, સત્તા, ભોગવિલાસ—ક્ષણભંગુર છે. પછી એનો હરખ કે શોક શો કરવો? આત્માના અનંત સાંદર્યની સાધના માટે તૈયાર થઈ જા! હું તને શાતિના સામ્રાજ્યમાં લઈ જવા માટે આવ્યો છું."

ભિક્ષુ ઉપગુપ્ત વાસવદત્તાને પોતાતા આશ્રમમા લઈ ગયો. દિલ દઈને એણે એની સેવા–ચાકરી કરી. પાપ-તાપથી બળેલી–જળેલી વાસવદત્તાએ પશ્ચાત્તાપ અને પ્રાય-શ્ચિતની ગંગામા સ્નાન કર્યું, પ્રવ્રજ્યા લીધી અને પોતાનું બાકીનું જીવન શાતિથી વિતાવ્યું.

[ જીવન ને ચલચિત્ર, પૃ. ૩૮ ]

## ૨૯

# મોક્ષનું સુખ કેવું ?

એક દિવસ એક રાજા દૂર દેશાવરથી આવેલા એક નવા ઘોડા પર બેસીને વનવિહારની મોજ માણવા જંગલમાં ગયો, અને જોતજોતામાં દૂર નીકળી ગયો. એના સૈનિકો બહુ પાછળ રહી ગયા અને રાજા સાવ એકલો પડી ગયો!

ઉનાળાનો વખત હતો, તડકો આકરો હતો અને હવા આગ વરસાવતી હતી. ઘોડો દોડાવતાં દોડાવતાં રાજા છેવટે થાકીને લોથ થઈ ગયો. તરસને લીધે જીવ કંઠે આવી ગયો. પણ એ ભયંકર જંગલમાં દૂર દૂર સુધી ક્યાંય પાણી નજરે પડ્યું નહીં રાજાના બેચેન પ્રાણ પાણીના એક એક ટીપા માટે તરફડતા હતા. છેવટે એક ઘટાદાર વૃક્ષની છાયામાં એણે ઘોડાને ઊભો રાખ્યો, અને આરામ કરવા જેવો ઘોડા ઉપરથી નીચે ઊતર્યો કે એ મૂર્છા ખાઈને જમીન પર ઢળી પડ્યો અને બેશુદ્ધ થઈ ગયો.

એક ભીલ જુવાન શિકારની શોધમાં ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો. એણે જોયું કે એક મુસાફર બેહોશ થઈને ત્યાં પડ્યો છે, અને એની પાસે જ એક સુંદર તેજસ્વી ઘોડો ખડો છે.

ભીલ જુવાન નજીક ગયો. એ સમજી ગયો કે, આ મુસાફર જરૂર ગરમીથી ગભરાઈ ગયો છે. એણે પોતાની પાસેનું પાણી રાજાના મોં ઉપર છાટ્યું. રાજામાં કંઈક ચેતના આવી રાજાએ પાણી જોયું તો મોં ઉપર હાથ લગાવીને પાણી પાવાનો ઇશારો કર્યો. તરસને લીધે એનાથી

બોલી શકાતું ન હતું.

ભીલ જુવાને એને પાણી પાયું અને પોતાના ભાતામાંથી થોડીક રોટલી, કંદમૂળ અને વનફળ પણ રાજાને ખાવાને માટે આપ્યાં.

ભીલ જુવાનનું આવું સૌજન્ય જોઈને રાજા ખૂબ પ્રસન્ન થયો. એણે કહ્યું: "તેં મને આજે નવું જીવન આપ્યું છે; તેં મારા ઉપર આજે મોટો ઉપકાર કર્યો છે."

"આમાં શી મોટી વાત છે, ભાઈ? ભૂખ્યા અને તરસ્યા રાહદારીને અન્ન-પાણી આપવાં એ તો એક માનવીનું બીજા માનવી પ્રત્યેનું સાધારણ કર્તવ્ય છે." ભીલ યુવકે ખૂબ નિઃસ્પૃહતાભર્યો જવાબ આપ્યો.

એ જવાબ સાંભળીને રાજાનું હૃદય વધુ ગળગળું થઈ ગયું · આ જંગલી કહેવાતા માણસોમાં પણ માનવતાનું કેવું સુંદર અને કોમળ રૂપ શોભી રહ્યું છે! રાજાએ એના ખભે હાથ મૂકતાં કહ્યું: "ભાઈ, આમ તો હું રાજા છું, પણ અત્યારે હું તને શું આપું? મારી પાસે તને આપવા જેવું કશું જ નથી. ક્યારેક શહેરમા આવજે!"

"અરે, આપવાની શી વાત કરો છો? મે પાણી અને રોટી વેચ્યાં છે થોડાં જ?" ભીલપુત્રે કહ્યું.

રાજાની આંખો સ્નેહ અને કૃતજ્ઞતાનાં આંસુ વરસાવી રહી. "તું ક્યારેક તો શહેરમાં જરૂર આવજે!" રાજાએ ખૂબ આગ્રહપૂર્વક કહ્યુ.

"ક્યારેક આવીશ તો જરૂર મળીશ ભલા, તારું નામ-ઠામ તો કહે. અને ત્યારે તું મને ઓળખી શકીશ તો ખરો ને?"

નગરના નિવાસીઓ ઉપરનો આવો આકરો કટાક્ષ સાંભળીને રાજાનું માથું શરમને લીધે ઝૂકી ગયું. એણે કહ્યું : "અરે ભાઈ, કેમ નહીં ઓળખી શકું ? ત્યાં ગમે તેને ફક્ત એટલું જ પૂછી લેજે કે રાજાનો મહેલ ક્યાં છે ?"

"સારું, આ મહેલ વળી શું હોય છે? તારું ઘર બતાવ, ઘર!" એણે આશ્ચર્યમાં પૂછયું

"હા, હા, ઘર જ તો!" રાજા એ વનવાસી માનવીની સહજ સરળતા ઉપર મુગ્ધ થઈ ગયો.

"તો હું તને તારા ઘર સુધી મૂકી જાઉં ?" ભીલ-પુત્રે પૂછયું.

રાજાએ એને સમજાવ્યું. "ના, ના હવે હું સ્વસ્થ છું, મારી મેળે ચાલ્યો જઈશ. મારી પાછળ પાછળ મારા માણસો પણ આવતા જ હશે."

રાજા ઘોડા પર બેસીને નગરની દિશામાં ચાલતો થયો. થોડેક જ દૂર ગયો કે એના સૈનિકો પણ આવી પહોંચ્યા.

થોડાક દિવસ પછી એ ભીલ-પુત્ર નગરમાં આવ્યો. એને થયું રાજાને ઘેર જઈને જરા મળી તો આવું.

નગરમાં એણે પૂછયું "રાજાનું ઘર ક્યાં છે ?"

લોકોએ હસતાં હસતાં કહ્યું : "અરે મૂરખ! ઘર નહીં, મહેલ કહે!"

એણે કહ્યું. "અરે હા, મહેલ જ તો એણે એવું જ કંઈક કહ્યું હતું!"

લોકોએ એને રાજમહેલનો માર્ગ બતાવી દીધો એ સીધો રાજમહેલના દરવાજે પહોંચી ગયો જોયું તો, રાજાનું ઘર તો ખૂબ મોટું છે, ખૂબ ઊંચું છે અને ખૂબ સુંદર છે.

એ મહેલમાં દાખલ થવા આગળ વધ્યો તો દરવાને એને રોક્યો : "અરે ઓ ! ક્યાં જાય છે ?"

"અહીં કોઈ રાજા રહે છે ને ?"

"જરા સંભાળીને બોલ ! શું બાકી રહ્યો છે ! કંઈ નશો-બશો તો કર્યો નથી ને ?" દરવાને એને ટોક્યો.

એટલામાં મહેલના ઝરૂખામાંથી રાજાએ એ ભીલપુત્રને દ્વાર ઉપર ઊભેલો જોયો. બસ, એને જોયો કે તરત જ રાજા પોતે નીચે દોડી આવ્યો અને ખૂબ પ્રેમપૂર્વક ભીલ-પુત્રને ઉપર લઈ ગયો

રાજમહેલની મનોહર શોભા, એની વિશાળતા અને સુવ્યવસ્થા જોઈ ને ભીલપુત્ર તો મૂઢ જેવો થઈ ગયો. રાજાએ એને મખમલની ગાદી ઉપર બેસાર્યો, તો એની કોમળતા અને સુંવાળપ જોઈ ને એને ભારે નવાઈ લાગી.

જમતી વખતે રાજાએ એને પોતાની પાસે જ બેસાડ્યો. રત્નજડેલા સોનાના થાળમાં જાતજાતનાં પકવાન, શાક અને બીજી અનેક વાનીઓ જોઈ ને એ તો ભ્રમિત થઈ ગયો, ચકિત થઈ ને જોઈ જ રહ્યો જ્યારે એ જમવા લાગ્યો ત્યારે એના અદ્ભુત સ્વાદ અને રસથી એ ખૂબ પ્રસન્ન થયો એનું તન અને મન જાણે નાચી ઊઠ્યું !

જમ્યા પછી રાજાએ એની સાથે જઈ ને આખો રાજમહેલ એને બતાવ્યો. ચિત્ર-વિચિત્ર કારીગરી, સુવર્ણ અને મણિ-રત્નોની એક એકથી ચઢિયાતી કળામય વસ્તુઓ, વૈભવ અને ઐશ્વર્યનો ભંડાર—એ બધું નીરખીને ભીલપુત્રને તો એમ જ લાગ્યુ કે જાણે પોતે કોઈ તિલસ્મી—જાદુઈ દુનિયામા ઘૂમી રહ્યો છે !

મહેલમાંનું બધું જ એને વિલક્ષણ, અદ્ભુત અને આનંદજનક લાગ્યું. રાજમહેલની આ સુખ-સમૃદ્ધિ એણે જીવનમાં પહેલી જ વાર જોઈ હતી. અને એની એ પ્રત્યક્ષ તો શું, સ્વપ્નમાં પણ ક્યારેય કલ્પના કરી શકયો ન હતો!

બે-ચાર દિવસ આ રીતે જ આનંદ–ઉપભોગમાં વીતી ગયા. છેવટે એને પોતાનું ઘર સાંભરી આવ્યું, માતા-પિતાનું અને ભાઈઓનું સ્મરણ થઈ આવ્યું, અને સાથોસાથ આ વિચિત્ર આનંદનો અનુભવ એમને કહી સંભળાવવા માટે એનું મન જંગલમાં પહોંચી જવા તલસી રહ્યું. છેવટે તો એ ભીલ-પુત્ર જ હતો ને!

અને એક દિવસ કોઈને કંઈ કહ્યા–સાંભળ્યા વગર જ, છાનોમાનો, એ પોતાના વન તરફ દોડી ગયો!

અત્યારે ભીલ-પુત્રના પગ જાણે ધરતીને અડતા જ ન હતા. જાણે હવામા ઊડતો હોય, એમ એ જંગલમાં આવી પહોચ્યો. સ્વજનો અને સોબતીઓને મળીને એ એમની આગળ ત્યાંના પોતાના આનંદ અને વૈભવનું વર્ણન કરવા લાગ્યો

જ્યારે એના સાથીઓએ એને પૂછ્યું કે "ત્યાં તે શું જોયું, શું ખાધું?" ત્યારે એને કોઈ પણ વસ્તુનું નામ-ઠામ તો આવડતું જ ન હતું, એણે તો ફક્ત એક જ જવાબ આપ્યો. "એ ખૂબ સારું હતું, ખૂબ સ્વાદિષ્ટ હતું; અને બસ, તમને શું કહું, ત્યા ખૂબ ખૂબ આનંદ આવ્યો!"

સોબતીઓએ વનમાંની અનેક વસ્તુઓનાં નામ ગણાવ્યાં, પણ એ બધાના જવાબમાં એ તો ફક્ત એમ જ કહેતો ગયો કે, "એનાથી પણ વધારે સ્વાદિષ્ટ! એનાથી પણ વધારે સુંદર! એ....એ....અને એ....!"

નગરના સૌંદર્યનું અને રાજમહેલના સુખ તેમ જ આનંદનું વર્ણન કરવા માટે એની પાસે ન શબ્દો હતા, ન કોઈ ઉપમા હતી અનુભવો અંતરમાં ઉછાળા મારી રહ્યા હતા, પણ એ અનુભવો શબ્દોની પકડથી પર હતા!

આ રૂપકનો ભાવાર્થ સમજાવતા ભગવાન મહાવીરે કહ્યું : "ભિક્ષુઓ! જે લોકોએ અત્યાર સુધીમાં મોક્ષના આનંદનો અનુભવ કર્યો નથી તેઓ, વનવાસી ભીલોની જેમ, મોક્ષના આનંદની કલ્પના પણ નથી કરી શકતા. જેઓએ, પોતાના જ્ઞાનને બળે, મોક્ષનાં સુખોનો અનુભવ કર્યો પણ હોય, તેઓની પાસે, ભીલપુત્રની જેમ, એનું વર્ણન કરવા માટે યોગ્ય શબ્દો નથી હોતા; એની તુલના કરી શકે એવી કોઈ ઉપમા નથી હોતી શબ્દથી એનું વર્ણન ફક્ત એટલું જ થઈ શકે કે મોક્ષમાં પરમ આનંદ છે, અનુપમ સુખ છે; કેમકે એ સુખ અનુભવથી જાણી શકાય એવું છે, શબ્દોથી જાણી શકાય એવું નહીં."

[ઔપપાતિકસૂત્ર]

[ભગવાન મહાવીર કી બોધકથાએ, પૃ ૯૦]

## ૩૦

## દરજી અને મહંત

એક બાઉલ ભક્ત મઠના મહંતનું પેરણ સિવડાવવા દરજીની પાસે ગયા. દરજીએ માપ લઈ લીધું અને પેરણ સીવવા માડ્યું. દરજી પોતાની ધૂનમાં મસ્ત હતો. બન્યું એવું કે પેરણની એક બાય અડધા હાથ જેટલી ટૂંકી રહી ગઈ.

મહંતે એ જોયું તો એ મિજાજ ગુમાવી બેઠા : "નાલાયક, તેં આ શું કર્યું ? કહે, હવે આ પેરણુ કેવી રીતે ફિટ થશે ?"

દરજીએ કહ્યું : "એમાં શું થઈ ગયું ? ફિટ થવાની શી વાત છે—તમારો અડધો હાથ કાપી નાખો !"

હવે તો મહંતના મગજનો પારો વધારે ઊંચે ચડી ગયો : "તું પાગલ તો નથી થઈ ગયો ને ? પેરણુની અડધી બાય ફિટ થાય એ માટે શું હું મારો હાથ કાપી નાખું ?"

દરજીએ ધર્મગુરુની આંખો ઉઘાડતાં કહ્યું. "તમે બીજું કરો છો જ શું ? શિષ્યોને હમેશાં ક્રિયાકાંડરૂપ ચીલાચાલુ ધર્મમાં ફિટ કરવા માટે તમે આત્માના અખંડ શાશ્વત ધર્મનો ધ્વંસ કરવાનો ઉપદેશ આપ્યા કરો છો, એ શું પાગલપણું નથી ? હાથ કાપવાથી તો ફક્ત એક જન્મનું શરીર જ ખંડિત થાય છે, પરંતુ ચીલાચાલુ ધર્મને માટે અખંડ ધર્મની કાપકૂપ કરવાથી તો સનાતન સત્યનો નાશ થઈ જાય છે."

[ જીવન કે ચલચિત્ર, પૃ ૫૧ ]

## ૩૧

## કથની નહીં, કરણી

એકવાર હું ઉપાશ્રયના ઝરૂખામાં ઊભો હતો. જોયું તો સાધારણ કપડાં પહેરેલી એક નાની છોકરી દહીં લઈને આનંદમાં સામેથી ચાલી આવતી હતી. કેટલાક લોકો

સામેથી આવી રહ્યા હતા, એ એ છોકરી સાથે અથડાઈ પડ્યા. બિચારી છોકરીનું દહીં રસ્તા ઉપર ચારે કોર વેરાઈ ગયું.

દહીં ઢોળાઈ જવાથી બિચારી છોકરી તો રડવા લાગી. લોકો ભેગા થઈને પૂછવા લાગ્યા કે શું થયું ? લોકો એ છોકરીને સમજાવતા હતા: "બહેન, તારે ઘેર ચાલી જા! કશું નથી થયું, રોઈશ નહીં."

પણ છોકરી તો રોતી જ રહી, છાની ન રહી. લોકોએ એને બહુ બહુ સમજાવી, છાના રહેવાનો ઉપદેશ આપ્યો, પણ એનું રુદન બંધ ન પડ્યું. એ જાણતી હતી કે માની પાસે કેટલી હઠ કરીને દહીંને માટે પૈસા લીધા છે! હવે ઘેર પહોંચતા જ મા બે-ચાર લપડાક ચોડી દેશે!

હું જોઈ રહ્યો હતો કે ત્યા ઉપદેશ દેવાવાળા તો ઘણા આવતા હતા, પણ કોઈ સહકાર અને સહાનુભૂતિભર્યું સંવેદનશીલ હૃદય લઈને આવતું ન હતું.

છેવટે એક સજ્જન આવ્યા. એમણે પૂછ્યું: "બેટી, શું થયું, તારું દહીં ઢોળાઈ ગયું? રોઈશ નહીં, લે આ પૈસા અને લઈ આવ દહીં!"

છોકરીનું રુદન તરત જ શાંત થઈ ગયું. એ ઊછળતી—કૂદતી રવાના થઈ ગઈ

['શ્રી અમર ભારતી,' જૂન, ૧૯૬૮]

## ૩૨

## હાજરજવાબ

એક ફકીરને કકડીને ભૂખ લાગી હતી. સામેથી શહેરના એક પૈસાદાર ચાલ્યા જતા હતા. એણે એમની સામે પોતાનો હાથ લાંબો કરીને કહ્યું: "બાબા, કંઈક દયા કરો. ખૂબ ભૂખ લાગી છે"

પૈસાદાર માણસે કટાક્ષમાં કહ્યું · "અહીં તારી દાળ નહીં ચડે."

ફકીરે તરત જ જવાબ આપ્યો : "પાણી સારું હોત તો દાળ જરૂર ચડી જાત!" અને ફકીર હસતો હસતો ચાલતો થયો

[ જીવન કે ચલચિત્ર પૃ ૧૫૧ ]

## ૩૩

## ભટ્ટાની કસોટી

ક્ષિતિપ્રતિષ્ઠાન નગરમાં એક શ્રેષ્ઠી રહે. એને એક પુત્રી. એનું નામ ભટ્ટા. પિતાને એના ઉપર ખૂબ હેત હતું. અને એ પૂરા લાડકોડમાં ઊછરી હતી.

ભટ્ટાનું રૂપ અલૌકિક હતું. એનો સુવર્ણ જેવો ઊજળો વાન ભલભલાનાં મન મોહી લેતો. અને પોતાના રૂપનું એને અભિમાન પણ ઘણું હતું. વળી, નાનપણથી એ મોઢે ચઢા-

વેલી, તુંડમિજાજી ઉદ્ધત છોકરી હતી. એટલે લોકો એને અચ્ચંકારી ભટ્ટા કહેતા. અચ્ચંકારી એટલે જેને કોઈ તુંકારો ન કરી શકે એવી તુંડમિજાજી!

સુબુદ્ધિ મંત્રી એના રૂપ પર મોહી ગયો. ભટ્ટાએ એની સાથે એવી શરતે લગ્ન કર્યાં કે એની ઇચ્છા વિરુદ્ધ ઘરમાં કશું કરવામાં નહીં આવે, અને એની આજ્ઞાનું ક્યારેય ઉલ્લંઘન નહીં થાય.

મંત્રીને રાત્રે ઘેર પાછા ફરતાં મોડું થઈ જતું. ભટ્ટાએ એક દિવસ એમને વેળાસર ઘેર આવવા આદેશ કર્યો. મંત્રીએ એ આદેશ માથે ચડાવ્યો. અને તેઓ રાત્રે વહેલા ઘેર આવવા લાગ્યા. પણ એક દિવસ રાજકાજમાં રોકાઈ રહેવાથી મંત્રીને ઘેર આવતાં મોડું થઈ ગયું

બસ, પછી તો પૂછવું જ શું ? ભટ્ટાનો મિજાજ બગડી ગયો; અહંકારનો નશો એના ઉપર ચડી બેઠો. પતિ આવ્યો કે તરત જ એને એણે એવો ઊધડો લીધો કે જાણે કોઈ શેઠ પોતાના નોકરને ધમકાવતા ન હોય!

મંત્રીએ એને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ ગર્વિષ્ઠ ભટ્ટા અભિમાનના નશામાં એવી છકી ગઈ હતી કે એ એકદમ ઘરથી બહાર નીકળી પડી અને બોલી ઊઠી કે "જ્યાં મારી આજ્ઞાનો ભંગ થાય છે, ત્યાં હું નથી રહી શકતી!"

અને અંધારી ઘોર રાતમાં એ પોતાના પિયર તરફ રવાના થઈ. એનું શરીર રત્ને જડચા સોનાના દાગીનાથી લદાયેલું હતું. અને, બનવા કાળ તે, એ ચોરોને હાથ પડી!

ચોરો એને પોતાના સેનાપતિની પાસે લઈ ગયા. ચોરોનો સેનાપતિ એના શિયળનો ભંગ કરવા તૈયાર થયો,

પણ ભદ્રા એકની બે ન થઈ. સેનાપતિ રોષે ભરાયો અને એને ખૂબ દુઃખ અને યાતના આપવા લાગ્યો. છતાં એ ન માની એટલે છેવટે થાકીને સેનાપતિએ એને જલ્લક નામના વૈદ્યને વેચી દીધી!

જલ્લક વૈદ્યે પણ એને પોતાની પત્ની બનવા સમજાવી, પણ ભદ્રાએ એની વાત નકારી કાઢી. એટલે એણે એના ઉપર જળો મુકાવીને એના શરીરમાંનું લોહી ચુસાવી લીધું, એને ખૂબ પીડા પહોંચાડી. આના લીધે રૂપવતી ભદ્રા કદરૂપી બની ગઈ; કષ્ટો અને યાતનાઓની ઠોકરો ખાઈને એના અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા; અને રુદન અને વલોપાત કરતી કરતી એ પોતાની કરણીને ધિક્કારવા લાગી.

એક દિવસ કોઈ કામસર એનો ભાઈ ત્યા આવી પહોંચ્યો. ભદ્રાની આવી દુર્દશા જોઈને એની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં એણે વૈદ્યને ઘણું ધન આપીને પોતાની બહેનને એની પાસેથી છોડાવી લીધી. ભદ્રાનું મન સ્વસ્થ થયું એટલે એણે પોતાના પતિ મંત્રી પાસે, પોતાના અવિનય માટે, માફી માગી

અભિમાનનાં આવાં કડવાં ફળ ચાખીને ભદ્રાનું હૃદય એટલું બધું સરળ અને શાંત થઈ ગયું કે એણે પ્રતિજ્ઞા કરી કે હવે હું ક્યારેય અહંકાર તથા ક્રોધ નહીં કરું.

એક દિવસની વાત છે: એક મુનિ ભદ્રાને ત્યાં સહસ્રપાક તેલ લેવા આવ્યા. આવું બહુ કીમતી તેલ કંઈ બધે મળી પણ શકતું નથી. ભદ્રાએ હર્ષપૂર્વક તેલનું દાન કરવા માટે દાસીને તેલનો ઘડો લઈ આવવા કહ્યું. દાસીએ જેવો ઘડો ઉઠાવ્યો કે એ એના હાથમાથી છટકી ગયો. ઘડો પડતા જ દાસીનું હૈયું ધડકી ઊઠ્યું. એને થયું: આ માટે,

ન માલૂમ, શેઠાણી કેવી રાજા કરશે? કદાચ હાથ-પગ કપાવી નાખશે કે, વખત છે ને, જીવ પણ લઈ લેશે!

પણ ભદ્રા તો એવી જ શાંતિથી બોલી: "ગભરાઈશ નહીં. જા, બીજો ઘડો લઈ આવ."

દાસીએ બીજો ઘડો ઉપાડયો તો એ પણ ધડાક દઈને છૂટી ગયો! પણ ભદ્રાએ, એવા જ પ્રસન્ન મુખે, ત્રીજો ઘડો લઈ આવવા કહ્યું.

ભયને લીધે બિચારી દાસીના હાથ-પગ થર થર કાંપતા હતા. એણે ત્રીજો ઘડો લાવવામાં ખૂબ સાવચેતી રાખી, પણ ત્રીજી વાર પણ ઘડો હાથમાંથી છટકી ગયો! છતાં ભદ્રા તો એવી ને એવી જ વિનમ્ર અને શાંત હતી. એના મો ઉપર ક્રોધની એકાદ રેખા પણ ન ઊપસી આવી. દાસીને દિલાસો દઈને છેલ્લો–ચોથો ઘડો લાવવા એ પોતે ગઈ અને ઘડો લાવીને એણે મુનિને તેલનું દાન આપ્યુ

ચકિત થયેલા મુનિ તો એની સામે જોઈ જ રહ્યા! અહંકાર અને ક્રોધની પૂતળી જેવી ભદ્રા, જેને લોકો તુંકારાથી બોલાવી શકતા ન હતા, અને તેથી જ લોકોએ એનું નામ અચ્ચંકારી પાડયું હતું, એ આજે કેટલી શાંત, સૌમ્ય અને સરળ બની ગઈ હતી કે સહસ્રપાક તેલ જેવી બહુ-મૂલ્ય વસ્તુના ત્રણ–ત્રણ ઘડા ફૂટી જવા છતાં એના મોં પર ખેદ કે ક્રોધની એકાદ રેખા પણ નહોતી ઊઠી!

ભદ્રા મુનિની આંખોમા રહેલું કુતૂહલ તરત જ સમજી ગઈ. પોતાની જીવનકથા કહીને એમનું સમાધાન કરતાં એણે કહ્યું "મુનિવર! ક્રોધ અને અભિમાનનાં કડવાં ફળ હું ચાખી ચૂકી છુ. જો આ જીવનમાં જ એના આવાં કડવાં ફળ ભોગવવા પડતા હોય, તો આવતા ભવમાં તો, કોણ

જાણે, એનાં કેવાંય કડવાં ફળ વેઠવાનો વખત આવે ! અંતરમાં જાગેલા વિવેકના બળે મેં અહંકારના ઝેરને અંદરથી કાઢીને મારા મનને નિર્મળ બનાવી દીધું છે. એથી હવે મને ન તો ક્રોધ સતાવે છે કે ન અહંકાર.”

[‘શ્રી અમર ભારતી,’ સપ્ટેમ્બર, ૧૯૬૭ ]

૩૪

## સારા કામમાં શરમ કેવી ?

ગાંધીજીના સત્યાગ્રહનો યુગ હતો. લોકો હોંશે હોંશે જેલમાં જતા હતા સ્વામી ભવાનીદયાલજીનાં પત્ની પણ જેલમાં ગયાં અને ત્યાં બીમાર થઈ ગયાં. ગાંધીજીએ પોતે જ એમને એક ઠેલણગાડી ઉપર સુવાડી દીધાં. અને પછી તેઓ પોતે જ ઠેલણગાડીને ખેંચવા લાગ્યા.

એ જોઈને ભવાનીદયાલજીએ :કહ્યું. “ અમે અહીં હાજર છીએ અને આપ ગાડી ખેંચો, એ સારું ન કહેવાય.”

ગાંધીજીએ સ્વામીજીને ઠપકો આપતા કહ્યું : “ હું કંઈ સારું કામ કરતો હોઉં, એમા દખલગીરી કરવાનો કોઈને અધિકાર નથી. જ્યારે હું થાકી જઈશ, ત્યારે તમને બોલાવી લઈશ. સારું કામ કરવામાં કોઈને કોઈ પણ જાતની શરમ શા માટે ઊપજવી જોઈએ ? ”

અને બાપુજી બે-અઢી માઈલ સુધી એકલા એકલા જ ઠેલણગાડીને ખેંચીને આશ્રમ સુધી લઈ ગયા !

[ જીવન કે ચલચિત્ર, પૃ. ૭૫ ]

## ૩૫

# દેહનું પોષણ

રાજગૃહ નગરમાં ધન્ના સાર્થવાહ નામે એક ધનાઢ્ય વેપારી રહેતો હતો. ભદ્રા એની પત્ની હતી. એ જેવી રૂપવતી હતી, એવી જ ગુણિયલ હતી. પણ, કર્મ સંજોગે, હજી એનો ખોળો ખાલી હતો પાડોશીઓનાં ઘરોમાં નાનાં નાનાં બાળકોને ખેલતાં–કૂદતાં અને હસતાં–કિલ્લોલ કરતાં જોઈને એનું હૈયું પુત્રની લાલસાથી બેચેન બની જતું.

કાળને કરવું તે મોટી ઉંમરે ભદ્રાનો ખોળો ભર્યો ભર્યો થઈ ગયો · એને દીકરો અવતર્યો. ઘરમાં આનંદ આનંદ પ્રવર્તી રહ્યો. પોતાના આ એકના એક દીકરા ઉપર મા–બાપને અપાર હેત હતું. પુત્રનું નામ રાખ્યું, દેવદત્ત.

સાર્થવાહને એક સર્વાંગસુંદર અને વિશ્વાસપાત્ર નોકર હતો. એનું નામ પંથક. બાળકોને રમાડવાની કળામાં એ ખૂબ કુશળ હતો.

એક દિવસ ભદ્રાએ પુત્રને નવરાવી, સુંદર વસ્ત્રો અને ઘરેણાં પહેરાવીને પંથકના હાથમા આપ્યો. પંથક બાળકને તેડીને આમ તેમ ફરતો ફરતો રાજમાર્ગ ઉપર પહોંચી ગયો. જોયું તો, ત્યાં ઘણાં છોકરા-છોકરીઓ રમી રહ્યાં હતાં. બાળકને એક બાજુ બેસારીને એ પોતે બાળકો સાથે રમવામાં મશગૂલ બની ગયો.

એ વખતે રાજગૃહ નગરમાં વિજય નામના ચોરનો ભય છવાયેલો હતો એ ઘણો જ ઘાતકી અને લુચ્ચો હતો. બનવા કાળ તે એ વખતે એ રખડતો–ફરતો રાજમાર્ગ

ઉપર આવી ચડયો. શેઠના પુત્રને ભારે કીમતી વસ્ત્રો અને ઘરેણાંથી શણગારેલો જોઈને એના મોમાં પાણી આવી ગયું. એણે આસપાસ નજર ફેરવી તો પંથકને એણે નચિંતપણે રમતમાં મગ્ન થયેલો જોયો. બસ, પછી તો પૂછવાની જરૂર જ કયાં હતી ? વિજય ચોર શેઠના પુત્રને ઉપાડીને ચાલતો થયો !

નગરની બહાર જૂના વેરાન ઉદ્યાનમાં જઈને એણે એ બાળકનાં કપડાં–ઘરેણાં ઉતારી લીધાં અને ઘાતકીપણાથી એ દૂધમલ બાળકનું ગળું દાબી દઈને એને કોઈક અંધારિયા કૂવામાં નાખી દીધો ! જે ધનને માનવી પ્રાણથી પણ વધારે વહાલું ગણે છે, એ જ ધન ક્યારેક એના પ્રિય પ્રાણોનું હરનારું પણ બની જાય છે !

રમત પૂરી થઈ. પંથક બાળકને લેવા ગયો, તો ત્યાં બાળક જ ન મળે ! બિચારો ખૂબ ગભરાઈ ગયો. એનો જીવ સુકાવા લાગ્યો.

સાર્થવાહને જ્યારે આ વાતની ખબર પડી તો ઘરમાં હાહાકાર મચી ગયો ! ભદ્રા માથું પછાડી–પછાડીને રોવા લાગી. સાર્થવાહે કોટવાળની મદદથી પુત્રની તપાસ કરવા માંડી

નગરનો એક એક ખૂણો તપાસી લેવામાં આવ્યો, પણ ક્યાંયથી પુત્રનો પત્તો લાગ્યો નહીં. નગરની બહાર વેરાન સ્થાનોમાં, ગુફાઓમાં, જંગલમાં ચોમેર માણસોની એક પ્રકારની જાળ બિછાવી દેવામાં આવી. આખરે ઘણા ઘણા પ્રયત્નોને અંતે પુત્રનું શબ હાથ લાગ્યું. સાથે સાથે વિજય ચોર પણ પકડાઈ ગયો !

વિજય ચોરને જેલમાં લાકડાની હેડમાં આકરા બંધનમાં

નાખવામાં આવ્યો. એનું ખાન-પાન પણ બંધ કરી દેવામાં આવ્યું. અને એને રોજ દિવસમાં ત્રણવાર-સવારે, બપોરે ને સાંજે-સોટીનો માર પડવા લાગ્યો!

એવામાં ધન્ના સાર્થવાહને પણ કોઈ ગુનાસર પકડવામાં આવ્યા. જૂના વખતમાં સજા કરવાની રીત બહુ આકરી હતી. ધન્ના સાર્થવાહને પણ વિજય ચોરની સાથે, એ જ લાકડાની હેડમાં, બાંધી દેવામા આવ્યા!

ધન્નાને માટે એના ઘેરથી ખાવાનું આવ્યું. સ્વાદિષ્ટ વસ્તુઓ જોઈને વિજયનું મન લલચાઈ ગયું. એણે શેઠને આજીજી કરી: "શેઠ, હુંય ભૂખ્યો છું. તમારા આ ભોજનમાંથી મને પણ થોડુંક આપો, જેથી મારા પેટનો અગ્નિ પણ શાંત થઈ શકે."

ચોરની વાત સાંભળીને ધન્નો રાતો-પીળો થઈ ગયો. આંખોમાંથી ઘૃણા અને તિરસ્કારનો ભાવ પ્રગટ કરતાં એણે કહ્યું : "દુષ્ટ! તું તો મારા પુત્રનો ખૂની! તને ખાવાનું આપું?" ખાતાં ખાતાં કંઈક વધશે તો હું એ કાગડા-કૂતરાને નાખી દઈશ, પણ તારા જેવા દુષ્ટ-પાપીને એક દાણોય નહીં આપું!"

સાર્થવાહની વાત સાંભળીને વિજય ચોર મનમા ને મનમા સમસમી રહ્યો પણ કરી શું શકે? એ તો ચુપ રહ્યો.

થોડાક વખત પછી સાર્થવાહને જંગલ જવાની હાજત થઈ. અને એ માટે બહાર જવું જરૂરી હતું. પણ એકલો કેવી રીતે જઈ શકે?—એના પગ તો વિજયની સાથે એક જ હેડમાં બંધાયેલા હતા! સાર્થવાહે વિજયને કહ્યું : "વિજય, જરા મારી સાથે ચાલ, મારે શૌચ-નિવૃત્તિ માટે જવું છે."

વિજયને ગુસ્સો ઠાલવવાનો લાગ મળી ગયો. એણે કહ્યું : "જેણે ખાધું હશે એ જ શૌચને માટે જશે! ખાતી વખતે તો એકલા જ બધું સાફ કરી ગયા અને હવે ગરજ પડતાં વિજયને બોલાવો છો!"

બાપડો સાર્થવાહ ભારે મુસીબતમાં ફસાઈ ગયો. એણે વિજયની ઘણી ખુશામત કરી, પણ એ ન માન્યો. છેવટે સાર્થવાહને એમ કબૂલ કરવું પડ્યું કે "હું મારા ભોજનમાંથી અમુક ભાગ તને પણ આપતો રહીશ! મહેરબાની કરીને તું મને તારો થોડોક તો સાથ આપ!"

સાર્થવાહનું ખાવાનું આવ્યું તો વિજયને પણ એમાંથી ભાગ મળ્યો. ખાવાનું લઈને પેલો નોકર પંથક આવ્યો હતો. એનાથી આ જોયુ ન ગયુ. એણે ઘેર આવીને ભદ્રાને એ વાત કરી ભદ્રાનું રોમરોમ સળગી ઊઠ્યું!

થોડાક દિવસ વીત્યા અને સાર્થવાહ છૂટીને ઘેર આવ્યા. પણ ભદ્રાના તો રોમરોમમા રોષ ભર્યો હતો. એ તો ચુપચાપ બેસી જ રહી; ન એણે શેઠનું કંઈ સ્વાગત કર્યું કે ન કશી ખાતરબરદાસ્ત!

એણે કહ્યું : "તમે મારા પુત્રના ખૂનીને તમારી સાથે ખાવાનુ ખવરાવતા હતા! શું મારા ઉપર તમારો આવો જ પ્રેમ છે?"

સાર્થવાહે બધી વાત સમજાવતાં કહ્યું · "ભદ્રા! મેં એને કંઈ રાજીખુશીથી નહોતું ખવરાવ્યુ, પણ લાચારીથી ખવરાવ્યુ હતું. એ હાલતમા જો મેં એની સાથે મેળ ન રાખ્યો હોત, તો મારી જિંદગી જ જોખમમા મુકાઈ ગઈ હોત"

ખુલાસો સાંભળીને ભદ્રાનું સમાધાન થઈ ગયુ એણે

પ્રસન્નતાપૂર્વક શેઠને આવકાર આપ્યો અને ફરી એ બન્નેનું જીવન આનંદપૂર્વક વીતવા લાગ્યું.

ભગવાન મહાવીરે આ કથાનો સાર સમજાવતાં કહ્યું : "સાર્થવાહને આત્મા અને ચોરને શરીર સમજો. શરીરના સાથ વગર આત્મા કામ નથી કરી શકતો. સાધકના જીવનમાં પણ, પ્રયત્ન અને પુરુષાર્થને માટે, શરીરના સાથની જરૂર રહે છે એટલા માટે સમય પ્રમાણે શરીરની સંભાળ લેવી જરૂરી છે; પણ એના મમત્વમાં ન ફસી જવાય એનું ધ્યાન રાખવું. દેહને ફક્ત પોતાની સાધનાનું એક સાધન માનીને, નિષ્કામ બુદ્ધિથી, મર્યાદા સાચવીને એનું પોષણ કરવું."

[ જ્ઞાતાધર્મકથા, ૨ ]

[ ભગવાન મહાવીર કી બોધકથાએ, પૃ ૫૭ ]

## ૩૬

## ઢેફાનો જવાબ

શેખસાદીએ એક સ્થળે લખ્યું છે . "મેં માટીના એક ઢેફાને પૂછ્યું કે તું તો માટી છે, તારામાં આટલી બધી સુગંધ ક્યાંથી ?"

ઢેફાએ જવાબ આપ્યો : "આ સુગંધ કંઈ મારી પોતાની નથી. મને કેટલોક વખત ગુલાબના ક્યારામાં રહેવા મળ્યું હતું. એનો જ આ પ્રભાવ છે."

[ જીવન કે ચલચિત્ર, પૃ ૧૮૨ ]

૩૭

## ગુનો સમાજનો

હું રાજસ્થાનમા એક જગ્યાએ જઈ પહોંચ્યો, તો કોઈ ભાઈએ દૂરથી જ વંદના કરી એની નજીક જઈને મેં પૂછ્યું . "કહો ભાઈ, મજામાં તો છો ને?"

પણ એ તો પાછો જ હટવા લાગ્યો; હું જેમ જેમ એની નજીક જતો ગયો, તેમ તેમ એ પાછો હટતો ગયો! મને બહુ નવાઈ લાગી. મે પૂછ્યું : "ભાઈ, આમ કેમ છે? શા માટે પાછા પાછા હટતા જાઓ છો? શા માટે ડરો છો?"

"મહારાજ, અમે શું પાછા હટવાના હતા, ઈશ્વરે જ અમને પાછા હટાવી દીધા છે! અમને એવી જગ્યાએ નાખ્યા કે અમે આગળ વધવાની બેઅદબી કરીએ પણ શી રીતે? અમને આપના ઉપર શ્રદ્ધા છે, તેથી દૂરથી જ આપને નમસ્કાર કરી લીધા! પણ, બીજા માણસોની જેમ, અમને આપના ચરણોનો સ્પર્શ કરવાનો અધિકાર ઈશ્વરે નથી આપ્યો! મહારાજ, અમે તો હરિજન છીએ!" એ ભાઈએ દીનતાપૂર્વક કહ્યું.

મેં એને સમજાવ્યું : "તમે એમ ન માનશો કે ઈશ્વરે તમને હરિજન અને અસ્પૃશ્ય બનાવ્યા છે આ ગુનો તો અમારા સમાજનો છે, પણ તમે એ ગુનાને તમારી પોતાની જાત ઉપર વહોરી લઈને તમારી પોતાની જાતને ગુનેગાર સમજો છો, એ જ તમારી ભૂલ છે! માનવજીવનમાં જન્મનું નહીં પણ કર્મનું મહત્ત્વ છે. જે વ્યક્તિ સારાં કામ કરે તે

પવિત્ર છે—ભલે પછી એ ગમે તે જાતિની હોય. મારો ચરણસ્પર્શ કરાવવાની મને મુદ્દલ ઇચ્છા નથી; છતા તમારી ઇચ્છા હોય તો તમે મારા પગને સ્પર્શ કરી શકો છો; એમા મને કશો વાંધો નથી. તમે મારા પગને સ્પર્શ કરશો તેથી હું કંઈ અપવિત્ર થઈ જવાનો નથી. મારો ધર્મ કોઈ પણ માનવીને, એનાં વર્ણ કે જ્ઞાતિને લીધે, પવિત્ર કે અપવિત્ર નથી માનતો."

[ 'શ્રી અમર ભારતી,' જાન્યુઆરી, ૧૯૬૭ ]

## ૩૮

## ત્રણ મહાન દાક્તરો

અઢીસો વર્ષ પહેલાંની આ વાત છે એ વખતમાં સિડનહામ નામે વિલાયતના ખૂબ મશહૂર દાક્તર થઈ ગયા.

એમની મરણ-પથારીની આસપાસ એમના સગા–સંબંધીઓ, મિત્રો અને શિષ્યોનું જૂથ બેઠું હતું બધાને ગમગીન થયેલા જોઈને તેઓએ ખૂબ શાંતિથી કહ્યું "તમે સૌ આટલા બધા ગમગીન કેમ છો? મને તો એ વાતનો ઘણો સંતોષ છે કે હું મારી પાછળ ત્રણ મહાન ડૉકટરોને મૂકતો જાઉં છું."

ત્યાં બેઠેલા સજ્જનો આશ્ચર્યથી એમની સામે તાકી રહ્યા . દાક્તર સાહેબ આ શું કરી રહ્યા છે? સિડનહામ જેવો તો એકાદ દાક્તર પણ મળવો અસંભવ છે!

એમના જ એક શિષ્યે આશ્ચર્ય અને વિનયપૂર્વક

પૂછ્યું · "એ ત્રણેના નામ કહેવાની કૃપા કરો!"

સિડનહામ સાહેબે ત્યાં બેઠેલા લોકો તરફ નજર નાખીને ધીમેથી જવાબ આપ્યો : "એ ત્રણ મહાન દાક્તરોનાં નામ છે—હવા, પાણી અને કસરત!"

[જીવન કે ચલચિત્ર, પૃ ૮૯]

## ૩૯

## ઉત્તમ વસ્ત્ર

એક હતો રાજકુમાર. એ સુંદર, કીમતી અને ભપકાદાર કપડાં પહેરવાનો શોખીન હતો. એક દિવસ એ આવો ઠાઠમાઠ સજીને પોતાના પિતાજી પાસે ગયો. એને જોઈને રાજાએ કહ્યું . "બેટા, રાજકુમારે તો એવાં ઉત્તમ વસ્ત્રો પહેરવાં જોઈએ, જે બીજા લોકો પહેરતા ન હોય."

રાજકુમારે પૂછ્યું "પિતાજી! એવાં વસ્ત્રો ક્યાં છે?"

રાજાએ સમજાવ્યું : "જેમાં ઉત્તમ સ્વભાવરૂપી તાણો અને ઉત્તમ આચરણરૂપી વાણો હોય એ વસ્ત્ર."

[જીવન કે ચલચિત્ર પૃ ૧૯૭]

૪૦

## આસક્તિ—અનાસક્તિ

એક વાર રાજા શ્રેણિક ભગવાન મહાવીરનાં દર્શન-વંદન કરવા ગયા. એમણે ખૂબ ભક્તિભાવથી, વિધિપૂર્વક ભગવાનને વંદન—નમસ્કાર કર્યા. ભગવાનની પાસે ગુરુ ગૌતમ બેઠા હતા રાજાએ એમને પણ ભક્તિપૂર્વક વંદન કર્યાં.

ગણધર ગૌતમને વંદન કરતા કરતાં રાજા શ્રેણિકના મનમાં એક ઊર્મિ જાગી ઊઠી, એક પવિત્ર વિચાર ઉત્પન્ન થયો, એમના પ્રસુપ્ત મનમાં એક જાગ્રતિ પ્રગટી : જ્યારે જ્યારે હું અહીં આવું છું, ત્યારે ત્યારે હું ભગવાનને અને ઇંદ્રભૂતિ ગૌતમ વગેરે મુનિવરોને જ વંદના કરું છું; બીજા સંતોને મેં આજ સુધી વિધિપૂર્વક વંદના નથી કરી ભગવાનના આ બધાય શિષ્યો ત્યાગી, વૈરાગી, શ્રુતધર અને જ્ઞાન-ચારિત્રની સાધના કરવાવાળા અધ્યાત્મ-સાધકો છે તો પછી મારે એ સૌને શા માટે વિધિપૂર્વક વંદના ન કરવી જોઈએ ? આજે તો હું એ બધાય સંતોને વિધિપૂર્વક વંદન અને નમસ્કાર કરીશ.

પોતાની ભાવના પ્રમાણે રાજા શ્રેણિકે બધા સંતોને ભાવપૂર્વક, વિધિસહિત વંદના કરવાની શરૂઆત કરી. આવું અધ્યાત્મકાર્ય તેઓ ઉલ્લાસ, હર્ષ અને પ્રમોદપૂર્વક ઘણા વખત સુધી કરતા રહ્યા. રાજાના મનમાં આજે એક વિલક્ષણ સમભાવ—સામ્યયોગ જાગી ઊઠ્યો હતો.

વંદના કરતાં કરતા રાજા શ્રેણિક એવા સંતોની પાસે જઈને ઊભા રહ્યા કે જેઓ ભૂતકાળમાં, સંસારી અવ-

સ્થામાં એમના પુત્રો, પ્રપૌત્રો કે સગાસંબંધી થતા હતા. આજની સ્થિતિ રાજા શ્રેણિકના જીવનની ભારે વિચિત્ર સ્થિતિ હતી. તેઓ આજે એવા સાધુઓને પણ વંદના કરવા તૈયાર હતા કે જેઓ ક્યારેક એમના ચરણોમાં પોતાનાં મસ્તક ઝુકાવતા હતા, અથવા એમના દાસ અને ચરણસેવક હતા! પરંતુ એ વખતે એમને એ ખ્યાલ ન હતો કે હું મારા પુત્રો, સગા-સંબંધીઓ કે સેવકોને નમસ્કાર કરી રહ્યો છુ; ત્યારે તો એમના મનમાં એક જ ભાવના રમતી હતી કે હું સાધુપણાને, ત્યાગ-વૈરાગ્યને વંદન કરી રહ્યો છુ.

શ્રેણિકે આજે પહેલી જ વાર સંતોને હૃદયપૂર્વક વદન કર્યાં. વંદન કરતી વખતે એમના અંતરમા અપાર ઉલ્લાસ ઊભરાતો હતો એમને થયુ : આજે મે મારુ કર્તવ્ય પૂરું કર્યું. કોઈ પણ ક્રિયામા જ્યારે મન એકાગ્ર બની જાય છે, ત્યારે એ ક્રિયા સફળ અને સાર્થક બની જાય છે. શ્રેણિકના મનમા અત્યારે જે હર્ષ અને ઉલ્લાસ જાગી ઊઠયો હતો, એ એમના મુખ ઉપર વિલસી રહ્યો હતો. થાક લાગવા છતાં તેઓ પ્રસન્નભાવે વંદન કરતા રહ્યા શરીર ભલે થાક્યું હોય, પણ મન તો ઉલ્લાસમાં જ હતું.

શ્રેણિકે ઘણાખરા સંતોને વંદના કરી લીધી, હજી કેટલાક સતોને વંદના કરવી બાકી હતી. પણ થાકને લીધે એ પાછા ફરીને ભગવાનને ચરણે આવીને બેસી ગયા

શ્રેણિકની આજની ભક્તિ જોઈને ગણધર ગૌતમે સવાલ કર્યો: “ભગવાન! રાજા શ્રેણિકના મુખમંડલ ઉપર આજે ભક્તિનું અપૂર્વ તેજ પ્રકાશી રહ્યું. છે. જે મધુર ભાવનાથી આજે રાજાએ સાધુઓને વંદન કર્યાં, એનું એમને કેવું ફળ મળશે?”

ભગવાને કહ્યું : "ગૌતમ ! રાજા શ્રેણિકનું પૂર્વજીવન સારું ન હતું; એ વખતે એમણે સાતમી નરક જેટલો પાપભાર ભેગો કરી લીધો હતો ! એ બંધન આજે તૂટતાં તૂટતાં ફક્ત એક નરકનું બંધન જ બાકી રહી ગયું છે. જો એમણે થોડા વધુ વખત સુધી સાધુઓને વંદન કરવાનુ ચાલુ રાખ્યું હોત, તો એમનું આ એક નરકનું બંધન પણ છૂટી જાત વંદનમાં કર્મની નિર્જરા કરવાની અપૂર્વ શક્તિ રહેલી છે."

ભગવાન મહાવીર અને ગણધર ગૌતમની વાત સાભળીને રાજા શ્રેણિકને બહુ આશ્ચર્ય થયું. એમને થયું : સાત નરકમાંથી ફક્ત એક જ નરકનું બંધન બાકી રહી ગયું છે, તો એનો પણ નાશ શા માટે ન કરી દઉં ?

શ્રેણિક પોતાના સ્થાનથી બેઠા થયા અને ફરી વંદના કરવા જવા લાગ્યા. એમણે વિચાર્યું . કેટલાક સાધુઓને વંદન કરવું બાકી રહી ગયુ છે. હવે એમને પણ વંદન કરી લઉં.

શ્રેણિકની આ ભાવનાને જાણીને ભગવાને કહ્યું "સમ્રાટ ! એ વેળા વીતી ગઈ ! વંદન કરવામાં ત્યારે જે નિષ્કામ ભાવ હતો, એનું સ્થાન હવે સકામ ભાવે લીધું છે. સકામ ભાવથી કરવામાં આવેલ વંદનથી પહેલાના જેવો લાભ ન મળી શકે. જ્યારે તમે પહેલા વંદન કર્યાં, તે વખતે તમારા મનમાં કોઈ પ્રકારની આસક્તિ ન હતી, એ વખતે તમે સાવ અનાસક્ત ભાવે વંદન કરી રહ્યા હતા. અને એ અનાસક્ત ભાવની જે ઊર્મી હતી, તે વિલક્ષણ ઊર્મી હતી. એ વિલક્ષણ ઊર્મીએ તમારા બંધનોને છેદી નાખ્યાં હતા, પણ હવે તમે સોદો કરવા જાઓ છો !

પહેલાં કશું મેળવી લેવાની અભિલાષા ન હતી; હવે બદલામાં કાંઈક મેળવી લેવાની ઇચ્છા જાગી ઊઠી છે! અત્યારે તમારું મન નરકના દુઃખના ભયથી વિહ્‌વળ થયેલું છે. ભય અને આસક્તિ ભલે ગમે તેવાં હોય, પણ આખરે એ સાધનાનાં વિષ છે ”

[ ‘ શ્રી અમર ભારતી,’ ઓગસ્ટ, ૧૯૬૫ ]

## ૪૧

# માતાનું હૃદય

કુરુક્ષેત્રના મેદાનમાં ખેલાયેલું મહાભારતનું યુદ્ધ સમાપ્ત થયું હતું. ભીમે દુર્યોધનને મરણતોલ ઘાયલ કર્યો હતો, અને દુર્યોધનના જીવનની છેલ્લી ઘડીઓ ગણાઈ રહી હતી.

પાંડવોના શિબિરમાં, મોડી રાત સુધી, વિજયોત્સવ ઊજવાયા બાદ, નાનાં-મોટાં સૌ નિદ્રાને ખોળે પડચાં હતા. એ જ વખતે, મધરાતે, અશ્વત્થામાએ હલ્લો કર્યો અને દ્રૌપદીના પાંચ પુત્રોને મોતના મોંમાં ધકેલીને એ નાસી છૂટચો વિજય પરાજયમાં ફેરવાઈ ગયો. ઉલ્લાસે આક્રંદનું રૂપ ધારણ કર્યું. ચોમેર હાહાકારની ભયંકર ચીસો જાણે ધરતી અને આભના ટુકડેટુકડા કરવા લાગી!

દ્રૌપદીની વેદનાની તો કોઈ હદ ન હતી. એ તો વારંવાર બેશુદ્ધ થઈને ધરતી ઉપર માછલી જેમ તરફડી રહી હતી.

ભીમ અને અર્જુન દોડચા; નાસી જતા અશ્વત્થામાને

વેરાન જંગમાંથી પકડી લાવ્યા.

શ્રીકૃષ્ણે દ્રૌપદીને કહ્યું : “ આ રહ્યો તારો અપરાધી! કહે, એને તું કેવી સજા કરવા ઇચ્છે છે? અર્જુનની તલવાર, એક જ ઝાટકે એનું ધડ અને માથું જુદું કરીને, એનો ફેંસલો કરવા તૈયાર છે!”

દ્રૌપદીએ આંસુ સારતાં કહ્યુ : “પ્રભુ, એને છોડી દો! એને મારશો નહીં! પુત્રનો શોક ખૂબ પીડાકારક હોય છે. નાથ! હું તો રોઈ રહી છું જ, આની વૃદ્ધ માતાને નિરર્થક શા માટે રોવરાવો છો?”

અશ્વત્થામાને છોડી દેવામાં આવ્યો.

કૃષ્ણે કહ્યુ : “ દ્રૌપદી! સાચો વિજય તેં મેળવ્યો છે. જે અમે ન કરી શક્યા, એ તેં કરી બતાવ્યું છે! તેં માતૃહૃદયને બરાબર પારખી જાણ્યું. કાંટામાં છુપાયેલું તારું ફૂલ સમું કોમળ–દયાળુ હૃદય પ્રતિહિંસાના અંધકારથી ઘેરાયેલા જગતને કરુણાનો અજર-અમર પ્રકાશ આપતું રહેશે!”

[ જીવન કે ચલચિત્ર, પૃ. ૪૫ ]

## ૪૨

## જાત્રાળુના પ્રકાર

એકવાર ભગવાન બુદ્ધને પૂછવામાં આવ્યું : “ ભંતે! જાત્રાળુ કેટલા પ્રકારના હોય છે?”

ભગવાને સહજ વાણીમાં જવાબ આપ્યો: "ચાર પ્રકારના—

પહેલો યાત્રિક એ—જે અંધકારથી પ્રકાશ તરફ જાય છે.

બીજો યાત્રિક એ—જે પ્રકાશથી અંધકાર તરફ જાય છે.

ત્રીજો યાત્રિક એ—જે પ્રકાશથી પ્રકાશ તરફ જાય છે.

ચોથો યાત્રિક એ—જે અંધકારથી અંધકાર તરફ જાય છે

આત્માથી મહાત્મા તરફ જનારો પહેલો છે.

મહાત્માથી દુરાત્મા તરફ જનારો બીજો છે.

મહાત્માથી પરમાત્મા તરફ જનારો ત્રીજો છે.

અને ચોથો તો દુરાત્માથી દુરાત્મા કે પાપાત્મામાં જ ભટકનારો છે."

['શ્રી અમર ભારતી,' માર્ચ, ૧૯૬૭]

૪૩

## આમ્રપાલીનો જવાબ

એકવાર તથાગત બુદ્ધ ફરતા ફરતા વૈશાલી જઈ પહોંચ્યા અને વૈશાલીની વિખ્યાત વારવનિતા આમ્રપાલી (અંબપાલી)ના આમ્રવનમા બિરાજ્યા. એ સમાચાર સાભળીને અંબપાલી આનંદમગ્ન થઈ ગઈ. એના અંતરના અણુ અણુમા હર્ષામૃતનો રસ છલકાવા લાગ્યો.

રત્નજડિત સુવર્ણરથમાં બેસીને એ તરત જ ભગવાનનાં

દર્શને ગઈ. એની પાછળ પગે ચાલતી દાસીઓનું જૂથ હતું. એની પાછળ ઘોડેસવારો હતા. અને એની પાછળ હાથીઓ ઉપર ભગવાન તથા શ્રમણસંઘની પૂજાની સામગ્રી હતી. સૌથી પાછળ કેટલાંય વાહનો, સેવકો અને નગરજનો ચાલતાં હતાં!

આજે અંબપાલીએ પીળાં સામાન્ય વસ્ત્રો પહેર્યાં હતાં અને એ પ્રશાંત ભાવે બેઠી હતી. એના શરીર ઉપર એક પણ આભૂષણ ન હતું. આજે એની આસપાસ વાસના નહીં પણ વૈરાગ્યભાવના ઘૂમી રહી હતી. જેવી એ આમ્રવનની નજીક પહોચી કે એણે રથને થોભાવી દીધો, અને પગે ચાલીને એ ભગવાનના ચરણો સુધી પહોચી ગઈ.

તથાગત બુદ્ધ પદ્માસન વાળીને એક ઘટાદાર વૃક્ષની છાયામાં બેઠા હતા. એમની મુખમુદ્રા શાંત હતી. સામે દૂર સુધી બેઠેલા હજારો શિષ્યો અને ભકતો ભગવાનના શ્રીમુખમાંથી નીકળતા પ્રત્યેક શબ્દને પોતાના હૃદયપટ ઉપર કોતરી લેતા હતા.

આનંદે નિવેદન કર્યું · "ભંતે! અંબપાલી દર્શન કરવા આવી છે."

તથાગતે મૃદુ હાસ્ય સાથે પોતાની કરુણાનું અમૃત વરસાવતી આંખો ઊંચી કરી. અંબપાલીએ ભૂમિ સુધી માથું નમાવીને વંદના કરી.

ભગવાનનો ઉપદેશ સાંભળી લીધા બાદ એણે આવતી કાલના ભોજન માટે પ્રાર્થના કરી: "ભગવાન! આ નાચીજના આતિથ્યનો સ્વીકાર થવો ઘટે! આપના ચરણ–કમળની દેવદુર્લભ રજનો લાભ આ તુચ્છ દાસીની ઝૂંપડીને પણ મળવો ઘટે!"

અંબપાલીની પ્રાર્થનાનો સ્વીકાર થયો.

એ જ વખતે લિચ્છવી રાજકુમારોએ ભગવાનની ચરણરજ પોતાને મસ્તકે ચડાવતા કહ્યું "મહાપ્રભુ! આપના ચરણોથી અમારી આ તુચ્છ રાજધાની કૃતકૃત્ય થઈ પરંતુ ભગવાન, આ વાડી તો વેશ્યાની છે, એ આપના ચરણોને યોગ્ય નથી. પ્રભુને માટે અમારા રાજમહેલ હાજર છે, અને ત્યાં અમે બધા આપની ભક્તિને માટે અંતરથી ઉત્સુક છીએ."

ભગવાને હસીને કહ્યું: "તથાગતને માટે વેશ્યા અને રાજા વચ્ચે શો ભેદ છે? તથાગત તો સમદૃષ્ટિ છે."

ધર્મોપદેશ સાંભળીને લોકો વૈશાલી તરફ પાછા જઈ રહ્યા છે આજે આમ્રપાલીના હર્ષનો કોઈ પાર નથી. એ તો આનંદના અતિરેકમાં, કશું જોયા–સાંભળ્યા વગર, વૈશાલીના રાજમાર્ગ ઉપર પોતાનો રથ દોડાવતી જઈ રહી છે.

લિચ્છવી રાજકુમારોએ આશ્ચર્યથી પૂછ્યું "અંબપાલી, આ શી વાત છે? તું આજે તારા રથને અમારા લિચ્છવીઓના રથની સાથે સાથે કેમ હાંકી રહી છે?"

અંબપાલીએ જવાબ આપ્યો: "આર્યપુત્રો! મેં ભગવાન બુદ્ધને, પોતાના સંઘ સાથે, આવતી કાલે મારે ત્યાં ભોજન લેવાનું આમંત્રણ આપ્યું છે, એ આમંત્રણનો વાત્સલ્યપૂર્વક સ્વીકાર કરવામાં આવ્યો છે"

"અંબપાલી! અમે તને સો હજાર (એક લાખ) સુવર્ણ-મુદ્રાઓ આપીશું, તું ભગવાનનું આવતી કાલનું ભોજન અમારે ત્યાં થવા દે."

"આર્યપુત્રો! એમ નહીં થઈ શકે"

"સારું, તો તું એક સો ગામ લઈ લે, અને આ નિમંત્રણ અમને આપી દે!"

"આર્યપુત્રો! એ સર્વથા અસંભવ છે."

"અરે, અડધું રાજ્ય લે અને આ નિમંત્રણ અમને વેચી દે!"

"આર્યપુત્રો! તમે તો ધરતીના એક તુચ્છ ટુકડાના સ્વામી છો; પણ જો તમે આખી દુનિયાના ચક્રવર્તી હોત, અને મને તમારું એ આખું સામ્રાજ્ય પણ આપી દેવા તૈયાર થાત, તોપણ હું આ નિમંત્રણ તમને ન વેચી શકત; આ નિમંત્રણ કંઈ વેચવાની કે અદલાબદલી કરવાની વસ્તુ નથી."

રાજકુમારો ઝંખવાઈ ગયા, પરાજિત થઈ ગયા!

[ જીવન કે ચલચિત્ર, પૃ ૪૭ ]

૪૪

## રાજા અને સંત

એક મસ્ત સંતને કોઈ રાજાએ પોતાના મહેલમા રહેવાનો ખૂબ આગ્રહ કર્યો સંતે રાજમહેલમાં ઉતારો કર્યો. રાણીએ શ્રદ્ધાથી સંતની સુખસગવડ માટે પૂરો બંદોબસ્ત કર્યો.

થોડા જ વખતમાં રાજાને વિચાર આવ્યો : આ સંત તો મારા કરતાંય વધારે સુખ-સાહ્યબી અને આરામમાં રહે છે! એટલે મારામાં અને સંતમાં કોઈ ફેર નથી! તો પછી

ત્યાગ અને ભોગ વચ્ચે શો ભેદ રહ્યો?

સંત રાજાના મનના સંશયને પામી ગયા. એક દિવસ અચાનક જ સંત પોતાનો ધાબળો ખભે નાખીને ચાલતા થયા!

રાજાને ખબર પડી તો રાજા-રાણી બન્ને સંતનો પત્તો મેળવવા દોડી ગયાં. તેઓ એક ગામમાં પહોંચ્યાં; જોયું તો, એ સંત એક ઝાડની છાયામાં બેઠા બેઠા લૂખી-સૂકી રોટલી ચાવી રહ્યા છે; ચહેરા ઉપર ખૂબ પ્રસન્નતા છે.

રાજાએ સંતને રાજમહેલમાં પધારવાની વિનંતી કરી સંતે રાજાને ગામનું ભોજનું કરવા કહ્યું

રાજા ગામનું ભોજન ખાવા લાગ્યો તો એ ગળેથી નીચે ઊતરતું જ ન હતું! જડબાં છોલાઈ ગયા. ઊબકા આવવા લાગ્યા.

સંતે કહ્યું: "રાજા, મારી અને તમારી વચ્ચે, બસ, આ જ ફેર છે. જે આનંદ મને મહેલોમાં પકવાન જમતાં આવતા હતો, એ જ આનંદ ઝાડની નીચે બેસીને લૂખી-સૂકી રોટલી ખાવામા આવે છે. અને તમે તો બે કોળિયા ખાતાં ખાતા જ થાકી ગયા!"

['શ્રી અમરભારતી,' માર્ચ, ૧૯૬૭]

૪૫

## પત્નીની ટકોર

શ્રી ગોસ્વામી તુલસીદાસજી એમની પત્ની રત્નાવલીના રૂપ, યૌવન અને પ્રેમમાં એટલા બધા આસક્ત હતા કે

એનો એક ક્ષણ જેટલો વિરહ પણ એમને યુગ જેટલો અસહ્ય બની જતો હતો. કેટલીય વાર રત્નાવલીનો ભાઈ એને તેડી જવા આવ્યો પણ નિરાશ થઈને પાછો ગયો.

એકવાર તુલસીદાસજીનો સાળો બહેનને તેડવા આવી પહોંચ્યો એ વખતે ગોસ્વામીજી ઘરની ચીજ-વસ્તુઓ ખરીદવા માટે બજારમાં ગયા હતા. બસ, રત્નાવલી એમને પૂછ્યા કર્યા વગર જ પોતાના ભાઈની સાથે પિયર ચાલી ગઈ!

ગોસ્વામી પાછા આવ્યા. જોયું તો ઘરમાં રત્નાવલી ન મળે! તેઓ ખૂબ બેચેન બની ગયા. પાડોસીને પૂછતાં બધી વાતની ખબર પડી, એટલે ગોસ્વામી, એમનું પગલે-પગલું દબાવતા, પોતાના સાસરા તરફ રવાના થયા!

રત્નાવલી હજુ તો પિયરમાં પહોંચી જ હતી, અને બધાંને સારી રીતે મળી શકી પણ ન હતી, કે એણે પતિદેવને ઘરમા દાખલ થતા જોયા! શરમને લીધે એ ખિન્ન થઈ ગઈ.

પછી ક્રોધપૂર્વક રત્નાવલીએ પતિને કહ્યું · "જેવો પ્રેમ તમને મારી આ હાડ-માંસની નશ્વર કાયા ઉપર છે, એવો પ્રેમ જો ભગવાન રામના ચરણકમળ ઉપર હોત તો કેવું સારું થાત! તો તો જન્મ-મરણનાં બધાં બંધન છેદાઈ જાત. સંસારમાં એક માત્ર રામ જ અવિનાશી છે, બાકીનું બધું નશ્વર છે"

પત્નીની સમયોચિત ટકોરે તુલસીદાસના મોહાંધકારને દૂર કરી દીધો. તેઓ સાધનાને માર્ગે વળી ગયા.

સંત તુલસીદાસ શું હતા અને શું બની ગયા! એક નાના સરખા નિમિત્તે એમના જીવનની દિશા જ ફેરવી નાખી.

[જીવન ને ચલચિત્ર, પૃ ૩૫]

૪૬

## હવેલીઓ અને મિત્રો

એક શેઠ હતા. એને બે દીકરા હતા. શેઠે બન્ને દીકરાને શિખામણ આપી કે તમે દુનિયાભરમાં પોતાની હવેલીઓ ઊભી કરજો.

એક દીકરો તો સાચેસાચ ઠેરઠેર હવેલીઓ ચણાવવા લાગ્યો પણ આખરે કેટલી હવેલીઓ બનાવી શકાય? એ થાકી ગયો એનું ધન ખલાસ થઈ ગયું !

બીજો દીકરો વધારે બુદ્ધિશાળી હતો. એણે હવેલીઓ ઊભી કરવાને બદલે ઠેરઠેર મિત્રો બનાવવા માંડયા. આમા એને જરાય થાક ન લાગ્યો. અને એ પોતાના ભાઈથી બહુ આગળ વધી ગયો, કેમકે મિત્રોની હવેલીઓનાં દ્વાર એને માટે સદાય ખુલ્લાં રહેતાં હતાં

[ જીવન કે ચલચિત્ર, પૃ. ૧૭૧ ]

૪૭

## ભાગ્યયોગ

એક કુટુંબમા એક છોકરીનો જન્મ થયો. છોકરી જન્મી ત્યારથી જ હાથે-પગે અપંગ હતી મેં જ્યારે એને જોઈ ત્યારે એ આઠ-દસ વર્ષની હશે. એની સેવા-ચાકરી એટલી સારી થતી કે આપણે જોઈને દિંગ થઈ જઈએ !

ઘરમાં બીજી બહેનો અને નોકર-બાઈઓ પણ હતી, છતાં એની મા એને પોતાને હાથે જ નવરાવતી, ઢીંગલીની જેમ કપડા પહેરાવતી અને ખવરાવતી. એ છોકરીનાં નાનાં-મોટા ભાઈબહેન એક-એકથી રૂપાળા હતાં, પણ એમના તરફના મોહમાં માતા એ અપંગ પુત્રીની ક્યારેક ઉપેક્ષા નહોતી કરતી, એની સારસંભાળ સૌ કરતાં વધારે લેતી.

વાત નીકળતાં એની માએ કહ્યું : "મહારાજ ! આ તો મને મારા ભાગ્યની ભેટ છે એની સાથેનો મારો ઋણાનુબંધ જ કંઈક એવો હશે, એટલે તો એ મારા ખોળામાં આવી છે હવે જે પોતાના ભાગ્યયોગે આવી છે, એના માટે અફસોસ કરવાથી શો ફાયદો ? હવે તો જેટલી જિંદગી છે, એમા એની હેતથી સેવા જ કરવી છે."

(૨)

અમે એક ગામમાં ગયા મારી સાથે બીજા એક સાધુ હતા. અમે બન્ને ભિક્ષા લેવા નીકળ્યા. વિહાર કરીને આવ્યા હતા, થાકી ગયા હતા, ભૂખ પણ લાગી હતી.

ભિક્ષાને માટે ફરતા ફરતા અમે એક ઘરમા ગયા. તાજી બનાવેલી રોટલીઓ સામે જ પડી હતી, પણ ઘરવાળા બહેને એમાથી રોટલી વહોરાવવાને બદલે અંદર કોઠલામાંથી વાસી રોટલી લાવીને આપવા માડી. આપતા આપતા એની ભાવના કંઈક એવી બદલાઈ ગઈ કે રોટલીના ટુકડા કરીને અરધી રોટલી અમારા પાત્રામા નાખી અને અડધી પાછી લઈ ગઈ!

મારી સાથેના સંતે કહ્યુ · "કેવી કમબખત બાઈ છે! તાજી રોટલી આપી હોત તો શું હરકત હતી ? એટલામા એને કઈ દરિદ્રતા આવી જવાની હતી ? અને વાસી રોટલી

પણ આખી આપતાં એનો જીવ ન ચાલ્યો ! એય અડધી જ આપી !"

મેં કહ્યું "વાસી રોટલીનો આટલો ટુકડો જ આજે એની મારફત તમારા ભાગ્યમાં લખાયેલો હતો. તમારા ભાગ્યમાં જે લખાયું હતું, એ જ તો તમને મળ્યું છે"

સંતે કહ્યું. "આપ તો બહુ ઊંડે ઊતરી ગયા!"

મેં કહ્યું. "એટલે ઊંડે ઊતર્યા વગર મનનું સમાધાન થઈ જ ન શકે. શું તમે એમ ઇચ્છો છો કે એને બે-ચાર ગાળો દઈને મનને શાંત કરી લેવું. મન એવી રીતે શાંત ન થઈ શકે; ઘેરા ચિંતનમાં ઊંડે ઊતરી જઈએ તો જ મન શાત થઈ શકે છે."

['શ્રી અમરભારતી,' જાન્યુઆરી, ૧૯૬૭]

૪૮

## મનનો કાટ

એક નિશાળમા બે વિદ્યાર્થીઓ સાથે સાથે ભણુતા હતા. એકનો પિતા અમીર હતો, બીજાનો ગરીબ છતાં બન્ને વચ્ચે ગાઢ મૈત્રી હતી નાસ્તા માટેની રજા વખતે બન્ને સાથે બેસીને ઘેરથી લાવેલો નાસ્તો આપસમાં વહેંચીને ખાતા.

એક દિવસ અમીર છોકરાએ કહ્યું : "દોસ્ત, મારે ઘેરથી રોજ કેટલું સારું સારું ખાવાનું આવે છે! અને તું તો રોજ લૂખી–સૂકી રોટલી, મીઠું, ડુંગળી કે ક્યારેક અથાણાની એકાદ ચીર જ લાવે છે"

ગરીબ છોકરાએ કહ્યુ : "દોસ્ત, અમે લોકો તો ગરીબ છીએ! તને ખબર નથી કે મારી મા એક ટંકનો ઉપવાસ કરે છે, ત્યારે જ મુશ્કેલીથી મારા માટે ખાવાની ગોઠવણ કરી શકે છે."

અમીર છોકરો પોતાના મિત્રની વાત સાંભળીને ખૂબ દુ:ખી થયો; અને સાજે રજા પડી એટલે એને પોતાને ઘેર લઈ ગયો. એણે કહ્યુ "દોસ્ત, મારા પિતાજીની પાસે એક પારસમણિ છે એ લોઢાને અડે કે લોઢું સોનું બની જાય છે. તું ક્યાંકથી લોઢાનો એક ટુકડો લઈ આવ; હું એને પારસમણિનો સ્પર્શ કરાવીને સોનું બનાવી દઈશ. એને વેચીને તું માલદાર બની જઈશ"

ગરીબ છોકરો બહાર દોડી ગયો અને રસ્તા ઉપર પડેલો એક ઘોડાનો નાળ લઈ આવ્યો અમીર છોકરાએ એના પિતાની પેટીમાથી પારસમણિ કાઢીને લોઢાના નાળ ઉપર ઘસ્યો, પણ એનું સોનું ન બન્યું.

છોકરો એના પિતાની પાસે દોડી ગયો અને કહેવા લાગ્યો "પિતાજી, આપ તો કહેતા હતા કે પારસમણિ લોઢાને સોનું બનાવી દે છે, પણ આપના આ પારસમણિએ મારા લોઢાનું સોનું ન બનાવ્યું!"

પિતાએ કહ્યુ "ક્યા છે તારૂ એ લોઢું?" છોકરાએ નાળ દેખાડ્યો.

પિતાએ કહ્યું "આને પારસમણિનો સ્પર્શ જ ક્યાં થયો છે? તારા લોઢાને તો કાટ ચડેલો છે વળી, એના ઉપર ધૂળ-માટી પણ ચોટેલાં છે, તેથી એને પારસમણિનો સ્પર્શ થઈ શકતો નથી"

અને પિતાએ નાળને જમીન ઉપર ઘસ્યો, સાફ કર્યો

અને પછી એને પારસનો સ્પર્શ કરાવ્યો કે તરત જ એ સોનું બની ગયો!

વાતનો મર્મ સમજાવતાં ગુરુએ કહ્યું આપણા મનનું લોઢું પ્રભુ-નામસ્મરણના પારસમણિનો સ્પર્શ પામીને પણ સોનુ નથી બનતું; ધર્મક્રિયાઓ કરવા છતાં પવિત્ર નથી બનતું કારણ કે એના ઉપર પાપાચરણ, વિષયવાસના અને કુવિચારોનો કાટ ચડેલો છે.

[ 'શ્રી અમર ભારતી', જાન્યુઆરી, ૧૯૬૭]

૪૯

## પ્રભુના પ્યારા

ભક્ત આબૂબન એમના યુગના ખૂબ સહૃદય અને સાચા પુરુષ થઈ ગયા તેઓ બધા ઉપર સમાન દૃષ્ટિ રાખતા અને હોશે હોશે સૌની સેવા કરવાનો લાભ લેતા

એક દિવસની વાત છે. અડધી રાતે ઊંઘમાંથી એમની આંખો ખૂલી ગઈ. એમણે જોયું કે આખુ ઘર પ્રકાશપુંજથી ઝગમગી ઊઠ્યું છે અને એક દેવદૂત સોનેરી પુસ્તકમા કંઈક લખી રહ્યો છે!

"આપ આ પુસ્તકમા શું લખી રહ્યા છો?" આબૂ-અને પૂછ્યું.

દેવદૂતે ધીમેથી જવાબ આપ્યો: "જે લોકો સાચા દિલથી ઈશ્વરને પ્રેમ કરે છે, એમનાં નામ હું આ પુસ્તકમાં લખું છું."

"શું, એમાં મારું નામ પણ લખ્યું છે ખરું?"

"ના."

"ન લખ્યું હોય, તો એમાં કશી હરકત નથી. પણ એટલું લખી લ્યો કે આબૂબન બધા માનવીઓને હૃદયથી પ્યાર કરે છે"

આ સાભળીને દેવદૂત અદૃશ્ય થઈ ગયો.

બીજી રાતે જ્યારે એ ફરી પાછો આવ્યો અને એ પુસ્તક એણે આબૂબનની નજર સામે મૂકયું, તો આબૂબને જોયું કે, એ પુસ્તકમા જેટલા ઈશ્વરભક્તોના નામ લખેલાં હતા, એમા પોતાનું નામ સૌથી પહેલું લખેલું હતું.

કથા કહે છે કે "જનસેવક જ સાચો પ્રભુસેવક છે. જનતાને પ્યાર કર્યા વગર પ્રભુનો પ્યાર નથી મળતો"

[ જીવન કે ચલચિત્ર પૃ ૩૬ ]

૫૦

## મારી ટેવ બગડી જાય

એક મણિયારો ચૂડલીઓ બનાવીને પોતાની ગધેડી ઉપર લાદીને આસપાસના ગામોમાં ફરતો હતો. કયારેક ગધેડી ચાલતાં–ચાલતાં હઠી જતી તો એ એને ફોસલાવીને કહેતો : "ચાલ, મારી બહેન, ચાલ! મારી મોટી બહેન, ચાલ!"

આ જોઈને લોકો એની ખૂબ મશ્કરી કરતા અને કહેતા : "વાહ ભાઈ, વાહ! ગધેડીને બહેન અને મોટી બહેન કહી રહ્યો છે!"

મણિયારો એમને જવાબ આપતો : “દાઝ ચડે ત્યારે હું એને ડંડો તો જરૂર ફટકારી શકું છું, પણ ગાળ નથી દઈ શકતો. કારણ કે એને ગાળ આપતાં આપતા મારી બોલવાની ટેવ ગંદી ગઈ જાય અને મારો બધો વેપાર તો માતાઓ અને બહેનોથી ચાલે છે. જો મને ગાળ દેવાની ગંદી ટેવ પડી જાય, તો મારું કામ એક દિવસ પણ ન ચાલે.”

[ ‘શ્રી અમર ભારતી’, માર્ચ, ૧૯૬૭ ’]

## ૫૧

## અખૂટ ભંડાર

એક જુવાન ટોલસ્ટોયની પાસે આવીને દીન સ્વરે કરગરવા લાગ્યો · “હું બહુ જ દુ:ખી છું, મારી પાસે એક પૈસો પણ નથી.”

ટોલસ્ટોયે યુવકની સામે ગંભીરતાથી જોયું અને પૂછ્યું : “શું તારી પાસે એક પૈસા જેટલી પણ સંપત્તિ નથી?”

“જી, ના” યુવકે નિરાશાપૂર્વક જવાબ આપ્યો.

ટોલસ્ટોયે વધારે ગંભીર બનીને પૂછ્યું : “હું એક વેપારીને ઓળખું છું. એ માણસની આંખો ખરીદે છે. એ આંખના વીસ હજાર આપશે. વેચવી છે?”

“આંખો ? જી, ના.” યુવકે ગભરાટમાં જવાબ આપ્યો.

“એ હાથ પણ ખરીદે છે. એક નહીં, બન્ને. પંદર હજાર આપશે બોલો, વેચવા છે?”

“હાથ ? ના, બિલકુલ નહીં.”

"પગ પણ ખરીદે છે. દસ હજાર આપશે. વેચી નાખ, ગરીબી દૂર થઈ જશે" ટોલસ્ટોયે યુવકની સામે જોયું.

યુવક કંઈક આવેશપૂર્વક બોલ્યો : "આપ આ કેવી વાતો કરી રહ્યા છો?"

"હું ખરું કહી રહ્યો છું. જો વધારે પૈસા જોઈતા હોય તો એક લાખ રૂપિયામા આખું શરીર વેચી નાખ! એ વેપારી માણસના શરીરમાથી કંઈક કીમતી દવાઓ બનાવે છે. એ રાજી થઈને એક લાખ રૂપિયા આપી દેશે!"

યુવકની ધીરજ ખૂટી ગઈ· "આપ શું કહી રહ્યા છો? એક કરોડ રૂપિયા મળે તોય હું મારા પ્રાણને વેચવાનો નથી!"

ટોલસ્ટોયે ગંભીર હાસ્ય કરીને કહ્યું· "જે માણસ એક લાખ રૂપિયા લઈને પણ પોતાના શરીરને વેચવા તૈયાર નથી, એ જો એમ કહે કે મારી પાસે એક પૈસા જેટલીય સંપત્તિ નથી, તો એ વાત કેટલી વિચિત્ર ગણાય?"

યુવકનો આત્મવિશ્વાસ જગાડતાં ટોલસ્ટોયે કહ્યું· "નવજુવાન, આ આંખો, આ હાથ, આ શરીર અને આ પ્રાણ એ ધનના અખૂટ ભંડાર છે. એને ઓળખો અને પરિશ્રમ કરો પોતાની નજરમા જ પોતાનું મૂલ્ય ઓછું ન કરો. જે પોતાનું મૂલ્ય સમજે છે, એને માટે ચાંદી અને સોનું જ નહીં, પણ ચાંદો અને સૂરજ પણ એના પોતાના બની જાય છે"

['શ્રી અમર ભારતી', ઓગસ્ટ, ૧૯૬૭]

## પર

# માનવી ઉપર આસ્થા

એક બૌદ્ધ ભિક્ષુ પરિભ્રમણ કરવા નીકળ્યા. એમને કોઈ કે પૂછયું : "આપ જઈ તો રહ્યા છો, પણ આગળ આપના ખાન-પાનની શી વ્યવસ્થા છે? કંઈ રૂપિયા, પૈસા પાસે છે ખરા?"

ભિક્ષુએ સહજપણે જવાબ આપ્યો : "રૂપિયા, પૈસા તો પાસે કઈ નથી, અને રાખીને પણ શું કરવા છે? સિક્કા તો દુનિયામાં ઠેરઠેર વેરાયેલા પડયા છે; જ્યાં પહોંચી જઈશ, ત્યા વેરાયેલા મળી જશે."

એણે કહ્યું · "એ કેવી રીતે? આપનો નિર્વાહ કેવી રીતે થશે?"

આ સવાલના જવાબમાં ભિક્ષુએ બહુ જ સરસ જવાબ આપ્યો : "મને માનવીની પવિત્રતામાં આસ્થા છે, મનુષ્યની ઉદારતા ઉપર મને વિશ્વાસ છે. અને આ વિશ્વાસને બળે જ હું આખી દુનિયામાં ભ્રમણ કરીશ, અને જ્યાં જઈશ ત્યા મને માણસાઈના સિક્કા વેરાયેલા મળી રહેશે"

એ બોલ્યો : "સાચેસાચ, આપને આવો વિશ્વાસ છે?"

ભિક્ષુએ કહ્યું : "હા નિસંદેહ મને વિશ્વાસ છે કે માનવી પોતાના વિચારોમા પવિત્ર અને ઉદાર હોય છે, અને હું જ્યાં પણ પહોચીશ, ત્યા મને માનવીની ઉદારતાનું દાન મળી રહેશે."

[ સત્ય-દર્શન, પૃ ૯૪ ]

૫૩

## સાંઠાના કટકા

એક વાર તુકારામ ક્યાંક બહાર ગયા હતા. કોઈ ખેડૂતે એમને શેરડીનો એક સાઠો આપ્યો. ઘરમા બાળબચ્ચાને માટે એક સાંઠો પૂરો થાય એમ ન હતો; વધારે સાઠાની જરૂર હતી. તેઓ એક સાઠો લઈ ને ઘેર પહોંચ્યા એમણે એમની પત્નીને કહ્યુ: "લ્યો, આ એક સાઠો લાવ્યો છું."

એમની પત્નીને ગુસ્સો આવ્યો. એણે કહ્યું · "કેવી મોટી કમાણી કરી લાવ્યા છો! જાણે હીરાનો હાર આપતા ન હો! સવારના ગયા હતા અને બપોર વીતી ગયો. બીજુ તો કશું ન મળ્યું; લઈ આવ્યા એક સાઠો!"

તુકારામે શાતિથી કહ્યું: "કોઈએ આપ્યો તો લઈ લીધો. કઈક ને કંઈક પણ મળ્યું જ છે ને! આ બહુ ગળ્યો છે"

પત્નીએ એ સાઠો લઈ લીધો અને ક્રોધમા ને ક્રોધમા તુકારામના વાસામા જોરથી ફટકાર્યો! સાઠાના ત્રણ કટકા થઈ ગયા!

ત્રણ ટુકડા જોઈ ને તુકારામે કહ્યું · "ભાગ સારા થઈ ગયા! નહીં તો આપણે ત્રણ કટકા કરવા પડત આ તો એની મેળે જ ત્રણ ભાગ થઈ ગયા. એક તમારો, એક મારો અને એક બાળકનો!"

[મચ-દર્શન, પૃ ૧૯૯]

૫૪

# અમૃતની વર્ષા

પચીસસો વર્ષ પહેલાંની આ વાત છે. ભારતના એક મહાન સંતપુરુષ નદી કિનારે ધ્યાનમા ખડા હતા ચોમેર લીલુછમ જંગલ પથરાયેલું હતું, અને શીતલ સુગંધિત બયાર નદી મંદ મદ ગતિથી વહી રહી હતી

સંત પોતાના ધ્યાનમાં લીન હતા—જાણે આંખો બંધ કરીને પોતાની જાતમાં જ પોતાની શોધ કરતા હતા!

એવામા એક ચીંથરેહાલ અને ચિંતામા ડૂબેલો ગોવાળિયો એકાએક એમની સામે આવીને ઊભો રહ્યો. એણે કહ્યું "મહારાજ! મારા બળદ તો આપના જોવામા નથી આવ્યા ને? આ જંગલમાં જ એ ચરતા હતા."

સંત તો ધ્યાનમગ્ન હતા ભલા, એ ગોવાળિયાની વાત કેવી રીતે સાભળે અને એનો શું જવાબ આપે? એમને મૂંગા જોઈને ગોવાળિયો પોતાના બળદની શોધમાં આગળ ચાલતો થયો

થોડા વખત પછી ફરી પાછો એ ત્યાં જ આવી પહોંચ્યો. જોયું તો, એના બળદ એ સંતની આસપાસ ચરી રહ્યા છે અને સંત એ જ રીતે આખો બંધ કરીને ખડા છે!

હવે તો ગોવાળિયાનો ક્રોધ સળગી ઊઠ્યો એ ચીસ પાડીને બોલ્યો: "બસ, હું સમજી ગયો. તું મહાત્મા નથી, પાખડી છે, પાખડી! તે જ ચોરી જવાની દાનતથી

મારા બળદ સંતાડી રાખ્યા હતા! ઠીક છે! હવે જો, તારી કરણીનું કેવું ફળ તને ચખાડું છું!"

અને એમ કહીને ગોવાળિયો સંત ઉપર તડાતડ લાકડીઓ, ઢેફાં અને પથરા વરસાવવા લાગ્યો. પરંતુ સંત તો એમ ને એમ જ પ્રશાંતભાવે અડોલ ઊભા હતા—ન જરાય હાલ્યા-ચાલ્યા કે ન કશું બોલ્યા!

ગોવાળિયાના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ એકદમ સંતના ચરણોમાં પડીને દીન સ્વરે બોલ્યો: "મહારાજ! મારો ગુનો માફ કરો! હું મૂર્ખ છું, અજ્ઞાની છું."

સંતાન હૃદયના અણુ-અણુમાં પ્રેમની ગંગા વહી રહી હતી—અપરાધી ઉપર પણ આટલું બધું વાત્સલ્ય! એમના અંતરની વાણી વહી નીકળી: "વત્સ! તારું કલ્યાણ હો!"

કોણ હતા એ ક્ષમાશીલ સંત? એ હતા, ભગવાન મહાવીર સ્વામી, જેઓ પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ થતા પહેલા એકાંત–વેરાન વનવગડામાં આત્મસાધના કરી રહ્યા હતા, અને પોતાના જીવનને વિમળ બનાવી રહ્યા હતા.

[ જીવન ચલચિત્ર, પૃ ૧૭ ]

૫૫

## કોની ઉદારતા ચડે?

એક દિવસ મહાકવિ માઘ પોતાની બેઠકમાં બેઠા હતા. જેઠ મહિનાની આગ વરસાવતી ગરમીમાં, ખરે બપોરે,

એક ગરીબ બ્રાહ્મણ એમની પાસે આવ્યો એ વખતે એ મહાન કવિ પોતાની કવિતાને સુધારવામા મગ્ન હતા. ગરીબ બ્રાહ્મણ આવીને, પ્રણામ કરીને, જેવો એમની સામે ઊભો રહ્યો કે એમની નજર એના ઉપર પડી એના ચહેરા ઉપર ગરીબીની છાયા પ્રસરેલી હતી અને થાક અને મૂઝવણ દેખાતાં હતાં.

કવિએ બ્રાહ્મણને પૂછ્યું . "કહો ભાઈ, આવા તાપમાં અહીં આવવાનું કષ્ટ શા માટે ઉઠાવ્યું ?"

બ્રાહ્મણ બોલ્યો: "જી, બીજી તો કોઈ વાત નથી, પણ એક આશાનો પ્રેર્યો આપની પાસે આવ્યો છું. મારે એક દીકરી છે. એ ઉમર લાયક થઈ છે. એનાં લગ્નની વ્યવસ્થા કરવી છે, પરંતુ મારી પાસે કશું જ સાધન નથી. પૈસા વગર હું ખૂબ પરેશાન છું આપનું નામ સાભળીને ઘણે દૂરથી ચાલતો આવ્યો છું"

બ્રાહ્મણની અભ્યર્થના સાભળીને માઘકવિ વિચારમાં પડી ગયા, કેમકે અત્યારે એમની પાસે સમ ખાવા જેટલું ય કંઈ ધન બચ્યુ ન હતું. પણ ગરીબ બ્રાહ્મણ તો આશાભર્યો આવ્યો હતો. કવિના ઉદાર સ્વભાવથી રહ્યું ન ગયુ એમણે બ્રાહ્મણને બેસાર્યો અને દિલાસો આપતા કહ્યું · "સારુ ભાઈ, જરા બેસો, હુ હમણા જ આવુ છું"

કવિ ઘરમાં ગયા બધે નજર કરી, પણ આપવા જેવું કશું ન મળ્યું. એમના અફસોસનો પાર ન રહ્યો. તેઓ જાણે પોતાની જાતને જ કહેવા લાગ્યા . "હે માઘ ! શું તું આજે ઘેર આવેલા યાચકને ખાલી હાથે પાછો વાળીશ ? ના, ના ! આજ સુધી તેં આવું નથી થવા દીધું ! તારો સ્વભાવ આ સહન નહી કરી શકે ! પણ કરવું શું ? આપી

શકાય એવું કંઈક તો હોવું જોઈએ ને?"

વિચારમા ગરકાવ થઈને માઘ આમતેમ જોઈ રહ્યા હતા. કોઈ ઉપાય સૂઝતો ન હતો આખરે એમની નજર એક ખૂણામાં સૂતેલી એમની પત્ની ઉપર પડી. પત્નીના હાથમાં સુવર્ણકંકણુ ચમકી રહ્યાં હતાં. સંપત્તિમાં માત્ર હવે આ કંકણુ જ બાકી રહ્યાં હતાં.

કવિએ વિચાર્યું હું માગણી કરીશ તો, ભગવાન જાણે, એ આપશે કે નહીં આપે! એની પાસે ન તો કશી સંપત્તિ છે કે ન કોઈ આભૂષણુ; ફક્ત આ કંકણુ જ છે, એટલે કદાચ આપવાનો ઇનકાર ભણી દે પણ અત્યારે એ ઊંઘમા છે અને સારો લાગ છે ચુપચાપ એક કંકણુ કાઢી જ કેમ ન લેવું?

માઘ કવિ બે કંકણુમાથી એક કાઢવા લાગ્યા, પણ કંકણુ સહેલાઈથી નીકળ્યું નહીં, અને જોર કરવા ગયા તો ધક્કો વાગી ગયો, અને પત્ની જાગી ગઈ એ ચમકી ગઈ અને પોતાના પતિને જોઈને બોલી "આપ આ શું કરી રહ્યા હતા?"

માઘ "કશું જ નહીં; એમ જ કોઈક વસ્તુ શોધી રહ્યો હતો"

પત્ની · "ના, સાચું કહો, મારા હાથને ધક્કો કોણે લગાડ્યો?"

માઘ · "ધક્કો તો મેં જ લગાડ્યો હતો."

પત્ની : "છેવટે વાત શી હતી? તમારો વિચાર કંકણુ કાઢી લેવાનો હતો ને?"

માઘ . "હા, તારી વાત સાચી છે"

પત્ની . "શા માટે ?"

માઘ "એક ગરીબ બ્રાહ્મણ દરવાજે બેઠો છે. એ મોટી આશા લઈને અહીં આવ્યો છે. મેં જોયું કે ઘરમા કશુ જ નથી, જે એને આપી શકાય એવામાં મારી નજર તારા કંકણ ઉપર પડી. મારો વિચાર એ કાઢી લઈને એને આપી દેવાનો હતો તું કંકણ આપવાની ના કહી દઈશ, એ ભયથી મેં તને જગાડી નહીં !"

પત્ની "ત્યારે તો તમે ચોરી કરી રહ્યા હતા !"

માઘ: "હા, વાત તો એવી જ છે, પણ શું કરું ? બીજો કોઈ ઉપાય જ ન હતો !"

પત્ની : "મને તમારી સાથે રહેતા આટઆટલાં વર્ષ વીતી ગયાં, પરંતુ, મને લાગે છે કે, હજુ સુધી તમે મને ઓળખી શકયા નથી. તમે તો મારું એક જ કકણ લઈ લેવાનું વિચારતા હતા, પણ કદાચ મારું સર્વસ્વ લઈ જાઓ તોપણ હું કશું ન કહું."

પછી એણે કહ્યું "આ કંકણ હું મારા પોતાના હાથે મુસીબતમા સપડાયેલ એ બ્રાહ્મણને આપી દઈશ !"

અને મહાકવિ માઘ તરત જ બહાર જઈને એ બ્રાહ્મણને અંદર બોલાવી લાવ્યા અને બોલ્યા · "જુઓ, અત્યારે મને ઘરમા તમને આપી શકાય એવી કોઈ ચીજ નથી દેખાતી. આ એક સુવર્ણકંકણ છે, જે તમારી આ પુત્રીના પહેરવા માટે છે એના જ તરફથી તમને આ ભેટ આપવામા આવે છે મારી પાસે તો તમને આપી શકાય એવું કશું જ નથી"

બ્રાહ્મણ ગળગળો થઈ ગયો એણે કંકણ લીધું અને હરખાતો હરખાતો એ વિદાય થયો.

[જીવન-દર્શન, પૃ ૪૬]

૫૬

# રસ્તો તો ચાલવાથી જ કપાય

અમે દિલ્લીથી વિહાર કરીને જઈ રહ્યા હતા. અમારે મુંડક નામના ગામમાં પહોંચવું હતું. માર્ગ અજાણ્યો હતો અને અમે પૂછતા પૂછતા જઈ રહ્યા હતા અમને ચાર ગાઉ જેટલું અંતર કહેવામાં આવ્યું હતું, પરંતુ ચાલતાં ચાલતાં ઘણો વખત વીતી ગયો, છતાય ગામ ન આવ્યું !

મેં અમારી સાથેના એક સંતને કહ્યું. "શી વાત છે ? આ ગામે તો આપણી ખરેખરી કસોટી કરી ! હજીય ગામ દેખાતું નથી !"

થાકને લીધે પગ ભાંગી ગયા હતા. હવે જાણે એ આગળ વધવાની ના કહેવાની તૈયારીમાં હતા. રસ્તામાં જે કોઈ મળતું એને હું પૂછતો : "હવે મુંડક કેટલું દૂર છે ?"

એ જવાબ આપતો. "આ સામે જ તો છે !"

મારી સાથેના સંતે કહ્યું "મહારાજ ! આ રીતે વારંવાર પૂછ-પૂછ કરવાથી ગામ થોડું જ પાસે આવવાનું હતું ? જ્યારે ચાલી નીકળ્યા જ છીએ તો ચાલવું જ પડશે —ભલે પછી ચાર ગાઉ હોય કે છ ગાઉ !"

મને થયું : સંતનુ કહેવું સાચું છે. રસ્તો તો ચાલવાથી જ કપાશે, પૂછવાથી જરાય ઓછો નહીં થાય !

[જીવન-દર્શન, પૃ ૧૪૨]

૫૭

# નિર્દોષ શૌર્ય

વનરાજ ચાવડો રાજા થયો તે પહેલાં એ ચારેકોર ધાડ પાડતો હતો. એક દિવસની વાત છે: એ પોતાના ત્રણ સાથીઓ સાથે ગીચ જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો જંગલમાં એને જાંબા નામના એક વેપારીનો ભેટો થઈ ગયો.

વનરાજે કહ્યું: “ તારી પાસે જે કંઈ હોય તે અહીં ધરી દે જો તેં જરાય આનાકાની કરી છે, તો તને યમ-રાજને ઘેર મોકલી દેતા વાર નહીં લાગે ”

જાંબાએ હસતાં હસતા કહ્યુ . “ એમ વાત છે? લ્યો ત્યારે હુ તૈયાર છું.” અને આમ કહીને જાંબાએ પોતાનું ધનુષ્ય તૈયાર કર્યું અને પોતાની પાસેનાં પાંચ બાણમાથી બેને એક જ ઝાટકે ભાગી નાખ્યા.

વનરાજે નવાઈ પામીને પૂછ્યું “ અરે, જીવસટોસ-ટના મામલામા તેં તારાં બે બાણ શા માટે ભાગી નાખ્યાં?”

જાંબાએ જવાબ આપ્યો · “ તમારા ત્રણેને માટે ત્રણ બાણ પૂરતાં છે; બે વધારાના હતા, એનું શુ કામ છે?”

વનરાજે કહ્યુ “ એમ લાગે છે કે તને તારી અચૂક નિશાનબાજીનો ગર્વ છે! જો તુ આવો જ અચૂક લક્ષવેધી બાણાવળી હો, તો પેલી આકાશમા ઊડતી ચકલીને વીંધી બતાવ, એટલે ખબર તો પડે કે તું કેટલા ઊંડા પાણીમા છે!”

જાંબાએ કહ્યુ “ એ બિચારી નિર્દોષ ચકલીને શા માટે મારું? મારા લક્ષવેધીપણાની પરીક્ષા તો તમારા

જેવા દુરાચારીઓની છાતી ઉપર થાય છે!"

જાંબાની વીરતા અને સાહસિકતા જોઈને વનરાજ ચાવડો ખૂબ પ્રસન્ન થયો. અને જ્યારે જાંબાએ જોરદાર પવનને લીધે ઝડપથી કંપતા ઝાડના એક નાના સરખા પાંદડાને વીંધી નાંખ્યું ત્યારે વનરાજ અને એના સાથીઓએ એને હર્ષથી વધાવી લીધો.

પછી તો જ્યારે વનરાજ ચાવડો ગુજરાતનો રાજા બન્યો, ત્યારે એણે જાંબાને બોલાવીને પોતાનો મુખ્ય પ્રધાન અને મુખ્ય સેનાપતિ બનાવ્યો

[ જીવન કે ચલચિત્ર, પૃ. ૮૪ ]

## ૫૮

## દેશની સાચી મહત્તા

ફ્રાંસે ઘણો ઘણો પ્રયત્ન કર્યો, પણ એ હોલેન્ડને હરાવી ન શક્યુ. એક દિવસ ચૌદમા લુઈએ ચિડાઈને પોતાના મંત્રી કાલવર્ટને કહ્યું ' અમે સંપત્તિ અને સેનાથી સજ્જ આવડા મોટા દેશના સમ્રાટ છીએ, છતાં એ નાના સરખા દેશને નથી હરાવી શકતા!"

કાલવર્ટે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો: "મહારાજ! કોઈ પણ દેશની મહત્તા એની લંબાઈ–પહોળાઈ ઉપર આધાર નથી રાખતી, સાચી મહત્તા તો કોઈ પણ દેશની જનતાના ઉચ્ચ અને ઉજ્જવળ ચારિત્ર ઉપર આધાર રાખે છે"

[ જીવન કે ચલચિત્ર, પૃ ૧૭૭ ]

૫૯

# સંતોષી નામદેવ

એક વાર નામદેવને ક્યાકથી રસોઈ માટે સીધું મળ્યું. જોકે આ સીધું એમને ઘણા દિવસે મળ્યું હતું અને એમને ભૂખ બહુ લાગી હતી, છતાં નામદેવને જે મળ્યું એમાં જ સંતોષ હતો. રસોઈ માટે જે વસ્તુ મળી એનાથી નામદેવે ચાર–છ રોટલીઓ બનાવી પછી એમને વિચાર આવ્યો : જે સજ્જને મને સીધું આપ્યું છે, એમણે થોડુંક ઘી પણ આપ્યું છે. એનો ઉપયોગ મારે કરી લેવો જોઈએ. સાથે સાથે નામદેવના મનમાં એક બીજો પવિત્ર વિચાર પણ ઘોળાવા લાગ્યો કે આ શુભ ઘડીએ કોઈક અતિથિ આવી ચડે તો કેવુ સારું ! એને પહેલાં જમાડીને પછી હું જમું !

નામદેવ જેવા ઝૂપડીમાં ઘી લેવા ગયા, એવામાં જ એક કૂતરો ત્યા આવીને બધી રોટલીઓ ઉપાડીને નાસી ગયો !

નામદેવે એ કૂતાને આ રીતે રોટલીઓ લઈ જતો જોયો, પરંતુ, નવાઈની વાત છે કે, એ જોઈને એમને ન જરાય ક્રોધ આવ્યો કે ન જરાય દુઃખ થયું. જોકે તેઓ ઘણા દિવસના ભૂખ્યા હતા અને એમને પોતાને જ રોટલીઓની ઘણી જરૂર હતી, પણ એમણે મનના ઊંડાણમાં ઊતરીને વિચાર્યું : આ કૂતરો કૂતરો નથી; આ કૂતરો તો ભગવાનનું જ રૂપ છે ! નામદેવની નજરે એ કૂતરો ન હતો; એમની દૃષ્ટિમા તો દરેક આત્મા પરમાત્મા સ્વરૂપ જ હતો.

અને તેઓ ઘીનું પાત્ર લઈને એ કૂતરાની પાછળ દોડવા વાગ્યા. કૂતરો આગળ ભાગી રહ્યો છે, નામદેવ

એની પાછળ પાછળ દોડી રહ્યા છે! નામદેવ બહુ જ શાંત અને મધુર સાદે એ કૂતરાને કહી રહ્યા હતા : "અરે ભાઈ, રોટલી લઈ ગયો છે તો લઈ ભલે જા! એની મને જરાય ચિંતા નથી. પરંતુ રોટલીઓ લૂખી છે, એના ઉપર થોડુંક ઘી તો ચોપડાવી લે!"

[અધ્યાત્મ-પ્રવચન, પૃ. ૨૯૭]

૬૦

## બેઠા કંઈક હજાર!

શીખ પંથના દસમા ગુરુ ગોવિંદસિંહને ચાર પુત્રો હતા. એમના બે મોટા પુત્ર ચમકોરના યુદ્ધમાં લડતા લડતા માર્યા ગયા હતા. અને નાના બે પુત્રોને મુસલમાનોએ સરહિંદમાં જીવતા દીવાલમાં ચણી લીધા હતા. એમને મુસલમાન બનવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેઓ ધર્મમાં દૃઢ રહ્યા અને ધર્મને માટે હસતા હસતા બલિદાન થઈ ગયા.

છતાં ગુરુ ગોવિંદસિંહ નિરાશ ન થયા. એમના અંતરમાં તો હજી પણ ધર્મના રક્ષણને માટે બલિદાન આપવાની ઊર્મિઓ ઊઠતી હતી. જ્યારે તેઓ ઘરે આવ્યા, ત્યારે પુત્રોની માતાએ આંસુ સારતાં પૂછ્યું : "મારા પુત્રો ક્યાં? આપ એમને મોતના મોંમાં ક્યાં ધકેલી આવ્યા?"

ગુરુએ ગંભીર બનીને જવાબ આપતા કહ્યું :

"ભારત માતના ચરણ પર, વારી દીધા ચાર,
ચાર ગયા તો શું થયું, બેઠા કંઈક હજાર!"

[જીવન કે ચલચિત્ર, પૃ. ૫૭]

૬૧

## તુંબડીનું સ્નાન

મહાભારતના ભયંકર રક્તપાત પછી યુધિષ્ઠિરના મનમા શંકા ઉત્પન્ન થઈ કે અમે ઘણા ઘણાં પાપ કર્યાં છે આટલા બધાં પાપ કેવી રીતે ધોવાશે? એમનો આત્મા બેચેન બની ગયો. તેઓ ગંભીરપણે વિચારવા લાગ્યા આ પાપના પ્રાયશ્ચિત્ત માટે શું કરું અને શું ન કરું?

યુધિષ્ઠિર સાત્ત્વિક વૃત્તિના પુરુષ હતા. એમનાથી પશ્ચાત્તાપ સહન ન થયો ત્યારે એમણે શ્રીકૃષ્ણને કહ્યુ : "ભગવાન! અમે અપાર પાપ કર્યા છે. એ પાપોને પખાળવા માટે અડસઠ તીર્થોમાં સ્નાન કરવું જરૂરી છે. હુ એ માટે તીર્થયાત્રાએ જવા ઇચ્છું છુ આપનો શો મત છે?"

શ્રીકૃષ્ણે વિચાર્યું. યુધિષ્ઠિર સ્થૂળ–બાહ્ય દૃષ્ટિવાળા બની રહ્યા છે મલમ કયાક લગાડવાની જરૂર છે, અને લગાડવા ઇચ્છે છે બીજે કયાંક! મેલ કયા છે, અને ધોવા કયાં જઈ રહ્યા છે! પણ અત્યારે એમને તત્ત્વજ્ઞાનની ઝીણી ઝીણી વાતો કરીશ તો એમના પ્રશ્નનું સમાધાન નહી થાય અને એમનું મન કયારેય નહી પલટાય અને જો મન ન પલટાય તો કોઈને બોલતો બધ કરી દેવાથી લાભ પણ શો થાય? કોઈને ચુપ કરી દેવો એ એક વાત છે, અને કોઈના મનને બદલવું એ બીજી વાત છે! એમ સમજીને શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યુ· "પાપને તો ધોવા જ જોઈએ. તમારા જેવા સાધુપુરુષ નહીં ધોવે તો બીજા કોણ ધોશે?"

યુધિષ્ઠિરે કહ્યું. "સારું મહારાજ! આજ્ઞા આપો!"

શ્રીકૃષ્ણે કહ્યું "તમે તો જઈ જ રહ્યા છો, પરંતુ

અમે તો કામ-કાજના કીચડમાં ફસાયા છીએ અમે કેવી રીતે જઈ શકીએ? પરંતુ આ અમારી વહાલી તુંબડી છે; એને લેતા જાઓ. એને પણ સ્નાન કરાવીને લેતા આવજો!"

યુધિષ્ઠિરને સ્નાન કરાવવા માટે શ્રીકૃષ્ણની તુંબડી મળી, તો જાણે સ્વયં કૃષ્ણ જ મળી ગયા! તેઓ બોલ્યા: "મહારાજ, આને જરૂર સ્નાન કરાવીશ; અને સૌથી પહેલાં સ્નાન કરાવતો રહીશ"

શ્રીકૃષ્ણે કહ્યું · "જોજો, ભૂલી ન જતા."

યુધિષ્ઠિર બોલ્યા "આ તુંબડી એ કંઈ કેવળ તુંબડી જ નથી; આ તો આપ પોતે જ છો તેથી આને સૌથી પહેલાં અને બધાય તીર્થોમા સ્નાન કરાવીશ"

બિચારા યુધિષ્ઠિર બધા તીર્થોની યાત્રાએ ગયા, અને ભટકી-ભટકીને સ્નાન કરીને પાછા પણ આવી ગયા. શ્રીકૃષ્ણ દરબાર ભરીને બેઠા હતા તેઓ સિંહાસન ઉપર બિરાજમાન હતા એ જ વખતે યુધિષ્ઠિર વગેરે આવીને સભા વચ્ચે બેસી ગયા શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરની સામે જોઈને બોલ્યા: "સ્નાન કરીને આવી ગયા, ધર્મરાજ?"

યુધિષ્ઠિરે કહ્યું · "હા મહારાજ! ગંગા, જમના વગેરે બધા તીર્થોમા સ્નાન કરી આવ્યો."

શ્રીકૃષ્ણ "પાપ ધોઈ આવ્યા, ખરું? ક્યાય ચોટી તો નથી રહ્યુ ને?"

યુધિષ્ઠિર: "આપના પ્રતાપે બધા પાપ ધોવાઈ ગયા. જ્યારે ધોવા માટે જ ગયો હતો, તો પછી બાકી રાખીને શા માટે આવું?"

શ્રીકૃષ્ણ · "વારુ, અમારી તુંબડીને સ્નાન કરાવ્યું?"

યુધિષ્ઠિર · " આપની તુંબડીને સ્નાન કેમ ન કરાવત ? બધાં તીર્થોમાં પહેલાં એને સ્નાન કરાવ્યું અને પછી અમે સ્નાન કર્યું."

પછી શ્રીકૃષ્ણે પોતાની તુંબડી હાથમાં લઈને કહ્યું : " અમારી આ તુંબડી અડસઠ તીર્થમાં સ્નાન કરી આવી છે. હવે પવિત્ર થઈ ગઈ છે તમે બધા સભાજનો તીર્થ-સ્નાન કરવા નથી ગયા, તેથી આનું ચૂર્ણ બનાવી, બધા લોકો થોડું થોડું ખાઈ લ્યો · તમે પણ પવિત્ર થઈ જશો !"

ચૂર્ણ તૈયાર થયું અને બધાને થોડું થોડું વહેંચી આપવામાં આવ્યું કૃષ્ણ મહારાજની આજ્ઞા હતી, એટલે બધાએ થોડું થોડું ચૂર્ણ પોતાના મોંમા નાખ્યું, પણ એ તો કડવું ઝેર હતું ! બધાનાં રૂપ-રંગ બદલાઈ ગયા, મો ઉદાસ થઈ ગયા, નાક–ભવા ભૂડી રીતે ખેચાઈ ગયા કેટલાકને તો ઊલટી પણ થઈ કેટલાક વળી બહાર જઈને થુ–થુ કરવા લાગ્યા ! સભાની આવી બદલાયેલી રંગત જોઈને શ્રીકૃષ્ણે કહ્યુ · " આ શું કરો છો ? તુબડી આટળી બધી પવિત્ર થઈને આવી છે, અને તમે એનું અપમાન કરો છો ? આને તો ખૂબ પ્રેમ અને ઊંડી શ્રદ્ધાથી ગ્રહણ કરવી જોઈતી હતી."

બધા બોલી ઊઠચા · " મહારાજ ! વાત તો સાચી છે, પણ તુંબડી ખૂબ કડવી છે અમારાથી એનું ચૂર્ણ ગળે ઉતારી શકાતું નથી "

શ્રીકૃષ્ણ બોલ્યા " તમે બધા ખોટું બોલો છો આની કડવાશ તો ગંગા માતામા નીકળી ગઈ છે તો પછી આ કેવી રીતે કડવી રહી જવા પામી ? કેમ યુધિષ્ઠિર, તમે તો કહો છો કે આને બધા તીર્થોમાં સ્નાન કરાવ્યું છે; તો પછી આ કડવી કેવી રીતે રહી ગઈ ?"

આ દૃશ્ય જોઈને યુધિષ્ઠિર વિચારમા પડી ગયા. તેઓ મનોમન કહેવા લાગ્યા: શ્રીકૃષ્ણ તો મોટા તત્ત્વદ્રષ્ટા અને વિચારક છે, છતાં તેઓ કહે છે કે આની કડવાશ નીકળી ગઈ છે! પછી તેઓ બોલ્યા "મહારાજ, એને અનેક ડુબકીઓ ખવરાવી છે કડવાશ માટે તો વાત એવી છે કે એ કંઈ એની બહાર ચોંટેલી નથી; એ તો એની અંદર છે, અને એની રગરગમાં વ્યાપેલી છે. ભલા, એ કેવી રીતે દૂર થઈ શકે?"

શ્રીકૃષ્ણ 'ઓહો, એમ વાત છે! કડવાશ બહાર નહીં પણ આની અંદર હતી, ખરું ને?"

યુધિષ્ઠિર "જી હા, મહારાજ! એ આની અદર હતી અને તીર્થસ્નાનનું પાણી અદર નહોતુ જઈ શકતુ; એ તો બહારનું બહાર જ રહ્યુ"

શ્રીકૃષ્ણ "યુધિષ્ઠિર, તો હવે એ તો કહો કે તમને પાપ અંદર લાગ્યુ હતું કે બહાર જ? પાપ શરીરની બહાર લાગે છે કે આત્માની અંદર લાગે છે? અને તમે ગગામાં કોને સ્નાન કરાવ્યુ—શરીરને કે આત્માને? તુબડીની કડવાશ બહારથી સ્નાન કરાવવાથી ન ટળી, કારણ કે એ અંદર હતી. એ જ રીતે તમારા કર્મોનો, તમારી વાસનાઓનો અને તમારી બધી બુરાઈઓનો મેલ પણ આત્માને વળગેલો હતો જ્યારે પાપ અને દોપ આત્મામાં લાગેલા હતા, તો શું તમે આત્માને બહાર કાઢીને તીર્થ-જળમાં એને ધોવાનો પ્રયત્ન કર્યો હતો ખરો?"

યુધિષ્ઠિર · "મહારાજ! આત્માને કેવી રીતે ધોત? અમે તો શરીરને જ ધોઈ આવ્યા છીએ"

શ્રીકૃષ્ણે કહ્યું · "યુધિષ્ઠિર, સાંભળો! તમારે જે જગ્યાએ

સ્નાન કરવાની જરૂર હતી, ત્યા ન કર્યું શરીરના સ્નાનને માટે શા માટે આમ તેમ રખડતા રહ્યા? એ તો અહીં પણ તમે કરી શકત આત્મશુદ્ધિને માટે બાહ્ય સ્નાન નહીં પણ આંતરિક સ્નાન જોઈએ."

[ અહિંસા-દર્શન, પૃ. ૧૪]

૬૨

## ધર્મફળનો અધિકારી

તથાગત બુદ્ધે એક વાર એવા ભિક્ષુને જોયો, જે ધર્મની મોટી મોટી વાતો કરતો હતો, લોકોને ભેગા કરીને ઉપદેશ આપતો હતો, પણ એનું પોતાનું જીવન શીલ અને સદાચાર વગરનુ હતું તથાગતે કહ્યું : "ભિક્ષુ, શું કોઈ ગોવાળ લોકોની ગાયોનો રખેવાળ હોય, તો શું ક્યારેય એ ગાયોનો સ્વામી કહેવાય ખરો?"

"ના, ભંતે! લોકોની ગાયોની સંભાળ રાખનારો ગોવાળ તો રખેવાળ કહેવાય; એ ગાયોનો સ્વામી ન બની શકે"

તથાગતે ગંભીર બનીને કહ્યુ · "ભિક્ષુ! જે શ્રમણ કેવળ ધર્મના આચરણના નિયમોનો પાઠ કરતો રહે છે, તે ક્યારેય ધર્મફળનો અધિકારી નથી બની શકતો ધર્મને જીભથી નહીં પણ જીવનથી પ્રગટ કરો!"

[ 'શ્રી અમર ભારતી', જૂન, ૧૯૬૮ ]

## ૬૩

# આપ સમાન બળ નહીં

રાજા કુમારપાળ સાંભરના રાજાની સામે યુદ્ધે ચડયા હતા. એમણે આ યુદ્ધ કેવળ સાભરરાજની ભૂમિ અને એના રાજ્યને પડાવી લેવા માટે નહીં પણ અત્યાચારથી પીડિત જનતાની મુક્તિ માટે શરૂ કર્યું હતું. સાભરરાજે ચાંદીના ટુકડાનું પ્રલોભન આપીને કુમારપાળના સૈનિકોને ફોડીને બેવફા બનાવી દીધા હતા

જ્યારે યુદ્ધ શરૂ થયું, ત્યારે કુમારપાળે જોયું કે આ તો છોકરાઓની લડાઈ જેવો એક તમાશો ચાલી રહ્યો છે! એમને આનો ભેદ પામતા વાર ન લાગી. એમણે હાથી ઉપર બેઠેલા પોતાના મહાવતને પૂછ્યું

મહાવતે કહ્યુ "આપના બધા સાથીદારો ચાંદીના ટુકડાને સાટે વેચાઈ ફરી ગયા છે, એટલા માટે તો એ યુદ્ધને મોરચે ખડા હોવા છતા હથિયાર નથી ઉઠાવતા "

આ સાભળીને કુમારપાળનું હૃદય થંભી ગયું, પણ એની નસોમા ગજવેલનું લોહી વહેવા લાગ્યું. એની શ્વાસ-નળીઓમા અત્યારે પણ આચાર્ય હેમચદ્રની એ વાણી ગુજી રહી હતી કે 'જ્યારે તું અનાથ હતો, ત્યારે પણ સિદ્ધ-રાજની શક્તિ તને કશુ નુકસાન કરી શકી ન હતી, તો આજે તને કોઈ શું કરી શકવાના હતા?'

અને કુમારપાળે પડકાર કર્યો - "બધા બદલાઈ ગયા હોય તોય કોઈ ચિંતા નહીં, પણ કુમારપાળ તો નથા બદલાયો! મારી ભુજાઓ અને મારુ પૌરુષ તો સલામત છે."

એણે ભારે સાહસપૂર્વક યુદ્ધ કર્યું. અને ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે એકલા કુમારપાળે એ યુદ્ધમા વિજય પ્રાપ્ત કર્યો

[ 'શ્રી અમર ભારતી,' ઓગસ્ટ, ૧૯૬૭ ]

૬૪

## જેવું મન તેવું માન

અષાડ મહિનો ચાલતો હતો. બે વેપારીઓ વેપારને માટે દેશાવર જઈ રહ્યા હતા. ચાલતાં ચાલતાં માર્ગમા એક ગામમાં તેઓ રોકાયા એ ગામમાં એક ડોશીને ઘેર બન્ને ભોજન કરવા ગયા. ડોશી શ્રાવિકા હતા, ધર્મના જાણકાર હતા એણે પૂછ્યું. "ભાઈ! તમે કઈ ચીજનો વેપાર કરો છો?"

પહેલા વેપારીએ કહ્યું "મા, હું ઘીનો વેપાર કરું છું"

બીજાએ કહ્યું. "હું ચામડાનો વેપારી છું અમે બેય માલ ખરીદવા જઈએ છીએ"

વૃદ્ધ શ્રાવિકાએ વિચાર કર્યો ઘીના વેપારીની ભાવના અત્યારે શુદ્ધ હોવી જોઈએ. એ વિચારતો હશે કે, દેશમા ખૂબ સારો વરસાદ થાય, સુકાળ થાય અને પશુઓ માટે ઘાસ-પાણી ખૂબ હોય તો ઘી સસ્તું થશે. આમ વિચારીને એણે એ વેપારીને જ્યા ચંદરવો બાંધ્યો હતો, ત્યા ઘરમા ખુબ સત્કાર સાથે બેસાર્યો અને હેતપૂર્વક જમાડ્યો

પછી ચામડાના વેપારીનો વારો આવ્યો. એની ભાવના અત્યારે ઘણી મલિન અને ખરાબ હોવી જોઈએ. જો સુકાળ

થાય, પશુઓને પૂરતાં ઘાસ–પાણી મળતાં રહે, તો પશુઓ ઓછાં મરે; અને તેથી ચામડું સસ્તું નહીં થાય જો વરસાદ ન વરસે તો દુષ્કાળ પડે અને પશુઓ ભૂખે મરે, તો ચામડું જરૂર સોંઘું થાય, અને પોતાને માલ સસ્તો મળે! એના મનમાં આવી દુષ્ટ વિચારણા ચાલતી હશે. તો પછી આવા હલકા વિચારવાળાને મારા રસોડામા શા માટે બેસારુ?—આમ વિચારીને એ ડોશીએ ચામડાના વેપારીને બહાર લાદી ઉપર જમવા બેસાર્યો.

બન્ને વેપારી જમીને આગળ ચાલતા થયા. પરદેશમાં જઈને બન્નેએ ખૂબ માલ ખરીદ્યો અને પાછા ફરતી વખતે એ જ વૃદ્ધ શ્રાવિકાને ત્યા જમવા આવ્યા.

શ્રાવિકાએ બન્નેને ઓળખી કાઢચા અને પહેલી વખત કરતા ઊલટી રીતે એણે ઘીના વેપારીને બહાર અને ચામડા-ના વેપારીને ઘરની અંદર ચંદરવા નીચે જમવા બેસાર્યો.

ઘીના વેપારીને ડોશીનો આ વ્યવહાર ખૂબ વિચિત્ર લાગ્યો. એણે કહ્યું "ડોશીમા! તમે પહેલાં તો સારો વ્યવહાર કર્યો હતો, પણ આ વખતે શા માટે અવળો વ્યવ-હાર કરી રહ્યાં છો?"

ડોશીએ કહ્યું. "બેટા મારો વ્યવહાર ઊલટો નથી, આ વખતે તારી મનોદશા અવળી થઈ ગઈ છે!"

"કેવી રીતે?"

"તે ઘી ખરીદ્યું છે હવે તું વિચારતો હોઈશ કે ઘી મોઘું થાય! અને ઘી તો ત્યારે મોઘું થાય, જ્યારે દેશના પશુધનને નુકસાન થાય, પશુઓ ભૂખે મરે અને દૂધ ઓછું આપે તું વિચાર કર કે પોતાના સ્વાર્થને માટે તારી

ભાવના કેટલી મલિન થઈ ગઈ છે! તું દેશનું કેટલું અહિત ચિંતવી રહ્યો છે! જે બીજાનું અહિત ચિંતવે તે ઉચ્ચ કુળનો હોવા છતાં નીચ છે. એટલા માટે મેં તને બહાર બેસાર્યો."

પોતાના મનનું વર્ણન સાભળીને ઘીનો વેપારી નવાઈ પામ્યો. એણે પૂછ્યું. "ભલા, ચામડાના વેપારીને અંદર બેસારવાનું શું કારણ?"

ડોશીએ એ વાતનો ફોડ પાડતાં કહ્યું "એણે ચામડું ખરીદ્યુ છે તારી જેમ એ પણ વિચારતો હશે કે ચામડું ખૂબ મોઘું થાય ચામડું મોઘું ત્યારે થાય, જ્યારે પશુ સ્વસ્થ અને પ્રસન્ન હોય અને મરતાં ન હોય, તેમ જ બધે સુકાળ હોય તેથી આડકતરી રીતે એ દેશનું તથા પશુઓનુ હિત ચાહે છે જે માણસ બીજાનું હિત ચાહતો હોય અને કલ્યાણની ભાવના ધરાવતો હોય, એ નીચ કુળનો હોવા છતા ઉચ્ચ છે, મહાન છે. એટલા માટે, જાણીબૂજીને મેં એનો સત્કાર કર્યો અને એને ઘરમા બેસાર્યો."

વૃદ્ધ શ્રાવિકાની વાતની સચ્ચાઈનો બન્ને વેપારીઓએ મસ્તક ઝુકાવીને સ્વીકાર કર્યો

[ ઉપદેશપ્રાસાદ, ૨, ૨૪૦ ]

[ 'શ્રી અમર ભારતી,' ઓગસ્ટ, ૧૯૬૬ ]

૬૫

## લગ્નનું વિસ્મરણ

યુરોપના એક વિદ્વાન વૈજ્ઞાનિકની વાત છે યૌવન પાંગરે એ

પહેલા જ તેઓ વિજ્ઞાનની કોઈક શોધમાં ડૂબી ગયા અને એમાં સતત ખૂંપી રહ્યા! એમણે દુનિયાને વિજ્ઞાનની નવી નવી સિદ્ધિઓની ભેટ આપી. વિજ્ઞાનની આવી સાધનામાં ને સાધનામાં એમનું યૌવન આવીને ચાલતું પણ થઈ ગયુ, અને ઘરપણે જીવનમાં પ્રવેશ કર્યો!

આ દરમ્યાન કોઈકે એમને સવાલ કર્યો : "આપના કુટુંબના શા સમાચાર છે?"

વૈજ્ઞાનિકે કહ્યું : "કુટુંબ? મારું કુટુંબ તો હું પોતે જ છું, મારા આ યંત્રો છે, જે વગર કશું કહ્યે, ચુપચાપ, મારા મનને બહેલાવતાં રહે છે!"

ફરી એમને પૂછ્યું "શું આપે લગ્ન નથી કર્યાં?"

વૈજ્ઞાનિક વિદ્વાને ચકિત થઈને જવાબ આપ્યો : "તમે આજે કહ્યું ત્યારે જ મને લગ્નની વાત યાદ આવે છે, અત્યાર સુધી મને લગ્ન યાદ જ નહોતાં આવ્યા! ભલા, એ શા માટે યાદ ન આવ્યા? એટલા માટે કે માનવીનુ મન એકીસાથે બે-બે કે ચાર ચાર કામ નથી કરી શકતું. મનની સામે તો જીવનનું એક જ કામ મહત્ત્વપૂર્ણ હોય છે. હુ જે સાધનામાં લાગ્યો હતો, એમા એટલો બધો ઓતપ્રોત બની ગયો અને એટલો બધો ઊંડો ઊતરી ગયો કે બીજી કોઈ વાત તરફ ધ્યાન જ ન આપી શક્યો! મેં જે વસ્તુ દુનિયાની સામે મૂકી છે, એના જ અણુ–અણુમા મારી સમસ્ત સંકલ્પ શક્તિ વ્યાપ્ત થઈ ગઈ હતી તમે મોટી ભૂલ કરી કે આજે લગ્નનું નામ સંભારી દીધુ!"

[બ્રહ્મચર્ય-દર્શન, પૃ ૧૦૭]

૬૬

# જન-સેવા : મહાવીરની આજ્ઞા

"ભંતે! એક સવાલ પૂછવા ઇચ્છું છું" ગૌતમે ભગવાન મહાવીરને કહ્યું.

"જરૂર" ભગવાને કહ્યુ

"ભગવાન, બે સજ્જન છે. એક હમેશાં કેવળ આપની ભક્તિમાં જ મગ્ન રહે છે, તેથી એને જનસેવાને માટે જરાય વખત જ નથી મળતો. બીજો રાત-દિવસ જનસેવામાં જ જોડાયેલો રહે છે, એટલે એને આપની ભક્તિ કરવાનો અવકાશ નથી મળ્યો ભગવાન, મારે એ જાણવું છે કે આ બેમા કોણ ધન્ય છે, કોણ વધારે શ્રેયનો અધિકારી છે?"

"ગૌતમ, એ માણસ, કે જે જનસેવાનું કામ કરે છે"

"ભગવાન, એમ કેમ? શું આપની ભક્તિનું મહત્ત્વ કંઈ નથી?"

"ગૌતમ, મારી ભક્તિનો અર્થ એવો નથી કે મારા નામનું રટન કરવામાં આવે, કે મારી પૂજા-સેવા કરવામા આવે, મારી ભક્તિ મારી આજ્ઞાના પાલનમાં રહેલી છે. અને મારી આજ્ઞા છે—પ્રાણીમાત્રને સુખ, સગવડ અને શાંતિ પહોચાડવાની"

[ 'શ્રી અમર ભારતી', એપ્રીલ, ૧૯૬૫ ]

૬૭

# ઝૂકે તે ટકે

એક સડકની એક તરફ બે લીલાછમ ઝાડ ઊભા હતા; એક હતું આંબાનુ, બીજું હતું વાંસનુ

એક દિવસ ખૂબ મોટી આંધી આવી. કેટલાય કાચાં– પાકા ઘર પડી ગયા, છાપરા ઊડી ગયા આંબાનું ઝાડ પણ મૂળમાંથી ઊખડીને વાંસના ઝાડની પાસે આવીને પડ્યું !

આંબાના ઝાડે વાંસના ઝાડને કહ્યું "દોસ્ત ! તું તો મારા કરતા બહુ જ કમજોર છે; છતા ભયંકર આંધી અને તોફાનનો સામનો કેવી રીતે કરી શકે છે?"

વાંસના વૃક્ષે જરાક હસીને જવાબ આપ્યો · "મોટા ભાઈ, તમારું કહેવું બિલકુલ સાચું છે કે હું તમારા કરતાં બહુ જ કમજોર છું. પરંતુ આંધી અને તોફાનને જીતવા માટે તાકાતની જરૂર નથી હોતી, ઝૂકી જવાની જરૂર હોય છે જ્યારે આંધી–તોફાન આવે છે, ત્યારે હું ઝૂકી જાઉં છું, મારો વાળ સરખોય વાંકો નથી થતો"

વાંસનો જવાબ સાંભળીને આંબો મનમા ને મનમાં વિચારવા લાગ્યો . સાચી વાત છે: ઉદ્ધતને જીતવા માટે વિનયની જરૂર પડે છે

['શ્રી અમર ભારતી', સપ્ટેમ્બર, ૧૯૬૬]

૬૮

# જેવી ભાવના તેવી સિદ્ધિ

સુદત્ત નામે એક મોટા તપસ્વી અને મનને પારખનારા સાધુ હતા. ભિક્ષાને માટે ફરતા ફરતા તેઓ યક્ષ નામના એક શ્રાવકને ઘેર જઈ પહોંચ્યા યક્ષ વસંતપુરનો તત્ત્વજ્ઞાની શ્રાવક હતો સાધુઓની સેવાભક્તિ અને ધર્મચર્ચામાં એ સદાય આગળ રહેતો.

મુનિને પોતાને આંગણે પધારેલા જોઈ એ ખૂબ રાજી થયો આહાર વહોરાવવા માટે એણે ઘરમાં ચારે તરફ નજર કરી, પણ કોઈ શુદ્ધ વસ્તુ એના ધ્યાનમા ન આવી. રસોઈ હજી તૈયાર થઈ ન હતી છેવટે એક ખૂણામાં ઘીથી ભરેલો ઘડો એના જોવામાં આવ્યો યક્ષે ખૂબ ભક્તિપૂર્વક મુનિવરને ઘી વહોરવાની વિનંતી કરી મુનિએ પોતાનું ભિક્ષાપાત્ર આગળ ધર્યું અને યક્ષે ખૂબ ઉચ્ચ ભાવનાપૂર્વક એમાં ઘી રેડવા માડયું.

મુનિ મનના ભાવોના જાણકાર હતા. એકાએક એમનું ધ્યાન યક્ષની ઉચ્ચ ભાવના તરફ ગયું. જેવું એમનું ધ્યાન યક્ષની ચડતી ભાવના તરફ ગયું કે પોતાના પાત્ર તરફથી હટી ગયું પાત્ર ઘીથી ભરાઈ ગયું, છતા મુનિને એનો ખ્યાલ ન આવ્યો, જેથી તેઓ ના ન કહી શકયા યક્ષ પણ ખૂબ ઊંચી ભાવનાથી ઘી રેડતો જ ગયો.

પછી તો ઘી પાત્રથી બહાર નીકળવા લાગ્યુ. છતાંય મુનિનુ ધ્યાન ન તૂટયું, પણ યક્ષની ચડતી ભાવધારા તૂટી ગઈ. એને વિચાર આવ્યો આ તે કેવો સાધુ છે!

પાત્ર છલકાઈ જવા છતાં મોથી બસ સુધ્ધાં નથી બોલતો! કેવો લોભી અને કેવો પ્રમાદી! આવા મુનિને દાન દેવાથી શો લાભ?

યક્ષની ભાવધારાને જોવાની ધૂનમાં મુનિ હજુ સુધી ઘીની ધારાને ન જોઈ શક્યા. ઘી બહાર વહી રહ્યું છે, એ તરફ પણ તેઓની નજર ન ગઈ. પરંતુ જ્યારે એમણે યક્ષની ચડતી ભાવનાઓને નીચે પડતી જોઈ તો, ચિંતન-મગ્ન અવસ્થામાં જ, તેઓ એકાએક બોલી ઊઠ્યા: "ન પડ! ન પડ!"

મુનિના કહેવા ઉપર યક્ષને ગુસ્સો આવી ગયો. એ પોતાના રોષને મનમાં ન સમાવી શક્યો, એટલે એના મુખમાંથી આવેશભર્યા શબ્દો નીકળી જ પડ્યા "કેવો પાગલ સાધુ છે! ઢોળાઈ રહેલા ઘીને કહે છે કે ન પડ, ન પડ! આ રીતે કહેવા માત્રથી અચેતન ઘી તે વળી ક્યાય નીચે પડતું રોકાઈ જાય ખરુ?"

યક્ષના શબ્દો કાને અથડાયા, એટલે મુનિની વિચાર-સરણી તૂટી ગઈ ઘીને બહાર વહી ગયેલુ જોઈને તેઓ ખેદપૂર્વક બોલી ઊઠ્યા "मिच्छा मि दुक्कडं! આ તે કેવી ભૂલ થઈ ગઈ—ઘી બહાર વેરાઈ ગયું!"

મુનિના આ શબ્દો સાભળીને યક્ષને ખૂબ ચીડ ચઢી એ પોતાના ઊકળતા ક્રોધ ઉપર કાબૂ ન રાખી શક્યો, બોલી ઊઠ્યો "હવે मिच्छा मि दुक्कडं યાદ આવ્યો? આટલી વાર સુધી ક્યા ચાલ્યા ગયા હતા? ઘીને રોકાઈ જવાનું—ન પડવાનું-તો કહ્યું, પણ ઘીએ શ્રીમાનની આજ્ઞાનું પાલન ક્યા કર્યું? એ તો ઢોળાતુ જ રહ્યુ!"

યક્ષના કટાક્ષ, વિષ ચડાવેલા બાણ જેવા આકરા હતા;

પણ ક્યારેય વિષ અમૃતને ખળભળાવી શકે ખરું ? મુનિનું હૃદય ઝેર ચડાવેલા તીર જેવાં વચનોથી વીંધાવા છતાં શાંત રહ્યું. એમણે ખૂબ ગંભીરતાપૂર્વક કહ્યું : "શ્રાવકજી, સંયમથી કામ લ્યો. નિરર્થક આવાં આકરાં વેણ બોલીને પોતાની જાતને શા માટે નીચે પાડી રહ્યા છો ? આ તો તમારા માટે 'દાઝયા ઉપર ડામ' જેવું બની રહ્યું છે !"

યક્ષ શ્રાવક મનમાં ને મનમાં વિચારવા લાગ્યો. મુનિ કેવો પાગલ જેવો બકવાદ કરી રહ્યો છે ! પોતાની જાતને બદલે ઊલટો મને પડતો હોવાનું કહી રહ્યો છે ! એનાથી ચુપ ન રહેવાયું; એણે કહ્યું : "મહારાજ ! આપ તો રોષમાં ને રોષમા ઊલટા મને જ ગાળો દઈ રહ્યા છો !"

સુદત્ત મુનિએ કહ્યું : "મારા મનમાં ન તો પહેલાં રોષ હતો, ન અત્યારે આ તો જેવું મને દેખાયું, એવું મેં કહી દીધું"

યક્ષે પૂછયું "આપે શું જોયુ ? જરા કહો તો ખરા !"

મુનિએ ગભીર બનીને કહ્યું : "જ્યારે હું ગોચરી માટે તમારે ઘેર આવ્યો, ત્યારે તમારી ભાવના ખૂબ ઊંચી અને નિર્મળ હતી. હું એ ભાવનાના ચિંતનમાં ડૂબી ગયો અને પાત્ર તરફથી મારું ધ્યાન હટી ગયું. મેં જોયું કે તમારા વિશુદ્ધ પરિણામ ક્ષણે ક્ષણે વધુ ને વધુ ઊંચે ચડી રહ્યા છે, અને દેવગતિનું આયુષ્ય બાંધવાની નીચી ભૂમિકાઓને વટાવીને છેક અચ્યુતકલ્પ નામના બારમા દેવલોક સુધી આગળ વધી ગયા છે. જ્યારે ઘી ઢોળાવા લાગ્યું, ત્યારે તમારા પરિણામ દૂષિત થવા લાગ્યા, અને તમે દેવગતિની ઉચ્ચ ભૂમિકાથી નીચે પડવા લાગ્યા. એ જ વખતે મેં તમને ઉદ્દેશીને કહ્યું કે 'ન પડ ! ન પડ !' એ વખતે પણ

મારું ધ્યાન ઘી તરફ ન હતું."

યક્ષ મુનિની તરફ અનિમેષ જોઈ રહ્યો. એના મનમાં પશ્ચાત્તાપની એક આછી સરખી ઊર્મિ ઊઠવા લાગી.

મુનિએ પોતાની વાત આગળ ચલાવી · "જ્યારે તમને મારા કહેવા ઉપર રોષ આવ્યો અને આવેશપૂર્વક કટાક્ષ કરતા કરતાં તમે આકરા વચન બોલ્યા, ત્યારે તમારો આત્મા દેવલોકના આયુષ્યબંધથી તો શું, સમ્યગ્દર્શનથી પણ પતિત થઈને પશુ-યોનિનું આયુષ્ય બાંધવા જેટલી નીચી સ્થિતિએ પહોંચી ગયો હતો! તમારી આ સ્થિતિને ધ્યાનમાં રાખીને જ મેં કહ્યું હતું કે તમારું આ કાર્ય તો તમારા માટે દાઝ્યા ઉપર ડામ જેવું બની રહ્યું છે. "શ્રાવક, મારા મનમાં રોષ જેવુ કશુ જ નથી મેં તો તમારા મનના પરિણામોનું ચિત્ર ખરાબ થતું જોઈને સહજપણે આ વાત કહી હતી"

મુનિએ જ્યારે યક્ષના મનના પરિણામોનું હૂબહૂ વર્ણન કરી બતાવ્યુ, ત્યારે એનું મન પશ્ચાત્તાપની લાગણીથી ઊભરાઈ ગયું પછી તો એને પોતાની જાત ઉપર જ ખેદ ઊપજ્યો સ્વર્ગથી પડીને પશુયોનિ સુધી પહોંચી જનારી પોતાની મનોદશાથી એ ઉદાસ થઈ ગયો. એણે કહ્યું · "ભગવાન! હવે ફરી આપનુ પાત્ર મૂકો, હું ફરી ઘીનું દાન કરીશ, જેથી મને ફરી સ્વર્ગનું આયુષ્ય મળે"

સુદત્ત મુનિએ મધુર સ્મિત કરીને કહ્યું: "ભદ્ર! ઘીનું દાન કરવાથી કોઈ દેવલોકનું આયુષ્ય બાંધી લે છે, એવું નથી એ તો દાતાની ઉચ્ચ અને નિર્મળ ભાવના ઉપર જ આધાર રાખે છે વસ્તુ મુખ્ય નથી, ભાવ મુખ્ય છે અને

એવી ઉચ્ચ ભાવના, ફળની ઇચ્છા રાખ્યા વગર, નિષ્કામ બુદ્ધિથી દાન દેવાથી જ જાગે છે. સ્વર્ગને માટે ઘીનું દાન કરવું, એ તો સોદો કહેવાય, દાનધર્મ નહીં !"

[ કથાકોપપ્રકરણ, કથા ૧૯ ]

[ જૈન ઇતિહાસ કી પ્રેરક કથાએં, પૃ ૮૦ ]

૬૯

## ગરીબોના બેલી

કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિ પાટણ તરફ વિહાર કરતા કરતા એક દિવસ એક નાના ગામમાં જઈ પહોંચ્યા. ગામમા એક ગરીબ વિધવા રહેતી હતી એ આચાર્ય મહારાજ ઉપર ખૂબ શ્રદ્ધા ધરાવતી હતી.

એ બાઈએ પોતાના હાથે સૂતર કાતીને એક પછેડી બનાવી હતી આચાર્ય મહારાજ પધાર્યા એટલે એણે એ પછેડી સ્વીકારવા માટે એમને વારંવાર વિનંતી કરી એની શ્રદ્ધા અને ભક્તિ જોઈને આચાર્યનુ અંતર ગદ્‌ગદ થઈ ગયું. પણ એની ગરીબીનો વિચાર આવવાથી એ પછેડી લેવામા એમને સંકોચ થતો હતો

શ્રાવિકાએ એક દિવસ કહ્યું . "ગુરુદેવ, શું મારી શ્રદ્ધામા કોઈ ખામી છે ? સચ્ચાઈ નથી ?"

"આ તુ શું કહે છે, બહેન ?" આચાર્યે આશ્ચર્યપૂર્વક પૂછ્યું.

"તો પછી આપ મારી આ પછેડી શા માટે નથી સ્વીકારતા? હું ગરીબ છુ તેથી શું થયું? આ પછેડીના એક એક તારમાં મારા આત્માની અનંત શ્રદ્ધા વણાયેલી છે. આપ એનો સ્વીકાર કરશો, ત્યારે જ મારું મન પ્રસન્ન થશે; નહીં તો હું માનીશ કે હું ગુરુકૃપાથી પણ દરિદ્ર છું —વંચિત છું." શ્રાવિકાની વાણીમા ભક્તિ ઊભરાતી હતી.

આચાર્યે એની શ્રદ્ધાનો સહર્ષ સ્વીકાર કર્યો, અને એ પછેડી પોતાના અગ ઉપર ધારણ કરી. પાટણના પ્રવેશ વખતે પણ આચાર્યે એ જ પછેડી પહેરી હતી.

મહારાજા કુમારપાળે ખૂબ ઉત્સાહપૂર્વક આચાર્યનું સામૈયું કર્યું આચાર્યશ્રીના શરીર ઉપર ખાદીની આવી જાડી, ખરબચડી અને જાડા-જાડા સૂતરમાંથી બનાવેલી પછેડી જોઈને કુમારપાલે કહ્યું: "ગુરુદેવ, આવી ખરાબ પછેડી આપના શરીર ઉપર નથી શોભતી; કૃપા કરી બીજી સુંદર રેશમી પછેડી ધારણ કરો!"

આચાર્યે પૂછ્યું. "કેમ, આમા ખરાબી શું છે? અમને સાધુઓને તો શ્રદ્ધા અને પ્રેમપૂર્વક જે કંઈ મળી જાય, એ જ સૌથી સુંદર છે."

કુમારપાળે કહ્યું · "ના, આ સુંદર નથી કેવી જાડી અને ખગબ છે! આ જોઈને મને શરમ ઊપજે છે કે કુમારપાળના ગુરુ આવું કપડું ઓઢે!"

"રાજન્! આ પછેડી જોઈને તમને શરમ ઊપજે છે, ખરું? પણ તમને એ જોઈને ક્યારેય શરમ ઊપજી છે ખરી કે તમારા જેવા પ્રજાપ્રિય રાજાના રાજ્યમા પણ કેટલી દીન, અસહાય વિધવા સ્ત્રીઓ ગરીબીની ભઠ્ઠીમાં કણ કણ શેકાઈ રહી છે? શરમ તો આ પછેડીથી નહીં પણ

સ્ત્રીઓની આવી સ્થિતિથી ઊપજવી જોઈએ! તમે એમને માટે પણ ક્યારેય કંઈ વિચાર કર્યો છે ખરો?" આચાર્ય ગંભીરતાપૂર્વક જાણે કુમારપાળની મુખમુદ્રાને વાંચી રહ્યા.

સમ્રાટના અંતઃકરણમાં ખળભળાટ મચી ગયો. એણે કહ્યું: "ગુરુદેવ! આપે મને ઢંઢોળીને મારી ગાઢ તંદ્રાને ઊડાડી દીધી. એ ગરીબ વિધવા બહેનોને રાજ્ય તરફથી જરૂરી મદદ મળતી રહે એવો બંદોબસ્ત આજે જ કરું છું."

આચાર્યના નગર પ્રવેશના ઉત્સવ વખતે જ સમ્રાટે રાજ્યના ખજાનામાંથી ગરીબ વિધવા બહેનોને મદદ આપવા માટે દર વર્ષે કેટલાય કરોડ રૂપિયા ખર્ચ કરવાનું એક મહત્ત્વનું ફરમાન કર્યું. આચાર્ય હેમચંદ્રની ફક્ત એક જ ટકોરથી આવી એક પછેડી નહીં, પણ જનતાની ગરીબીની સેંકડો–હજારો પછેડીઓ બદલાઈ ગઈ!

[ 'શ્રી અમર ભારતી', જાન્યુઆરી, ૧૯૬૮ ]

૭૦

## સહિષ્ણુતાનો જય

સ્વામી વિવેકાનંદ એક વાર રેલગાડીમા મુસાફરી કરતા હતા તેઓ ફર્સ્ટ કલાસના જે ડબ્બામાં બેઠા હતા, એમાં બે અંગ્રેજ દાખલ થયા. એક સાધુ-સંન્યાસીને ફર્સ્ટ કલા-સમાં બેઠેલા જોઈ એમને ખૂબ ગુસ્સો ચડ્યો; એમની ભ્રૂકુટિ ખેંચાઈ ગઈ થોડીક વાર તો તેઓ એમની તરફ ઘૃણા અને કટાક્ષપૂર્વક તાકી તાકીને જોઈ રહ્યા, અને પછી ભારતના સાધુ

—સંન્યાસીઓ ઉપર કટાક્ષ અને ગાળો વરસાવવા લાગ્યા! એમને હતુ  આ બાબાજી અમારી અંગ્રેજી ભાષા થોડા જ સમજી શકતા હશે!

કેટલાક વખત પછી જ્યારે ગાડી કોઈ મોટા સ્ટેશને ઊભી રહી, એટલે સ્વામીજી કંઈક વસ્તુ ખરીદવા નીચે ઊતર્યા. એ અંગ્રેજો પણ નીચે ઊતર્યા. જ્યારે એમણે સ્વામીજીને બીજા મુસાફરો સાથે શુદ્ધ અંગ્રેજીમાં વાત કરતા જોયા તો એ બન્ને ખૂબ ખસિયાણા પડી ગયા. એમને થયું : આ આટલું સારું અગ્રેજી બોલી શકે છે, તો એ આપણી વાતો—વાતો નહીં પણ ગાળો—જરૂર સમજી ગયો હશે! છતાં, નવાઈની વાત છે કે, એણે એક અક્ષર પણ ઉચ્ચાર્યો નહીં. એમણે સ્વામીજીને પૂછ્યું "શું આપ અગ્રેજી જાણો છો?"

"જી હા." સ્વામીજીએ સાવ સહજભાવે કહ્યું.

"તો પછી અમારી વાતચીતથી આપને જરૂર કંઈક દુખ થયુ હશે. આપે કહ્યું કેમ નહીં?" અંગ્રેજ કંઈક નરમાશથી વર્તવા લાગ્યા

"દુખ નહીં પણ અફસોસ થયો! અને પછી મેં વિચાર્યું કે તમે કોઈને ગાળો દઈને તમારા મનને ખુશ કરતા હો તો એમાં હું શા માટે વિઘ્ન નાખું? તમારા મગજમા જે ગંદકી ભરી હતી, એ બહાર આવી રહી હતી, વિવાદમા ઊતરીને એનો ફેલાવો કરવાથી શો લાભ? તમારી સાથે હું નિરર્થક મારા મગજને શા માટે ગંદુ કરું?"

સ્વામીજીના જવાબથી બન્ને અંગ્રેજ શરમાઈ ગયા અને ચકિત થઈને જોઈ રહ્યા. સ્વામીજીની સહિષ્ણુતા

અને આત્મ-નિયંત્રણની એમના ઉપર એવી ઊંડી અસર થઈ કે તેઓ સ્વામી વિવેકાનંદજીના ભક્ત બની ગયા.

[ 'શ્રી અમર ભારતી', જુલાઈ, ૧૯૬૭ ]

૭૧

## હાથની શોભા

સતીશચંદ્ર વિદ્યાભૂષણ બંગાળના સંપત્તિશાળી મોટા વિદ્વાન હતા. એક વાર એક ભાઈ એમની માતાનાં દર્શન કરવા એમના ઘેર ગયા.

આવનારે જોયું કે વિદ્યાભૂષણજીની માતાએ હાથમાં સોના અને હીરાનાં આભૂષણોને બદલે પિત્તળનાં ઘરેણાં પહેર્યાં છે! બાપડો આશ્ચર્યમાં ડૂબી ગયો, અને પૂછવા લાગ્યો : " વિદ્યાભૂષણ જેવા મહાન વિદ્વાન અને ધનવાન પુત્રની માતા હોવા છતા આપે આપના હાથમા પિત્તળનાં ઘરેણાં કેમ પહેર્યાં છે ? આનું કારણ શું છે ? "

માતાએ જવાબ આપ્યો : " બેટા, બંગાળના દુકાળ વખતે બંગાળના પુત્રોને છૂટે હાથે હેતપૂર્વક જમાડવાથી આ હાથની જે શોભા વધી છે, એ શોભા કંઈ આ સાધારણ ઘરેણાથી ઓછી નથી થઈ જવાની, વધારેમા વધારે કીમતી રત્ને જડચા ઘરેણાથી પણ એના જેવી શોભા ન વધી શકે."

[ 'શ્રી અમર ભારતી', માર્ચ, ૧૯૬૭ ]

૭૨

## અશાંતિનું મૂળ

એક સંત ભારે અનુભવી હતા એક દિવસ એમની પાસે એક શેઠ આવ્યા. સંત એ વખતે પોતાના ધ્યાન-યોગમાં મગ્ન હતા કોણ આવે છે, અને કોણ જાય છે, એનું એમને કશું ભાન ન રહેતું ભક્ત આવીને સંતની પાસે જ બેસી ગયો.

સંત જ્યારે સમાધિમાંથી જાગ્યા તો આવનાર શેઠે એમને નમસ્કાર કરીને વિનતિ કરી : “ભગવાન! મેં મારી બધી મિલકત મારા કુટુંબના નામે ચડાવી દીધી છે હવે હું કોઈ જાતનો કામધંધો કરતો નથી; મેં બધુંય છોડી દીધું છે; તે એટલે સુધી કે શરીર ઉપર વસ્ત્ર પણ સાધારણ પહેરું છુ, અને ખાવા–પીવામાં પણ હવે મને વિશેષ રસ-વૃત્તિ રહી નથી. છતાં, નવાઈની વાત એ છે કે, બધુ છોડી દેવા છતાંય હજી મને શાતિ નથી મળતી! આપ જેવા સંતોના શ્રીમુખથી તો એવું સાભળ્યું હતું કે જે પરિગ્રહ કર્યો હોય, એનો ત્યાગ કરી દેવાથી શાતિ મળે છે પણ મને તો હજી સુધી શાંતિ નથી મળી, એનું શું કારણ?”

સંતે ધ્યાનપૂર્વક એની વાતોને સાભળીને કહ્યું : “જે વાસણમા વર્ષો સુધી તેલ રહ્યું હોય, એ વાસણને સારી રીતે ઊટકવા છતા એમાંથી તેલની ગંધ સહેલાઈથી જતી નથી. એ સાચુ છે કે, તમે તમારી સંપત્તિનો ત્યાગ કરી દીધો છે, પરંતુ મનમાથી સપત્તિ પ્રત્યેનો રાગ જે રીતે નીકળી જવો જોઈએ, એ રીતે નીકળી ગયો નથી સંપત્તિ પુત્રોને સોંપી તો દીધી, પણ હજીય તમારા મનમાં એ ગડમથલ

ચાલતી રહે છે કે, નાદાન છોકરાઓ ક્યાંક સંપત્તિને વેડફી ન નાખે! સંપત્તિ તો છોડી, પણ એના રાગને ક્યાં છોડ્યો છે? આવી સ્થિતિમાં તમે શાંતિ મેળવવા ઇચ્છો તો એ કેવી રીતે મળી શકે?"

[અધ્યાત્મ-પ્રવચન, પૃ. ૧૮૦]

૭૩

## ભલા રાષ્ટ્રપતિ

અમેરિકાના રાષ્ટ્રપતિનો એક અંગત અધિકારી કોઈ ખાસ કામે બહાર ગયો હતો. કામ પતાવીને એ પાછો આવ્યો ત્યારે રાતના લગભગ બે વાગ્યા હતા. આવીને એણે ભવનના દરવાજા ખટખટાવ્યા. થોડીવારમાં એણે જોયું તો રાષ્ટ્રપતિએ પોતે આવીને દરવાજો ઉઘાડ્યો!

રાષ્ટ્રપતિએ પૂછ્યું : "કહો, બધુ બરાબર તો છે ને?"

મોડેથી આવીને કષ્ટ આપવા બદલ અધિકારીએ ક્ષમા માગી.

રાષ્ટ્રપતિએ કહ્યું : "આમાં કષ્ટ આપવાની શી વાત છે? જો હું દરવાજો ઉઘાડવા ન આવત તો તમારે આખી રાત બહાર પડ્યા રહેવું પડત. આજે આ મકાનમાં મારા સિવાય બીજું કોઈ છે નહીં. હા. હું મારા નોકરને મોકલી શકત, પણ એ સૂઈ ગયો છે એને જગાડવો, એ મને બરાબર ન લાગ્યું."

[જીવન કે ચલચિત્ર, પૃ. ૮૨]

## ૭૪

# પતિ-પત્નીની સાધના

વાચસ્પતિ મિશ્ર ભારતના મોટા દર્શનશાસ્ત્રી થઈ ગયા એમનાં લગ્ન થયાં એને આગલે દિવસે જ એમણે બ્રહ્મસૂત્રના શાંકરભાષ્ય ઉપર ટીકા રચવી શરૂ કરી હતી. દિવસ ને રાત તેઓ એના જ વિચારમાં ડૂબ્યા રહેતા અને લખ્યા કરતા. છતાં એમની તરતમાં જ પરણેલી પત્ની ભામતી એવી સુશીલ, શાણી અને ચતુર હતી કે એણે એની સામે કશો વાંધો ન ઉઠાવ્યો. એ તો એમની સેવામાં વધુ મગ્ન રહેવા લાગી. જ્યારે દિવસ આથમવાની વેળા થતી ત્યારે એ, અંધારું દૂર કરવા, ચુપચાપ આવીને દીવો પેટાવી જતી.

મિશ્રજી એકાગ્રતાપૂર્વક લખવામાં એવા મગ્ન રહેતા કે કોણ આવીને ક્યારે દીપક સળગાવી ગયું એનું એમને ભાન જ ન રહેતું આ રીતે બાર વર્ષ વીતી ગયાં, અને યૌવનની મસ્તીભરી હવા, જે આ ઉંમરે બે યુવાન હૈયાંમાં આપ મેળે જ વહેવા લાગે છે, એ ત્યાં ન વહી શકી.

હવે તો પુસ્તક પૂરું થવાનો વખત પણ આવી પહોંચ્યો. એવામા એક દિવસ દીપક વહેલો બુઝાઈ ગયો જ્યારે પત્ની એને ફરી સળગાવવા આવી તો વાચસ્પતિ મિશ્રે દીવાનાં પ્રકાશમા જોયું કે એ એક તપસ્વિનીના રૂપમાં જીવી રહી છે, અને પોતાના જીવનને એણે કોઈ જુદા જ રૂપમાં ઢાળી દીધું છે! શરીર કૃશ બની ગયું છે, એના ઉપર કોઈ આભૂષણ નથી, વસ્ત્ર પણ સાધારણ છે. છેવટે મિશ્રજીએ પૂછ્યું: "તેં તારું જીવન આવું કેમ બનાવી દીધું છે?"

પત્નીએ પ્રસન્નતાપૂર્વક કહ્યું : "આપના પવિત્ર કામને માટે હું બાર વર્ષથી આ પ્રમાણે કરી રહી છું."

મિશ્રજી ચકિત થઈ ગયા અને ગળગળા થઈને બોલ્યા : "ખરેખર, તારી સાધનાના બળે જ હું આ મહાન ગ્રંથ પૂરો કરી શક્યો છું. જો આપણે સંસારની વાસનાઓમા ફસાઈ ગયા હોત, તો કશું જ ન કરી શકત. પણ વિલાસથી દૂર રહીને, એવી વસ્તુનું સર્જન કર્યું છે કે જે તને અને મને અમર બનાવી દેશે. હું આ ટીકાનું નામ, તારા નામ ઉપરથી, 'ભામતી' રાખું છું."

[બ્રહ્મચર્ય-દર્શન, પૃ ૧૦૫]

૭૫

## ચોરની ચોરી

એક ચોર ક્યાંકથી ઉત્તમ અને સુંદર ઘોડી ચોરી લાવ્યો. એણે એને ઘરમાં બાંધી દીધી; પણ એના ઉપર બેસવાનું કેવું? ઘોડી લાવીને બાંધી તો દીધી, પણ એને ચિંતા થવા લાગી· હવે આનુ શું કરવું? આના ઉપર સવારી કરીને નીકળું તો પકડાઈ જાઉં; અને સવારી ન કરી શકું તો એ મારા માટે શા કામની! છેવટે એણે ઘોડીને વેચીને પૈસા કરી લેવાનું નક્કી કર્યું.

કોઈક ઠેકાણે પશુઓનો મેળો ભરાતો હતો. ચોર એ ઘોડીને લઈને ત્યા ગયો પણ બિચારો એને મેળાની અંદર લઈ જવાને બદલે કિનારે કિનારે ફેરવવા લાગ્યો જે કોઈ મળે, એને એ પૂછતો· "તમારે ઘોડી ખરીદવી છે?"

એક માણસની નજર ખૂબ તીણી હતી. એણે જોઈ લીધું કે આ ચોર છે, અને તેથી જ આટલી સુંદર ઘોડીને લઈને કિનારે કિનારે ચાલે છે. જરૂર આ ઘોડી ચોરીની જ હોવી જોઈએ. આ પ્રમાણે વિચારીને એ એની પાસે ગયો અને બોલ્યો : "ઘોડી કોની છે?"

ચોરે કહ્યું : "મારી છે."

"આને વેચવી છે?"

"હા, વેચવા માટે તો લાવ્યો છું"

"સારું, તો એની કિંમત શું?"

આ સવાલ સાભળીને ચોર વિમાસણમાં પડી ગયો. ઘોડી કંઈ એની ખરીદેલી ન હતી, અને એના વડવાઓએ પણ ક્યારેય આવી ઘોડી ખરીદી નહોતી ખરી રીતે તો એ ચોરીનો જ માલ હતો. એ ઘોડીની યોગ્ય કિંમત કહેવામાં અસમર્થ થઈ ગયો; પણ ચુપ રહેવાથી પણ કામ ચાલે એમ ન હતું. એટલે કંઈક વિચાર કરીને એણે અમુક કિંમત કહી દીધી.

કિંમત સાંભળીને ખરીદનાર સમજી ગયો કે આના બાપદાદાએ પણ ક્યારેય ઘોડી રાખી નથી! ખરી રીતે આ ચોરીનો જ માલ છે. છતાં ખરીદનારે ગંભીર બનીને કહ્યુ : "કિંમત તો ઘણી વધારે છે, પણ ઘોડી સુંદર છે, એટલે કિંમતની મને ચિંતા નથી. પણ હું એ જોવા માગું છુ કે એ જેવી દેખાવમા સુંદર છે, એવી ચાલમાં પણ સુંદર છે કે નહીં?"

ચોરે કહ્યું : "બહુ સારું. એની ઉપર બેસીને એની ચાલ જોઈ લ્યો.'

ખરીદનારે પોતાનો હોકો ચોરને આપીને કહ્યું : "તમે જરા આ ઝાલી રાખો, હું ઘોડીની પરીક્ષા કરી લઉં છું."

હોકો હાથમાં આવ્યો એટલે ચોરને વિશ્વાસ બેસી ગયો. ખરીદનાર ઘોડીની ઉપર ચડી બેઠો. એણે જરાક એડી મારી કે ઘોડી જાણે વા સાથે વાતો કરવા લાગી!

ચોર એની પાછળ દોડવા લાગ્યો. ખરીદનારે એને કહ્યું "શા માટે દોડો છો? આ ઘોડી કંઈ તમારી નથી. એમ જ માલિક બનીને ફરો છો! ખબરદાર, જો પાછળ આવ્યા છો તો!"

આ તો ચોરને ઘેર ચોરી થઈ! બાપડો પોકાર પણ ક્યાં પાડી શકે? છેવટે એ હોકો લઈને અને ઉલ્લુ બનીને ઘેર પાછો આવી ગયો!

પાડોશીએ પૂછ્યું "પાછા આવી ગયા? ઘોડી કેટલામાં વેચી?"

એણે મનને મારીને કહ્યું: "જેટલામાં લાવ્યો હતો, એટલામાં જ વેચી આવ્યો!"

લોકોએ પૂછ્યું· "નફામાં શું લાવ્યા?"

ચોરે જવાબ આપ્યો· "આ હોકો! ઘોડી તો જેવી આવી હતી, એવી જ ચાલી ગઈ! કાળજું બાળવા માટે હાથમાં આ હોકો રહી ગયો!"

આ રૂપકનો ભાવ સમજાવતા આચાર્યે કહ્યું : "માનવી અહીં શું લઈને આવ્યો હતો, અને જતી વખતે શુ લઈને જશે? બધુંય અહીં જ મૂકીને ચાલતો થશે પરંતુ પોતાની સારી કે ખોટી વૃત્તિઓના સંસ્કારોને જરૂર સાથે લેતો જશે."

[ સત્ય-દર્શન, પૃ ૫૭ ]

૭૬

# બાપુજી ઘરમાં નથી

કોઈક ભાઈ બહારથી આવ્યા અને ઘરધણીને સાદ દેવા લાગ્યા જ્યારે સાદ આવ્યો ત્યારે ઘરધણી ઘરમા જ હતા, પણ કોઈ કારણુસર એ આવનાર ભાઈને મળવા ઇચ્છતા ન હતા. આવનાર પણ જલદી ટળે એવો ન હતો! એ તો ગુંદરિયો બનીને દરવાજા ઉપર ખડો જ રહ્યો અને સાદ ઉપર સાદ દેવા લાગ્યો. નિરુપાય થઈને ઘરધણીએ પોતાના નાના છોકરાને કહ્યુ · "જા, નીચે જઈને એ માણુસને કહી દે કે મારા બાપુ ઘરમા નથી"

છોકરાએ નીચે જઈને કહી દીધું : "બાપુજી કહેવરાવે છે કે બાપુજી ઘરમાં નથી!"

આટલું સાભળીને આવનાર બેધડક ઉપર ચાલ્યો આવ્યો અને બોલ્યો · "વાહ ભાઈ, વાહ, આ બધું શું માડ્યુ છે?"

ઘરધણીએ પૂછ્યું "હુ ઘરમાં છું, એની તમને ખબર કેવી રીતે પડી?"

એણે જવાબ આપ્યો "આપનો આ દીકરો સંદેશો લઈને આવ્યો હતો કે બાપુજી કહેવરાવે છે કે બાપુજી ઘરમાં નથી!"

ઘરધણી શું બોલે? છોકરા ઉપર સમસમી રહ્યા!

[ સત્યદર્શન, ૧. ૩૩ ]

૭૭

# નેહરુજીની સાદાઈ

સને ૧૯૨૧ની વાત છે. પંડિત જવાહરલાલ નેહરુ દેશને માટે એક વાર ગામડાઓના પ્રવાસે નીકળ્યા હતા તેઓ જ્યા જતા ત્યા જનતાની સાથે ખૂબ હળીમળી જતા

એક દિવસ નેહરુજી એક નાના ગામમાં એક ખેડૂતના મહેમાન થાય ભોજન વખતે નેહરુજીને મકાઈનો લૂખો રોટલો અને શાક મળ્યાં, એમણે એ ખૂબ પ્રેમથી ખાધા.

રાત પડી, સૂવાનો વખત થયો ખેડૂતને મૂંઝવણ થઈ આવા મોટા માણસ માટે સૂવાની ગોઠવણ કેવી રીતે કરવી? બિચારો ઘરમાંથી એક ખાટલો ઉઠાવી લાવ્યો

નેહરુએ પૂછ્યું : "આના ઉપર કોણ સૂવે છે?"

"વહુ સૂવે છે" જવાબ મળ્યો.

"આજે એ શાના ઉપર સૂશે?"

"સ્ત્રીજાતિ છે, જમીન ઉપર સૂઈ રહેશે!"

નેહરુએ ગરમ થઈને કહ્યું "વાહ! આ કેવુ? જો સ્ત્રી જમીન ઉપર સૂઈ શકતી હોય, તો હુ પણ જમીન ઉપર સૂઈ શકું છું!"

એક વાત નક્કી કરી એટલે પછી નેહરુને એનો અમલ કરતાં કેટલી વાર? ખેડૂતની ઓશરીમા એક બાજુ પરાળ પાથરેલું હતું એના ઉપર પોતાનો ઓવરકોટ પાથરીને અને મોટરમા મૂકેલો કામળો ઓઢીને નેહરુ સૂઈ ગયા!

ખેડૂતના સુખદુઃખના ભાગીદાર બનીને જવાહરલાલજીએ જાણે એ ઘરને વશ કરી લીધું. આવડા મોટા મહેમાનની આટલી બધી સાદાઈ જોઈને એ રાત ગામના ખેડૂતોનાં ઘરઘરમા આ વાતની જ ચર્ચા થતી રહી.

[ જીવન કે ચલચિત્ર, પૃ ૫૮ ]

૭૮

## મોઢું સીવી લેવાથી શુ

એક સત હતા એમણે મૌન ધારણ કર્યું હતું, અને રખે ને મોમાથી શબ્દ નીકળી પડે, એટલા માટે બે–ત્રણ વર્ષથી પોતાના હોઠને તારથી સીવી લીધા હતા એમને પોતાની જાત ઉપર ભરોસો ન હતો, તે મોને જ સીવી લીધું હતું! જ્યારે મોઢું જ સીવી લીધું, તો પછી જમવું કેવી રીતે? બસ, હોઠના પોલાણ વાટે લોટનું પાણી કે દૂધ નાળચાથી ગળામા રેડી દેતા આ સાધક એક વાર ગાંધીજીને મળવા ગયા. ગાધીજીએ પૂછ્યું "આ શું કરી બેઠા છો?"

એ ભાઈ બહુ મોટા વિચારક હતા, પણ ક્યારેક ક્યારેક મોટા મોટા વિચારક પણ ભ્રમમા પડી જાય છે. આમનું પણ એવું જ થયું હતું!

એમણે ગાધીજીને લખીને જવાબ આપ્યો. "મેં મૌન ધારણ કર્યું છે, અને એનો ક્યાક ભંગ ન થઈ જાય એ ભયથી મેં મારું મો સીવી લીધું છે"

ગાધીજીએ એમને કહ્યુ. "ભલે બહારથી–દેખીતી

રીતે-તમે ન બોલો, પરંતુ જો અંદરથી બોલવાની વૃત્તિ નથી તૂટી, તો મોં સીવી લેવાથી પણ શો લાભ? આનો અર્થ તો એ થયો કે એક ખરાબીને—માની લીધેલી ખરાબીને—દૂર કરવા માટે બીજી સારી બાબતોનો પણ નાશ કરી દેવો! મોં ઉઘાડું હોત તો, સંભવ છે, કોઈ દુઃખમાં હાયકારા નાખતો મળત, તો એને કંઈક મધુર શબ્દો બોલીને તમે દિલાસો આપત; અને સંભવ છે, કોઈ વ્યક્તિ તમારી પાસે ભણવા માટે આવત, તો એનું પણ કંઈક સારુ થઈ જાત. મોને સીવી લેવાથી એ બધું ખતમ થઈ ગયું! આથી એટલું જ થયું કે મોંમાંથી કોઈ અપશબ્દ ન નીકળી જાય પરંતુ મનમાંથી તો એ વૃત્તિ બહાર ક્યાં નીકળી ગઈ છે? જો મનમાથી એ વૃત્તિ નીકળી ગઈ હોત, તો મોં સીવી લેવાની જરૂર જ ન રહેત! હવે તો સ્થિતિ એવી થઈ ગઈ છે કે, આ હોઠ પણ સૂજી ગયા છે, છતાં મનને શાંતિ ક્યાં છે? મતલબ કે તમે એક ખરાબીની સંભાવનાને દૂર કરવા માટે કેટલીય ભલાઈઓને નષ્ટ કરી દીધી! વાણી ઉપર સંયમ-કાબૂ મેળવવા માટે મૌનની સાધના જરૂરી છે; મૌનનો અભ્યાસ સાધકને અંતર્મુખ બનાવે છે આવા અભ્યાસ દરમ્યાન, કદાચ સ્મૃતિ-ભ્રંશને લીધે, મોમાંથી ક્યારેક કોઈક બોલ નીકળી જાય, તો એથી કંઈ વિશેષ નુકસાન નથી થતુ બોલવા ઉપર નહીં પણ બોલવાની વૃત્તિ ઉપર નિયંત્રણ કરો અને તેય ખોટું કે અનુચિત બોલવાની વૃત્તિ ઉપર."

ગાંધીજીની વાત એમને ગળે ઊતરી ગઈ, અને એમણે પોતાના મોંના તાર ખોલી નાખ્યા. ગાંધીજીની દલીલ સત્યને પ્રકાશમાન કરી ગઈ.

[ બ્રહ્મચર્ય-દર્શન, પૃ ૬૧ ]

૭૯

## નશો ઊતરી ચૂકયો

એક રાજા હાથીને હોદે ચડીને જઈ રહ્યો હતો. એમની સાથે હજારો માણસો હતા સરઘસ જેવું દેખાતું હતું. એવામાં એક માણસ લડથડિયાં ખાતો રાજાની સવારીની સામે આવ્યો એની નજર હાથી ઉપર પડી, તો એણે રાજાને કહ્યું "આ પાડો કેટલામા વેચવો છે?"

રાજાએ એ સાંભળીને પાસે બેઠેલા મંત્રીને કહ્યું "આ શું બકી રહ્યો છે? મારા હાથીને પાડો કહે છે! અને તેની કિંમત પૂછીને અપમાન કરે છે!"

રાજાનો આવેશ જોઈને મંત્રીએ કહ્યું "આ પોતે એ નથી બોલી રહ્યો, એ તો બીજું કોઈક આવું બોલી રહ્યું છે આપ એના ઉપર નાખુશ શા માટે થાઓ છો?"

રાજાએ ગુસ્સો કરીને કહ્યુ : "શુ તમને નથી સભળાતું? એ જ તો બોલી રહ્યા છે! આવુ બોલવાવાળો અહીં બીજો કોણ છે?"

મંત્રીએ તરત જ એ દારૂડિયાને પકડાવીને કેદમાં પુરાવી દીધો. બીજે દિવસે જ્યાર એ માણસને મહારાજાની સામે હાજર કરવામા આવ્યો, ત્યારે એનો દારૂનો નશો ઊતરી ગયો હતો અને એ ભાનમા આવી ગયો હતો. મહારાજે એને પૂછ્યું: "પાડો કેટલામા ખરીદવો છે?"

એ બોલ્યો. "અન્નદાતા, પ્રાણની ભિક્ષા મળે તો વાત કરું. આપ મારા સ્વામી છો, હુ આપનો દાસ છુ"

રાજાએ કહ્યુ : "જે કહેવું હોય તે ખુશીથી કહે."

એણે કહ્યું · "મહારાજ, પાડો ખરીદનાર વેપારી તો ચાલ્યો ગયો ! હું ક્ષમા માગું છું, મને માફ કરો !"

દારૂડિયાની આ વાતને સમજાવતા મંત્રીએ કહ્યું : "અન્નદાતા ! જો પાડો ખરીદનાર આ પોતે જ હોત, તો ગઈ કાલની જેમ આજે પણ એ ખરીદવાની જ વાત કહેત. પરતુ આજ આ પોતાની સારી હાલતમાં છે પાડો ખરીદવાનુ કહેનાર આ પોતે નહીં પણ એનો નશો હતો. અને એ નશો તો આજે ઊતરી ચૂકચો છે"

[ બ્રહ્મચર્ય-દર્શન, પૃ ૭૦ ]

૮૦

## સાર તો કાઢી લીધો

મહાત્મા ગાધી એક વાર લંડન ગયા હતા. રસ્તામા એમને એક અગ્રેજ સાથે પરિચય થયો. આ અગ્રેજ કઈક તીખા સ્વભાવનો હતો એ અવારનવાર ગાધીજીને કડવા–ખોટા વેણ સંભળાવી જતો

એક દિવસ એણે એક કટાક્ષકાવ્ય લખીને ગાધીજીને આપ્યુ ગાધીજીએ એમાથી ટાંકણી કાઢી લઈને પોતાની ડબીમા મૂકી દીધી અને એ કવિતાને વાચ્યા વગર જ કચરાની ટોપલીને હવાલે કરી.

એ જોઈને પેલા અંગ્રેજે કહ્યું · "મિ. ગાધી, એમાં કાંઈક સાર પણ છે, જરા વાંચી તો જુઓ"

મહાત્માજીએ હસીને કહ્યું: "સાર તો કાઢીને મેં ડબીમાં મૂકી દીધો છે!"

[ જીવન કે ચલચિત્ર, પૃ ૧૧૪ ]

## ૮૧

# દૃષ્ટિ તેવી સૃષ્ટિ

એક દિવસ શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને બોલાવીને કહ્યુ : "યુધિષ્ઠિર, લ્યો આ કોરો ચોપડો; અને દ્વારિકા નગરીની ગલીએ ગલીએ એકેએક ઘરમા ફરીને નગરીમા જે દુષ્ટ માણસો હોય એનાં નામ આમા લખી લાવો." પછી શ્રીકૃષ્ણે દુર્યોધનને કહ્યુ: "તમે આ ચોપડામાં દ્વારિકા નગરીમા વસતા સજ્જન માણસોના નામ લખી લાવજો"

યુધિષ્ઠિર અને દુર્યોધન પોતપોતાનું કામ પૂરું કરવા માટે નીકળી પડ્યા. એક દ્વારકાની ગલી ગલીમાં અને એના ઘર-ઘરમા દુષ્ટ માણસની શોધ કરતા હતા, અને બીજા સજ્જન-ની. બન્નેને એક મહિનાની મુદ્દત આપવામાં આવી હતી

મુદ્દત પૂરી થઈ શ્રીકૃષ્ણે ફરી સભા બોલાવી ઘણા લોકો આવ્યા હતા. લોકોના મનમા ભારે ઉત્સુકતા હતી: જોઈએ તો ખરા, આપણા નગરમાં કોણ કોણ દુષ્ટ છે, અને કોણ કોણ સજ્જન છે? સૌ એ વિચારમાં જ ડૂબી ગયા હતા.

શ્રીકૃષ્ણ પોતાના સિંહાસન ઉપર બિરાજ્યા. એમણે બન્નેને પોતપોતાનું કામ બતાવવા કહ્યું બન્નેએ પોતપોતાના ચોપડા શ્રીકૃષ્ણની સામે હાજર કરી દીધા. અને બન્ને પોત-

પોતાના સ્થાને બેસી ગયા. લોકો ઊંચી ડોક કરીને આ બધું જોઈ રહ્યા હતા.

જ્યારે શ્રીકૃષ્ણે લોકોને એમ કહ્યું કે "બન્ને ચોપડા કોરા છે; એમાં કોઈએ એક અક્ષર પણ નથી પાડ્યો," ત્યારે લોકોની ઉત્સુકતા ઔર વધી ગઈ.

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરની સામે જોઈને પૂછ્યું : "કેમ યુધિષ્ઠિર, તમને આવડી મોટી દ્વારિકા નગરીમા એક પણ દુષ્ટ વ્યક્તિ ન મળી?"

યુધિષ્ઠિરે જવાબ આપ્યો "હા મહારાજ, મારી નજરમા તો મને એક પણ વ્યક્તિ દુષ્ટ ન લાગી! જેની સાથે વાત કરી, એમાં કોઈક ને કોઈક પણ ગુણ મળી જ ગયો"

આ પ્રમાણે શ્રીકૃષ્ણે દુર્યોધનને પૂછ્યું, તો એણે કહ્યું : "મહારાજ, મને તો એક પણ વ્યક્તિ સજ્જન ન લાગી; પછી કોનું નામ લખુ? આપને કોરો ને કોરો ચોપડો સોંપી દીધો."

લોકો શ્રીકૃષ્ણનો નિર્ણય સાંભળવા ઉત્સુક બની ગયા.

શ્રીકૃષ્ણે કહ્યુ . "બસ સાચું છે દ્વારિકા નગરી પોતે પોતાની જાતમા ન તો સારી છે કે ન ખરાબ. જેની દૃષ્ટિમાં ખરાબી છે એને માટે આખી દુનિયા ખરાબ છે, અને જેની દૃષ્ટિમાં સારાપણું છે, એને માટે આખી દુનિયા સારી છે!"

[ જીવન-દર્શન, પૃ ૩૮૧ ]

## ૮૨

## વખતની કિંમત

શ્રી બેંજામિન ફ્રેંકલિન સમય સાચવવામાં બહુ ખબરદાર હતા એમને પુસ્તકોની એક દુકાન હતી. એક વાર એક

ઘરાક આવ્યો અને લાબા વખત સુધી દુકાનમાં આંટા મારતો રહ્યો છેવટે એણે પૂછ્યુ : "આ પુસ્તકની કિંમત શું છે ?" કારકુને જવાબ આપ્યો : "એક ડોલર."

"એક ડોકર ? એનાથી ઓછી નહી ?"

"ના."

ગ્રાહકે થોડી વાર આમ તેમ જોઈને કારકુનને પૂછ્યું : "શું મિ ફ્રેંકલિન અંદર છે ?

"હા પણ અત્યારે કામમા રોકાયેલા છે."

"હું જરા એમને મળવા ઇચ્છું છું."

છેવટે શ્રી ફ્રેંકલિન બહાર આવ્યા તો ઘરાગે પૂછ્યું· "મિ ફ્રેંકલિન, આપ આ પુસ્તકની ઓછામા ઓછી શી કિંમત લેશો ?"

"સવા ડોલર !"

"સવા ડોલર ? હમણાં તો કારકુને એક ડોલર કહ્યો છે"

"સાચુ છે, પણ મારું કામ મૂકીને આવવામાં મારો વખત પણ ખરચાયો છે ને ? એનું શું ?"

ગ્રાહક આશ્ચર્યમાં પડી ગયો. એણે પોતાની વાત પૂરી કરવા માટે ફરી પૂછ્યું : "વારુ, હવે આની ઓછામાં ઓછી કિંમત કહી દ્યો, એટલે હું ખરીદી લઉં."

"ડોઢ ડોલર !"

"ડોઢ ડોલર ? અરે, હમણા તો તમે સવા ડોલર કહ્યો હતો"

"હા મેં એ વખતે એ કિંમત કહી હતી, પણ હવે તો ડોઢ ડોલર જ થશે. જેમજેમ તમે મોડું કરતા જશો,

પૂછપૂછ કરીને અમારો વખત બગાડતા જશો, તેમ તેમ ચોપડીની કિંમત ઉપર વખતની કિંમત પણ ચડતી જશે!"

ગ્રાહકે ખિસ્સામાંથી પૈસા કાઢીને ચૂકવી દીધા, અને ચોપડી લઈને એ ચુપચાપ ચાલતો થયો!

(૨)

એક વાર સમ્રાટ નેપોલિયને પોતાના સેનાપતિઓને જમવા બોલાવ્યા; સાથે સાથે કોઈક બાબતની ચર્ચા-વિચારણા પણ ગોઠવી હતી. નક્કી કરેલ વખતે આવી પહોંચવામાં સેનાપતિઓને કંઈક મોડું થઈ ગયું. એટલે નેપોલિયન તો બરાબર વખતસર જમવા બેસી ગયા. તેઓ ભોજન પૂરું કરીને ઊઠ્યા જ હતા કે એવામાં સેનાપતિઓ પણ આવી પહોંચ્યા. એમને જોઈને નેપોલિયને કહ્યું: "ભોજન તો પતી ગયું; આવો, હવે આપણું કામ શરૂ કરીએ!"

(૩)

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ વૉશિંગટન ચાર વાગે ખાણું લેતા હતા. એક દિવસ એમણે કોંગ્રેસના કેટલાક નવા સભ્યોને પોતાને ત્યા જમવાનું આમંત્રણ આપ્યું એ લોકો થોડાક મોડા પહોંચ્યા તો એમણે પ્રમુખને જમવા બેસી ગયેલા જોય એથી એમને કંઈક માઠું લાગ્યું.

એમની સ્થિતિ જોઈને પ્રમુખે કહ્યું· "મારો રસોઈયો મને એમ ક્યારેય નથી પૂછતો કે મહેમાનો આવ્યા કે નહીં? એ તો ફક્ત એટલું જ પૂછે છે કે જમવાનો વખત થયો કે નહીં?"

(૪)

એક વ્યક્તિએ ચિત્રશાળામાં પ્રવેશ કર્યો. એને ઘણાં ચિત્રો બતાવવામાં આવ્યાં એણે જોયુ કે એક ચિત્ર એવું

છે કે જેમાં એક વ્યક્તિનો ચહેરો કાળા વાળથી ઢાંકેલો છે, અને એના પગમાં પાંખો લગાવેલી છે.

જોનારે પૂછ્યું. "આ કોની તસવીર છે?"

ચિત્રકારે કહ્યું: "સમયની!"

"આનું મોં કેમ છુપાયેલું છે?"

"કારણ કે એ જ્યારે માણસોની સામે આવે છે, ત્યારે તેઓ એને ઓળખી શકતા નથી."

"એના પગે પાંખો કેમ લગાવેલી છે?"

"કેમકે એ ઝડપથી પસાર થઈ જાય છે; અને એક વાર સમય ચાલ્યો જાય છે, તો પછી એને કોઈ ફરી વાર નથી મેળવી શકતા"

[જીવન કે ચલચિત્ર, પૃ. ૬૧, ૯૮, ૯૯, ૧૬૫]

૮૩

## ફરતી સોનામહોર

બેન્જામિન ફ્રેંકલિન પોતાના શરૂઆતના દિવસોમાં એક છાપું છાપતા હતા; આગળ જતાં એ એના સંપાદક અને પ્રકાશક પણ બન્યા. એની પાસે કશી જ વધારે ઘરવખરી ન હતી. એક વખત એમને પૈસાની જરૂર પડી એમણે એક ધનવાન પાસે વીસ ડૉલરની માગણી કરી. એ પરિચિત માણસે તરત જ એને વીસ ડૉલરની એક સોનામહોર આપી

થોડા વખતમાં ફ્રેંકલીન વીસ ડૉલર બચાવી શક્યા

એટલે પેલા ભાઈને પાછા આપવા ગયા. જ્યારે એમણે વીસ ડૉલરનો સિક્કો મેજ ઉપર મૂક્યો તો એમના મિત્રે નવાઈ પામીને એમને કહ્યું. "મેં ક્યારેય તમને વીસ ડૉલર ઉછીના નથી આપ્યા."

ફ્રેંકલિને એમને સંભારી આપ્યું કે "અમુક વખતે, અમુક સ્થિતિમાં તમે મને આ ડૉલર આપ્યા હતા."

"હા, આપ્યા હતા તો ખરા"

"એટલા માટે તો હું પાછા આપવા આવ્યો છું"

"પણ પાછા આપવાની વાત તો ક્યારેય થઈ નથી. પાછા લેવાની વાત તો હું ક્યારેય વિચારી જ નથી શકતો!" એ મિત્રે કહ્યું, "આ સોનાના સિક્કાને તમારી પાસે રાખો કોઈક દિવસ તમારા જેવો જ પૈસાની જરૂરિયાત-વાળો તમારી પાસે આવી ચડે તો એને એ આપી દેજો. જો એ માણસ ઈમાનદાર હશે તો ક્યારેક ને ક્યારેક તમને એ ડૉલર પાછા આપવા આવશે. જ્યારે એ આવે તો તમે એને કહેશો કે એ સોનામહોરને એની પાસે રાખી મૂકે અને જ્યારે પોતાના જેવી જ સ્થિતિવાળો કોઈ એની પાસે પૈસા માંગવા આવે તો એ એને આપી દે"

કહેવાય છે કે વીસ ડૉલરની એ સોનામહોર આજે પણ અમેરિકાના સંયુક્ત પ્રજાતંત્રમા કોઈકની ને કોઈકની જરૂરિયાત પૂરી કરતી ફરી રહી છે!

[ જીવન કે ચલચિત્ર, પૃ ૯૭ ]

૮૪

# અમરફળ

સંત રંગદાસ બાળક હતા, ત્યારની વાત છે. એક દિવસ એમના પિતાજીએ એમને થોડાક પૈસા આપીને બજારમાંથી કેટલાંક ફળ લઈ આવવા મોકલ્યા. બાળકે રસ્તામાં જોયું કે કેટલાક ચીંથરેહાલ લોકો ભૂખને લીધે તરફડી રહ્યા છે

એમનું આવું દુઃખ જોઈને બાળકનું મન પીગળી ગયું. એણે પિતાએ આપેલા પૈસા એ ગરીબ, ભૂખ્યા લોકોને વહેંચી દીધા ગરીબોએ પૈસાથી ત્યા ને ત્યાં જ કંઈક ખાવાની વસ્તુ ખરીદી અને એ ખાઈને ખૂબ રાજી થયા બધાના શરીર, મન અને નેત્રો પુલકિત થઈ ગયાં.

બાળક ખૂબ ખુશ થયો. એનો આનંદ મનમાં સમાતો ન હતો. એ ખાલી હાથે ઘેર પાછો આવ્યો

પિતાએ પૂછ્યું. "બેટા, ફળ નથી લાવ્યો ?"

બાળકે જવાબ આપ્યો "પિતાજી, આપને માટે અમરફળ લાવ્યો છું"

"વારુ, એ કયા છે, કેવું છે ?" પિતાએ નવાઈ પામીને પૂછ્યું.

"પિતાજી, કેટલાક મારા જેવા જ માણસોને ભૂખે મરતા જોઈને મારું મન પીગળી ગયું. મેં એ બધા પૈસા એમને વહેંચી દીધા એમની ભૂખ શાંત થઈ ગઈ; તેઓ ખુબ રાજી થયા આપણે ફળ ખાધા હોત, તો થોડીક વાર માટે જ આપણા મોં ગળ્યાં થાત, પરંતુ એ ગરીબોનો

આત્મા પ્રસન્ન થવાથી તો એ પુણ્યનું ફળ આપણા માટે અમર બની ગયું, ખરું ને ?"

બાળકની સહૃદયતા અને સંસ્કારી બુદ્ધિ જોઈને ધર્મ-પરાયણ પિતાનું અંતર ગદ્ગદ થઈ ગયું. ભાવાવેશમાં એમણે બાળકના માથાને ચૂમતાં કહ્યું : "હા બેટા, તારી વાત બિલકુલ સાચી છે"

[ 'શ્રી અમર ભારતી', ફેબ્રુઆરી, ૧૯૬૭ ]

૮૫

## ગુલામોનો ગુલામ નહીં બનું

એક વાર ડાયોજિનીસનો ગુલામ ચુપચાપ ક્યાંક ભાગી ગયો ડાયોજિનીસે એની કશી પરવા ન કરી અને બધું કામ પોતાના હાથે કરવા લાગ્યા

એમના એક મિત્રે કહ્યું . "આપ આટલી બધી તકલીફ કેમ ઉઠાવો છો ? એ ગુલામને શોધીને પકડી લાવો અને એની પાસે કામ કરાવો !"

ડાયોજિનીસે કહ્યું : "શું મારા માટે એ શરમ અને અપમાનની વાત નહીં ગણાય કે મારો સેવક તો મારા વગર રહી શકે, અને હું એના વગર મારું કામ ન ચલાવી શકું ? હું ગુલામોનો ગુલામ નહીં બનું ?"

[ જીવન કે ચલચિત્ર, પૃ. ૧૧૫ ]

૮૬

# ખેતરને પાણી પાઉં છું

એક વાર ગુરુ નાનક હરદ્વાર ગયા હતા. એમણે જોયું કે લોકો ગંગામાં સ્નાન કરતી વખતે પોતાના સ્વર્ગવાસી પૂર્વજોને પાણી પહોંચાડવા પૂર્વ દિશા તરફ ફેંકી રહ્યા છે. તેઓ પણ ગંગામાં ઊતરીને લાગ્યા પશ્ચિમ તરફ પાણીનાખવા!

સ્નાન કરનારા ભક્તોને આથી બહુ જ નવાઈ લાગી. એમણે પૂછ્યું. "ગુરુજી, આ શું કરી રહ્યા છો?"

હાથેથી પાણી ફેંકવાનું ચાલુ રાખતા ગુરુ નાનકે જવાબ આપ્યો: "હું મારાં ખેતરોને પાણી પાઈ રહ્યો છું. મારાં એ ખેતર અહીંથી થોડે દૂર પશ્ચિમ દિશામાં છે"

ગંગાભક્તોએ તીણા સ્વરે કહ્યું "એ કેમ બનીશકે?"

નાનકદેવે કહ્યું: "જ્યારે તમે આપેલું પાણી અહીંથી લાખો માઈલ દૂર તમારા ગુજરી ગયેલા પૂર્વજોને પહોંચી શકતું હોય, તો મારું પાણી અહીંથી થોડે જ દૂર આવેલાં મારા ખેતરો સુધી કેમ ન પહોંચી શકે?"

ભક્તો ચુપ થઈ ગયા. ગુરુએ એક માર્મિક દૃષ્ટિ નાખીને એમને સમજાવ્યું: "તમારા પૂર્વજો આ પાણીની અંજલિથી તૃપ્ત નહીં થઈ શકે; એમને તૃપ્ત કરવા માટે સત્કર્મની, સેવા અને પ્રેમની અંજલિ આપો!"

['શ્રી અમર ભારતી', જુલાઈ, ૧૯૬૬]

૮૭

## એ મારી માતા હોત તો

શિવાજી મહારાજે ઘનઘોર યુદ્ધ કરીને મોગલ સેનાનો એક કિલ્લો જીતી લીધો કિલ્લેદાર તો નાસી ગયો, પણ એની પુત્રી કેદ પકડાઈ ગઈ. છોકરી ખૂબ સુંદર હતી. જ્યારે સેનાપતિએ એ છોકરીને શિવાજીની પાસે હાજર કરી, તો એ ભયભીત હતી. એને થયું: હવે તો મારે દાસી બનવું પડશે. હવે હું મારાં મા-બાપનું મોં ક્યારેય નહીં જોઈ શકું ખુદા જાણે, મારી સાથે કેવો વ્યવહાર કરવામાં આવશે!

પરંતુ શિવાજીએ તો છોકરીને જોતાં જ ભરદરબારમાં કહ્યું "અહા! કેવી સુંદર છોકરી છે! જો એ મારી માતા હોત તો હું આવો કદરૂપો ન જન્મત!"

છોકરીને ઘણું ધન આપીને શિવાજીએ કહ્યું "બેટી, લે, આ તારા લગ્નનો દાયજો. એ લઈને તારા પિતા પાસે ચાલી જા તેઓ યોગ્ય વર શોધીને તારા લગ્ન કરી દેશે. જેવી તું તારા પિતાની પુત્રી છો, એવી જ મારી પણ પુત્રી છો!"

[ જીવન કે ચલચિત્ર, પૃ ૯૮ ]

૮૮

## અપશુકનની સામે

એક ગામમા અમે ચોમાસું કરવા જઈ રહ્યા હતા. શ્રાવક-શ્રાવિકાઓ સજજ થઈને સ્વાગત કરવા આવ્યાં હતાં.

જેવા અમે ગામમા પ્રવેશ કરવા લાગ્યા કે અચાનક એક ગધેડું ભૂંકવા લાગ્યું બસ, પછી તો પૂછવું જ શું હતું! શ્રાવકો વહેમમાં પડી ગયા અને ઘુસપુસ કરવા લાગ્યા. સાથે બીજા સંતો પણ હતા, એય માથું હલાવવા લાગ્યા.

મેં પૂછ્યું : "શું થયું ?"

સંતોએ કહ્યું · "અપશુકન થઈ ગયા! ગધેડું ખોટી દિશામા ભૂંક્યું!"

શ્રાવકોએ પણ કહ્યું : "હા મહારાજ, આજ તો ગામમાં પ્રવેશ કરવાનુ માંડી વાળો; પાછા ચાલો પાછા ફરીને આજનો દિવસ જ્યાથી આવ્યા એ ગામમાં જ વિતાવો"

મેં કહ્યું "અહી તમે લોકોને વગર પૈસે સિનેમા બતાવવા ઇચ્છો છો કે શું? સેંકડો માણસો અમને લેવા સામે આવ્યા છે, એમને શું એમ કહીને પાછા વાળી દેશો કે આજે ગધેડું ખોટી દિશામાં ભૂંક્યું? કર્મવાદનો આટ-આટલો ઉપદેશ સાંભળતા રહો છો, મોટી મોટી વાતો કરો છો. પણ એક ગધેડાએ એ બધા ઉપર પાણી ફેરવી દીધું! તો તો ગધેડું અમારા કરતાય જોરાવર નીકળ્યું!"

અસ્તુ! અમે એ જ સમયે ગામમાં પ્રવેશ કર્યો, અને ચોમાસું કર્યું આપને શું કહું? એ ચોમાસામાં એટલો આનંદ અને ઉત્સાહ પ્રવર્ત્યો કે આજે પણ લોકો એ ચોમાસાને યાદ કરે છે!

['શ્રી અમર ભારતી,' ડિસેમ્બર, ૧૯૬૯]

૮૯

# વહુને શો અધિકાર ?

એક ગામમાં કોઈ શેઠનું મોટું ઘર હતું. એમને ત્યાં ગાયો-ભેંસો ઘણી હતી; રોજ વલોણું થતું. માંખણ તેઓ પોતે ઉતારી લેતા અને છાશ ગામના જે લોકો લેવા આવતા એમને આપી દેવામાં આવતી એક દિવસ ડોશીમા બહાર ગયા હતા, અને ઘરમાં વહુ હતી. એવામાં એક બહેન છાશ લેવા આવી, તો વહુએ કહ્યું : “ આજ તો છાશ નથી ”

છાશ લેવા આવનાર બાઈ પાછી ફરતી હતી, એવામાં રસ્તામાં ડોશીમા મળી ગયાં. એમણે પૂછ્યું તો એ બાઈએ કહ્યું : “ તમારે ત્યાં છાશ લેવા ગઈ હતી, પણ તમારી વહુએ ના કહી કે છાશ નથી.”

સાસુ રોફ કરીને બોલી : “ ચાલ, મારી સાથે આવ ! વહુ તે વળી ના કહેવાવાળી કોણ ? ”

પાડોસણ ડોશીમાની પાછળ પાછળ ગઈ. ડોશીમા ઘરમાં ગયાં, બાજોઠ ઉપર બેઠાં અને પછી બોલ્યા · “ જા, આજે છાશ નથી.”

બિચારી પાડોસણ તો જોઈ જ રહી; બોલી “ એ તો તમારી વહુએ પહેલાં જ કહી દીધું હતું નકામી મને અહીં સુધી શા માટે પાછી બોલાવી ? ”

સાસુ બોલી : “ હા કહેવાનો કે ના કહેવાનો વહુને શો અધિકાર છે ? ઘરની માલિક તો હું છું ! અહીં મારો હુકમ ચાલે છે. કોઈને હા કહેવી હશે તોપણ હું જ કહીશ, અને ના કહેવી હશે તોય હું જ કહીશ ! ”

[ ‘ શ્રી અમર ભારતી,’ ઓક્ટોબર, ૧૯૬૬ ]

૯૦

## પીઠ નહીં બતાવું

રાજકુમાર લલિતાદિત્ય એક મહાન છોકરો થઈ ગયો. એ બાર વર્ષનો હતો, ત્યારે એક વાર કાશ્મીર ઉપર હલ્લો થયો. સામનો કરવા માટે લશ્કર તો તૈયાર થઈ ગયું, પણ લશ્કરની દોરવણી કરવા માટે કોઈ સેનાપતિ ન હતો, એટલે લલિતાદિત્યને સેનાપતિ બનાવવામા આવ્યો.

જ્યારે એ ઘોડા ઉપર બેસીને રવાના થતો હતો, ત્યારે એનાં માતા, ભાઈ, બહેન વગેરેએ આવીને કહ્યું : "જરા આપણી પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખજે; હજુ બાળક છો, રખે હિંમત હારી જતો!"

સેનાએ કહ્યું · "અમે લડાઈ કરીશું, અને તમને શિક્ષણ મળશે."

આવી સ્થિતિ જોઈને રાજકુમારે વિચાર્યું : આ લોકો મને ડરપોક સમજે છે! એણે કહ્યું . "લલિતાદિત્ય યુદ્ધ ખેલવા જાય છે, નહીં કે ઊભો ઊભો તમાશો જોવા! તમે બધા નિશ્ચિંત રહેજો! લલિતાદિત્યની એક જ પ્રતિજ્ઞા છે: જ્યારે પણ દુશ્મનો જોશે, મારી છાતી જ જોશે, ક્યારેય પીઠ નહીં જુએ. બસ, આટલી જ વાત મારા હાથની છે. બાકી વિજય મળવો કે પરાજય મળવો એ ભાગ્યના હાથની વાત છે. લલિતાદિત્ય જય કે પરાજયને માટે નહીં પણ યુદ્ધ ખેલવા માટે જાય છે એ જ્યારે પણ ભાલા કે તલવારથી ઘાયલ થઈને પડશે, તો સામી છાતીએ પડશે, પણ ક્યારેક પીઠ ફેરવીને ભાગી નહીં છૂટે."

[ જીવન-દર્શન, પૃ. ૧૫૫ ]

## ૯૧

# પઠાણોનું આતિથ્ય

સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાનને એક સજ્જન દિલ્લીમાં સ્થાનકમાં લઈ આવ્યા. એ વખતે અતિથિ-સેવાની વાત ચાલતી હતી. ભારતીય સંસ્કૃતિમાં અતિથિ-સેવાનું કેટલું મહત્ત્વ છે, એ હું કહી રહ્યો હતો.

એના અનુસંધાનમાં ખાન અબ્દુલ ગફારખાને પોતાના પ્રદેશની એક પરંપરા કહી સંભળાવી, અને કહ્યું : “ અમારે ત્યાં ગરીબી ઘણી છે; એટલી બધી ગરીબી કે અહીંના લોકો એની કલ્પના પણ ન કરી શકે. આવી બેહદ ગરીબી હોવા છતા એક પઠાણ પોતાને ત્યાં આવેલ મહેમાનની સેવા કરવાનું નહીં ચૂકે. કોઈ પઠાણને ત્યા જ્યારે કોઈ મહેમાન આવે તો એ એમને માટે એક ચાદર (દસ્તરખાન) બિછાવીને એના ઉપર જમવાની ચીજો મૂકી દે છે, પછી એના ઉપર એક ચોખ્ખું કપડું ઢાંકી દેવામા આવે છે. આવી બધી તૈયારી કર્યા પછી યજમાન મહેમાનને બોલાવી લાવે છે, અને જમવાની વિનતિ કરતાં કહે છે : મહેરબાની કરી આ ચાદર ઉપર જે સામગ્રી મૂકી છે એના તરફ ધ્યાન ન આપશો ખુદાની ખાતર મારા ચહેરા તરફ જોશો. એના કહેવાનો ભાવ એ છે કે આ ચાદર ઉપર કોઈ સુંદર સામગ્રી નથી મૂકી; એ તો એક સાધારણ ભોજન છે. પણ મારા ચહેરા તરફ જોશો, કે હું કેવાં પ્રેમ, શ્રદ્ધા અને આદર-પૂર્વક આપની સામે જમવાની સામગ્રી હાજર કરી રહ્યો છું.”

[ સમાજ ઔર સંસ્કૃતિ, પૃ. ૬૪ ]

૯૨

# પોતાની જ ઉપાસના

એક સાધકમિત્ર મળ્યા. વાત નીકળતાં એમણે પૂછ્યું : "કોની સાધના કરી રહ્યા છો ?"

મેં કહ્યું. "મારી પોતાની જ ઉપાસના કરી રહ્યો છું. પોતાને પામવા માટે જ સાધનાની ધૂણી જગાવી છે!"

સાધકે કહ્યું : "સાધના તો ભગવાનને મેળવવા માટે હોવી જોઈએ."

મેં એમને કહ્યું · "આપ કહો છો એ પણ સાચુ છે; પણ આપણાથી ભિન્ન એવા ભગવાન કોઈ બીજી વસ્તુ છે, એમ હું નથી માનતો. પોતાને પામવાનો અર્થ જ ભગવાનને પામવા, એવો થાય છે. જાગી ઊઠેલું ચૈતન્ય એ જ તો ભગવાન છે. ભગવાન મહાવીરના દર્શનની પરિભાષામા કહીએ તો अप्पा सो परमप्पा–આત્મા એ જ પરમાત્મા છે અને સત કબીરજીની ભાષામાં કહીએ તોપણ એ જ વાત છે·—

घट घट मेरा साइयां, सूनी सेज न कोय ।
वा घट की बलिहारियाँ, जा घट परगट होय ॥"

[ 'શ્રી અમર ભારતી', જુલાઈ–ઓગસ્ટ, ૧૯૬૮ ]

卐